CMYK

RNI NO GUJ/GUJ/2006/24237

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

RAJKOT
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમૂહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા ૭,મો માળ, પ્રમુખ સ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ ફોન (૦૨૮૧) ૨૨૪૧૨૩૪

● સંવત ૨૦૮૨ મહા સુદ -૧૦ બુધવાર, તા.૨૮-૦૧-૨૦૨૬ અંક : ૧૭૪ વર્ષ : ૨૧ email :rajkot@aaspassindia.com કિંમત રૂા. ૨-૫૦ પાના - ૮

# મહારાષ્ટ્રમાં પ્લેન દુર્ઘટનામાં અજિત પવાર સહિત પાંચના મોત

## મુંબઈના નાયબ મુખ્યમંત્રી અજિત પવારનું પ્લેન બારામતી એરપોર્ટ પર લેન્ડિંગ વખતે ક્રેશ થતા સર્જાઈ દુર્ઘટના : અજિત પવાર બારામતીમાં આયોજિત કાર્યક્રમમાં હાજરી આપવા માટે વહેલી સવારે નીકળ્યા હતા

મુંબઈ

મહારાષ્ટ્રના રાજકારણમાંથી અત્યંત આંચકાજનક અને દુઃખદ સમાચાર સામે આવી રહ્યા છે. રાજ્યના નાયબ મુખ્યમંત્રી અજિત પવારનું વિમાન સવારે પોણા નવ વાગ્યા આસપાસ લેન્ડિંગ દરમિયાન ક્રેશ થયું હતું. તેઓ એક મહત્વપૂર્ણ કાર્યક્રમ માટે રવાના થયેલા નેતા સાથે સર્જાયેલી આ હોનારતને પગલે પ્રશાસન અને રાજકીય આલમમાં ગમગીની છવાઈ ગઈ છે. ઘટનાને પગલે સુરક્ષા વ્યવસ્થા અને એવિએશન સેફ્ટી પર પણ સવાલો ઉઠી રહ્યા છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર આજે સવારે મુંબઈથી બારામતી જવા માટે રવાના થયેલું અજિત પવારનું ખાનગી ચાર્ટર્ડ પ્લેન જ્યારે બારામતી એરસ્ટ્રીપ પર ઉતરાણ કરી રહ્યું હતું, ત્યારે આ ભયાનક દુર્ઘટના ઘટી હતી. લેન્ડિંગ દરમિયાન પ્લેનમાં અચાનક ટેકનિકલ ખામી સર્જાઈ હતી અને પાયલટે વિમાન પરથી કાબૂ ગુમાવ્યો હતો.



પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, પ્લેન રનવે પાસે જોરદાર ધડાકા સાથે ક્રેશ થયું હતું. સૂત્રો દ્વારા મળતી વિગતો મુજબ, આ અકસ્માતમાં નાયબ મુખ્યમંત્રી અજિત પવાર સહિત પ્લેનમાં સવાર તમામ પાંચથી છ લોકોના મોત થયા છે.

આ કમનસીબ ઉડાનમાં અજિત પવારની સાથે તેમના અત્યંત વિશ્વાસુ અંગત સચિવ, બે અંગત સુરક્ષા ગાર્ડ અને પાયલટ સવાર હતા. જે સમયે અકસ્માત થયો ત્યારે આસપાસનો આખો વિસ્તાર ધ્રૂજી ઉઠ્યો હતો. ફાયર બ્રિગેડ અને પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો, પરંતુ પ્લેન ક્રેશ એટલું ગંભીર હતું કે બચાવ કામગીરીમાં ભારે મુશ્કેલી પડી હતી. સૂત્રોનું કહેવું છે કે ગંભીર રીતે ઘાયલ થયા બાદ અજિત પવારે અંતિમ શ્વાસ લીધા હતા, જોકે હજુ પણ સત્તાવાર પુષ્ટિની રાહ જોવાઈ રહી છે.અજિત પવાર આજે સવારે ૮:૪૮ વાગ્યે મુંબઈથી પોતાના મતવિસ્તાર બારામતીમાં ખેડૂત સંમેલન અને વિવિધ વિકાસ કાર્યોના લોકાર્પણ માટે નીકળ્યા હતા. ત્યાં હજારો સમર્થકો તેમના સ્વાગત માટે આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા, પરંતુ આ દુઃખદ સમાચાર મળતા જ તમામ કાર્યક્રમો તાત્કાલિક અસરથી રદ કરવામાં આવ્યા છે. હાલમાં એવિએશન સેફ્ટીની ટીમ તપાસ કરી રહી છે કે શું આ દુર્ઘટના એન્જિનની ખામીને કારણે થઈ હતી કે પછી કોઈ અન્ય સુરક્ષા ચૂક રહી ગઈ હતી.

# નાસાનું વિમાન દુર્ઘટનાગ્રસ્ત બનતા બચ્યું વિમાનનું બેલી લેન્ડિંગ કરવામાં આવ્યું

## ટેકનિકલ ખામીના કારણે વિમાનના લેન્ડિંગ ગિયર ન ખુલતા પાયલટને જોખમી ઉતરાણ કરવું પડયું

વોશિંગ્ટન

અમેરિકન સ્પેસ એજન્સી નાસાનું એક અત્યંત મહત્વનું રિસર્ચ વિમાન મોટી દુર્ઘટનાનો શિકાર બનતા સહેજમાં બચ્યું હતું. ટેકનિકલ ખામીને કારણે વિમાનના લેન્ડિંગ ગિયર ખુલ્યા ન હતા. જેથી પાયલોટે રનવે પર જોખમી 'બેલી લેન્ડિંગ' કરવાની ફરજ પડી હતી.

મંગળવારે સવારે હ્યુસ્ટનના એલિંગ્ટન એરપોર્ટ પર નાસાનું ઉમ્-૫૭ રિસર્ચ વિમાન જ્યારે લેન્ડિંગ કરી રહ્યું હતું, ત્યારે તેનું લેન્ડિંગ ગિયર ખુલવામાં નિષ્ફળ ગયું હતું. લેન્ડિંગ ગિયર ન ખુલવાને કારણે પાયલોટે વિમાનને સીધુંજ રનવે પર ઉતાર્યું હતું. વિમાન રનવે પર ઘસડાતાની સાથે જ નીચેથી જ્વાળાઓ અને સફેદ ધુમાડાના ગોટેગોટા નીકળવા લાગ્યા હતા. જેનો વીડિયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.

નાસાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર આ અંગે માહિતી આપતા જણાવ્યું કે, અમારા ઉમ્-૫૭ વિમાનમાં યાંત્રિક ખામી સર્જાતા એલિંગ્ટન ફિલ્ડ પર 'ગિયર-અપ લેન્ડિંગ' કરવાની ફરજ પડી હતી. તમામ ક્રૂ સભ્યો સુરક્ષિત છે અને નાસા આ ખામીના કારણોની ઊંડાણપૂર્વક તપાસ કરશે.

ઉલ્લેખનીય છે કે, ઉમ્-૫૭ વિમાન ૬૩,૦૦૦ ફૂટ એટલે કે આશરે ૧૯.૨ કિમીની ઉંચાઈ સુધી ઉડી શકે છે, જ્યાં સામાન્ય વિમાનો પહોંચી શકતા નથી. ૧૯૭૦ના દાયકાથી આ વિમાન વૈજ્ઞાનિક સંશોધનો માટે વપરાય છે. તે સતત સાડા છ કલાક સુધી હવામાં રહી શકે છે. નાસાના જોહ્ન?સન સ્પેસ સેન્ટર પાસે આવા ત્રણ વિમાનો તૈનાત છે.

# ભારતના આઠ રાજ્યોમાં વરસાદ પડવાની સાથે ઠંડીમાં તીવ્ર વધારો થવાની આગાહી

## પહાડી વિસ્તારોમાં હિમવર્ષાની મેદાની રાજ્યોમાં અસર : ગુજરાતમાં પણ શીતલહેરની અસર થશે

અમદાવાદ

ઉત્તર ભારતના પહાડી વિસ્તારોમાં થઈ રહેલી હિમવર્ષાની અસર હવે મેદાની પ્રદેશોમાં જોવા મળી રહી છે. શિયાળાના અંતિમ તબક્કામાં કુદરત જાણે રૌદ્ર સ્વરૂપ ધારણ કરવાની હોય તેમ વરસાદ અને તેજ પવનના કારણે જનજીવન પ્રભાવિત થવાની શક્યતા છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર દેશના અનેક રાજ્યોમાં વાતાવરણમાં બદલાવાની અસર જોવા મળી શકે છે.

ભારતીય હવામાન વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલી આગાહી મુજબ દેશના આઠ રાજ્યોમાં અચાનક વાતાવરણ પલટાશે. ઉત્તર પ્રદેશ, બિહાર, હરિયાણા અને મધ્ય પ્રદેશ જેવા રાજ્યોમાં વાવાઝોડા સાથે ભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે. પહાડી રાજ્ય ઉત્તરાખંડમાં તો પવનની ગતિ ૬૦ કિમી પ્રતિ કલાક સુધી પહોંચી શકે છે, જેની સાથે કરા પડવાની પણ સંભાવના છે. આ બદલાવને કારણે દૈનિક પ્રવૃત્તિઓ અને વાહનવ્યવહાર પર માઠી અસર પડી શકે છે.

સમગ્ર દેશમાં થઈ રહેલા આ ફેરફારની અસર ગુજરાતના હવામાન પર પણ જોવા મળશે. વેધર મેપ મુજબ, આગામી ૨૪ કલાકમાં રાજ્યના લઘુત્તમ તાપમાનમાં ૩ઞ થી ૫ઞ નો નોંધપાત્ર ઘટાડો થઈ શકે છે, જેના કારણે રાત્રિના સમયે ઠંડીનું જોર વધશે. જોકે, આ ઘટાડો ટૂંકા ગાળાનો રહેશે અને ત્યારબાદ ત્રણ દિવસમાં તાપમાનમાં ધીમે-ધીમે ૨ઞ થી ૪ઞ નો વધારો થતાં ઠંડીમાં થોડી રાહત મળવાની પણ શક્યતા છે.

હવામાન વિભાગે માત્ર વરસાદ જ નહી, પણ વીજળી પડવા અને કરા પડવાની પણ આશંકા વ્યક્ત કરી છે. ખાસ કરીને સિક્કિમ અને ઉત્તરાખંડના ઊંચાઈવાળા ભાગોમાં હિમવર્ષા ચાલુ રહેતા મેદાની વિસ્તારોમાં શીત લહેર જેવી સ્થિતિ સર્જાશે. મહારાષ્ટ્ર અને છત્તીસગઢમાં પણ ભારે પવન સાથે હળવો વરસાદ પડવાની આગાહી છે. આ આકસ્મિક મોસમી ફેરફારને કારણે ખેતીના પાકને પણ નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે, જેને પગલે સાવચેતી રાખવા સૂચન કરવામાં આવ્યું છે.

# વેપાર, ટેકનોલોજી અને દુર્લભ ખનીજનો હથિયાર તરીકે થતો ઉપયોગ વૈશ્વિક સ્થિરતા માટે મોટો પડકાર

## ભારત અને યુરોપ વચ્ચે મુક્ત વેપાર કરાર થયા બાદ પ્રધાનમંત્રી મોદીએ ટ્રમ્પ પર નિશાન સાધ્યું

નવી દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને યુરોપિયન કમિશનના અધ્યક્ષ ઉર્સુલા વોન ડેર લેયેને ભારત અને યુરોપિયન યુનિયન વચ્ચેના ઐતિહાસિક ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ બાદ ભારત મંડપમ ખાતે બિઝનેસ ફોરમને સંબોધિત કરી હતી. આ દરમિયાન પીએમ મોદીએ કોઈનું નામ લીધા વિના અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની વેપાર નીતિઓ પર આકરા પ્રહાર કર્યા હતા. તેમણે ચિંતા વ્યક્ત કરી હતી કે વર્તમાન વિશ્વમાં વેપાર, ટેકનોલોજી અને દુર્લભ ખનીજોને હથિયાર તરીકે વાપરવામાં આવી રહ્યા છે, જે વૈશ્વિક સ્થિરતા માટે પડકારરૂપ છે.


પીએમ મોદીએ ભારત અને યુરોપિયન યુનિયન વચ્ચેના મુક્ત વ્યાપાર કરારને નવા યુગનો શંખનાદ ગણાવતા કહ્યું કે, આ સમજૂતીથી કાપડ, રત્ન-ઝવેરાત, ઓટો પાર્ટ્સ અને એન્જિનિયરિંગ ઉત્પાદનોને યુરોપના બજારમાં સરળતાથી પ્રવેશ મળશે. આ ઉપરાંત, આઈટી, શિક્ષણ અને પરંપરાગત દવાઓ જેવા ક્ષેત્રોમાં પણ નવી તકો ખુલશે, જેનો સીધો લાભ ભારતના ખેડૂતો, માછીમારો અને વ્યાપારી સમુદાયને મળશે. તેમણે નોંધ્યું હતું કે છેલ્લા ૧૦ વર્ષમાં બંને પક્ષો વચ્ચેનો વેપાર બમણો થઈને ૧૮૦ બિલિયન યુરો સુધી પહોંચ્યો છે.

વૈશ્વિક બજારમાં ચાલી રહેલી ઉથલપાથલ અને ટ્રમ્પની ટેરિફ નીતિઓના સંદર્ભમાં પીએમ મોદીએ બિઝનેસ લીડર્સને આહવાન કર્યું હતું કે આપણે સાથે મળીને ઈલેક્ટ્રિક વાહનો, બેટરી અને ચિપ્સ જેવા ક્ષેત્રોમાં અન્ય પરની નિર્ભરતા ઘટાડવી જોઈએ. તેમણે ગ્રીન હાઈડ્રોજન, સોલર એનર્જી અને સર્ક્યુલર ઈકોનોમી જેવા ક્ષેત્રોમાં સંયુક્ત રોકાણ અને સંશોધન વધારવા પર ભાર મૂક્યો હતો. પીએમ મોદીએ સ્પષ્ટ કર્યું કે આ એફટીએ એક વિશ્વસનીય અને વૈકલ્પિક સપ્લાય ચેઈન બનાવવા માટેનો ખુલ્લો સંવાદ છે.

આ કરાર ભારત અને યુરોપિયન યુનિયનના સંબંધોને સમાજની ભાગીદારીમાં બદલવાની દિશામાં એક મોટું પગલું છે. ભારત અને યુરોપિયન યુનિયન વિશ્વની સૌથી પ્રભાવશાળી ભાગીદારી સ્થાપિત કરી રહ્યા છે, જે એક સક્ષમ અને ભવિષ્ય-ઉન્મુખ સાંકળનું નિર્માણ કરશે.

# ચારધામ દેવસ્થાનમાં હિન્દુઓ ઉપરાંત શીખ,જૈન અને બૌદ્ધ અનુયાયીઓ પણ દર્શન કરી શકશે

## બિનહિંદુઓ માટે દર્શનના નિર્ણયનો હેતુ ધામોની સદીઓ જૂની શ્રદ્ધા, શિસ્ત અને શુદ્ધતા જાળવી રાખવાનો : મંદિર સમિતિ



નવી દિલ્હી

ઉત્તરાખંડના પવિત્ર ચારધામ મંદિર બદ્રીનાથ, કેદારનાથ, ગંગોત્રી અને યમનોત્રીમાં પ્રવેશને લઈને ચાલી રહેલા વિવાદ વચ્ચે મંદિર સમિતિઓએ સ્થિતિ સ્પષ્ટ કરી છે.

ગંગોત્રી મંદિર સમિતિ અને બદ્રી-કેદાર મંદિર સમિતિએ જણાવ્યું છે કે ધામોમાં હિન્દુઓ ઉપરાંત શીખ, જૈન અને બૌદ્ધ ધર્મના અનુયાયીઓને જ પ્રવેશ આપવામાં આવશે. આ નિર્ણયનો હેતુ ધામોની સદીઓ જૂની શ્રદ્ધા, શિસ્ત અને શુદ્ધતા જાળવી રાખવાનો છે.

મ્દ્ભઝના પ્રમુખ હેમંત દ્વિવેદીએ બંધારણીય જોગવાઈઓનો હવાલો આપતા જણાવ્યું હતું કે, 'ભારતીય બંધારણના અનુચ્છેદ ૨૫ મુજબ શીખ, જૈન અને બૌદ્ધ ધર્મના લોકો સનાતન પરંપરાનો જ અભિન્ન ભાગ છે, તેથી તેમને પ્રવેશમાં કોઈ અવરોધ રહેશે નહીં. અનુચ્છેદ ૨૬માં ધાર્મિક સંસ્થાઓને તેમની પરંપરાઓ અને પૂજા પદ્ધતિઓનું રક્ષણ કરવાનો અધિકાર આપે છે. દ્વિવેદીએ સ્પષ્ટ કર્યું કે બદ્રીનાથ અને કેદારનાથ કોઈ પિકનિક સ્પોટ નથી પરંતુ સર્વોચ્ચ આધ્યાત્મિક કેન્દ્રો છે, જેની મર્યાદા જળવાવી અનિવાર્ય છે.'

ચોંકાવનારી બાબત એ છે કે ઉત્તરાખંડ વક્ફ બોર્ડના અધ્યક્ષ શાદાબ શમ્સે પણ આ નિર્ણયને યોગ્ય ઠેરવ્યો છે. તેમણે કહ્યું કે, 'જેમને દેવી-દેવતાઓમાં શ્રદ્ધા નથી તેમને ચારધામ મંદિરોમાં રહેવાનો કોઈ અધિકાર નથી.' ગંગોત્રી મંદિર સમિતિના પ્રમુખ સુરેશ સેમવાલે પણ ઉમેર્યું કે 'જેમને હિન્દુ ધર્મમાં શ્રદ્ધા અને આદર છે તેઓ દર્શન કરી શકે છે.'

વહીવટી તંત્રનું કહેવું છે કે ઉત્તરાખંડમાં પર્યટન માટે હજારો સ્થળો ખુલ્લા છે, પરંતુ ચારધામોની મૂળ ધાર્મિક ઓળખ અને શુદ્ધતા સાથે સમાધાન કરી શકાય નહીં. વિદેશીઓ કે અશ્રદ્ધાળુઓનો પ્રવેશ અહીં ક્યારેય સ્વીકાર્ય રહ્યો નથી. જે લોકો સનાતન પરંપરામાં વિશ્વાસ ધરાવે છે તેઓ પોતાની શ્રદ્ધા મુજબ દર્શન કરી શકશે.

# સોનામાં ૫૦૦૦ અને ચાંદીમાં ૨૧૦૦૦ નો વિક્રમી ઉછાળો

## બજાર ખુલતાની સાથે વાયદામાં સોના અને ચાંદીના ભાવમાં મોટો ઉછાળો : સોનુ ૧.૭૧ લાખ અને ચાંદીનો ભાવ ૩.૭૭ લાખને પાર

મુંબઈ

વૈશ્વિક બજારમાં સર્જાયેલી અસ્થિરતા અને વધતી જતી માગને કારણે કિંમતી ધાતુઓના ભાવમાં આજે અત્યાર સુધીનો સૌથી મોટો અને ઐતિહાસિક ઉછાળો જોવા મળ્યો છે.આજ રોજ સોનું અને ચાંદી બંનેએ પોતપોતાની નવી સર્વોચ્ચ સપાટીસર કરી છે. ભારતીય બજારમાં સોનાના ભાવમાં પ્રતિ ૧૦ ગ્રામ ૫૦૦૦ થી વધુનો વધારો થયો છે, જ્યારે ચાંદીમાં પ્રતિ કિલોગ્રામ ૨૧૦૦૦ થી વધુનો તોતિંગ ઉછાળો નોંધાયો છે.

ભારતીય કોમોડિટી માર્કેટ પર સોનાનો વાયદો ૧૭૧૪૮૯ના ભાવે ખૂલ્યો હતો. જે અગાઉના ૧,૬૭૯૨૧ના બંધ ભાવની સરખામણીએ સોનામાં આશરે ૫૦૦૦ જેટલો પ્રચંડ વધારો દર્શાવે છે. કારોબાર દરમિયાન સોનું ૧૭૨૯૪૯ ની સર્વોચ્ચ સપાટીએ પહોંચ્યું હતું. આંતરરાષ્ટ્રીય બજારમાં પણ સોનાએ મનોવૈજ્ઞાનિક સ્તર પાર કરતા પ્રતિ ઔંસ ઈ૫૦૬૩.૮૨ ના ભાવે ટ્રેડિંગ કરી રહ્યું છે.

બીજી તરફ, ચાંદીમા તેજી જોવા મળી છે. ચાંદી ૩૬૪૮૨૧ ના સ્તરે ખૂલીને જોતજોતામાં ૩૭૭૬૫૫ ના હાઈ લેવલ પર પહોંચી ગઈ હતી. અગાઉના ૩૫૬૨૭૯ ના બંધ ભાવ સામે અત્યારે ચાંદી ૩૭૬૯૨૨ પર ટ્રેડ થઈ રહી છે, જે ૫.૭૯% નો સીધો ઉછાળો દર્શાવે છે. વૈશ્વિક બજારમાં ચાંદી ૧૦૭.૬૧ ડોલરના સ્તરે પહોંચી છે, જે તેની અત્યાર સુધીની સૌથી ઊંચી કિંમત છે.બજારના નિષ્ણાતોના મતે, આંતરરાષ્ટ્રીય સ્તરે ચાલી રહેલા ભૌગોલિક તણાવ અને ડોલરના મૂલ્યમાં ફેરફારને કારણે રોકાણકારો સુરક્ષિત રોકાણ તરીકે સોના-ચાંદી તરફ વળ્યા છે. એક જ દિવસમાં સોનામાં ૫૦૦૦ અને ચાંદીમાં ૨૧૦૦૦ થી વધુનો આ ઉછાળો ઈતિહાસમાં વિરલ માનવામાં આવે છે.

# સંસદના બજેટ સત્રનો આજથી પ્રારંભ રવિવારે નાણામંત્રી રજૂ કરશે કેન્દ્રીય બજેટ

## બજેટ સત્રમાં મનરેગા યોજનાના નામમાં બદલાવ અંગે ચર્ચા નહીં થાય, એસઆઈઆર સહિતના મુદ્દાઓ મુખ્ય રહેશે

નવી દિલ્હી

સંસદનું બજેટ સત્ર આજથી શરૂ થઈ રહ્યું છે, જે આગામી સમયમાં ભારતીય રાજનીતિ અને અર્થતંત્ર માટે અત્યંત મહત્વનું સાબિત થશે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના સંયુક્ત અભિભાષણ સાથે આ સત્રના પ્રથમ તબક્કાનો પ્રારંભ થશે.

સંસદનું બજેટ સત્ર બે તબક્કામાં ચાલશે. પ્રથમ તબક્કો આજથી શરૂ થઈને ૧૩ ફેબ્રુઆરી સુધી ચાલશે, જ્યારે બીજો તબક્કો ૯ માર્ચથી ૨ એપ્રિલ સુધી ચાલશે. ઈતિહાસમાં પ્રથમવાર ૧લી ફેબ્રુઆરીએ રવિવાર હોવા છતાં નાણામંત્રી નિર્મલા સીતારમણ કેન્દ્રીય બજેટ રજૂ કરશે.સત્રની શરૂઆત પહેલા થયેલી સર્વદળીય બેઠકમાં સરકારે વિપક્ષની મહત્વની માંગણીઓ ફગાવી દીધી છે. વિપક્ષ 'વીબી-જીરામજી' કાયદા પર ચર્ચા ઈચ્છતો હતો. આ કાયદો મનરેગાની જગ્યા લઈ રહ્યો છે અને ગ્રામીણ પરિવારોને ૧૦૦ ને બદલે ૧૨૫ દિવસની રોજગારીની ગેરંટી આપે છે. સરકારે સ્પષ્ટ કર્યું છે કે આ કાયદો શિયાળુ સત્રમાં પસાર થઈ ગયો છે અને હવે તે અમલી છે, તેથી તેના પર ફરી ચર્ચા થઈ શકે નહીં.




CMYK

# ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં ૩ વર્ષમાં અકસ્માતથી ૬૪૦ લોકોનાં મોત

## જાન્યુઆરી મહિનામાં જ ૨૦ લોકો માર્ગ અકસ્માતમાં જીવ ગુમાવી ચૂક્યા છે

ગાંધીનગર,

ગુજરાતનું પાટનગર ગાંધીનગર વિકાસ અને હરિયાળી માટે ઓળખાય છે, પરંતુ હવે અકસ્માતોને કારણે આ જ શહેરના માર્ગો વાહનચાલકો માટે 'ડેથ ટ્રેપ' સાબિત થઈ રહ્યા છે. કરોડો રૂપિયાના ખર્ચે બનેલા રસ્તાઓ છતાં માર્ગ અકસ્માતો કાબૂમાં આવતા નથી અને નિર્દોષ માનવ જિંદગીઓ રોજિંદા રીતે હોમાઈ રહી છે.

ગાંધીનગર જિલ્લા પોલીસ અને ટ્રાફિક વિભાગના આંકડાઓ મુજબ છેલ્લા ત્રણ વર્ષમાં જિલ્લામાં કુલ ૨૨૦૧ માર્ગ અકસ્માતો થયા છે, જેમાં ૬૪૦ લોકોએ જીવ ગુમાવ્યો છે.૨૦૨૩: ૭૮૮ અકસ્માત, ૨૧૧ મોત,૨૦૨૪: ૭૬૮ અકસ્માત, ૨૧૫ મોત,૨૦૨૫: ૬૪૫ અકસ્માત, ૨૧૪ મોત

અકસ્માતોની સંખ્યામાં થોડી ઘટારૂપતા જોવા મળે છે, પરંતુ મૃત્યુઆંકમાં કોઈ ખાસ ઘટાડો થયો નથી, જે ગંભીર ચિંતાનો વિષય છે.

ચોંકાવનારી બાબત એ છે કે ૨૦૨૬ના માત્ર જાન્યુઆરી મહિનામાં જ ૨૦ લોકો માર્ગ અકસ્માતમાં જીવ ગુમાવી ચૂક્યા છે. તાજેતરમાં ભાજપના પૂર્વ સંગઠન મહામંત્રીના યુવાન પુત્રનું લક્ઝરી કાર અને બસ વચ્ચે થયેલા અકસ્માતમાં મોત થયું હતું, જેણે સમગ્ર રાજ્યનું ધ્યાન ખેંચ્યું છે.

અકસ્માતોના વિશ્લેષણમાં સામે આવ્યું છે કે ૭૦ ટકા કરતાં વધુ અકસ્માતોમાં ઓવર સ્પીડિંગ જવાબદાર છે. વહેલી સવારે અને મોડી રાત્રે રસ્તા ખાલી હોવાના કારણે વાહનો બેફામ ગતિએ દોડે છે.ઘણા વિસ્તારોમાં સીસીટીવી કેમેરાના અભાવને કારણે 'હિટ એન્ડ રન'ના કિસ્સાઓ વધી રહ્યા છે, અને આરોપી ચાલકો ભાગી છૂટવામાં સફળ થાય છે. આંકડાઓ મુજબ ગાંધીનગરના કુલ માર્ગ અકસ્માતોમાં ૪૬ ટકા કેસોમાં ટુ-વ્હીલર સવારો ભોગ બનેલા છે, જે દર્શાવે છે કે ટુ વિહેલરના ચાલકો સૌથી વધુ જોખમમાં છે. ટ્રાફિક નિયમોનું પાલન કરાવવા માટે સમયાંતરે ડ્રાઈવ ચલાવવામાં આવે છે, સ્પીડ લિમિટ નક્કી થાય છે અને દબાણો દૂર કરાય છે.

# વિકાસ અને પર્યાવરણ બંનેએ સાથે ચાલવું જરૂરી : સુપ્રીમ કોર્ટ

## હાંસોલ ગામ નજીક વિકાસ પરિયોજનાના બીજા તબક્કા માટે મોટા પાયે થઈ રહેલા વૃક્ષોની કાપણી મામલે સુપ્રીમ કોર્ટે હસ્તક્ષેપ કરવાનો ઈનકાર કર્યો

અમદાવાદ,

અમદાવાદના હાંસોલ ગામ નજીક વિકાસ પરિયોજનાના બીજા તબક્કા માટે મોટા પાયે થઈ રહેલા વૃક્ષોની કાપણી મામલે સુપ્રીમ કોર્ટે હસ્તક્ષેપ કરવાનો ઈનકાર કરી દીધો હતો. વિકાસ કાર્યો માટે વૃક્ષો કાપવા પર રોક લગાવવાની માંગ કરતી અરજીને ફગાવી દેતા કોર્ટે આ પ્રક્રિયાને લીલી ઝંડી આપી દીધી છે. સુપ્રીમ કોર્ટે પોતાના મહત્વના અવલોકનમાં જણાવ્યું હતું કે વિકાસ અને પર્યાવરણ બંનેએ સાથે ચાલવું પડશે. કોર્ટે એમ પણ ઉમેર્યું કે કાપવામાં આવેલા વૃક્ષો જંગલી પ્રકારના હતા, જેમને ફરીથી ઉગાડવા માટે ખૂબ મોટા પ્રયાસોની જરૂર નહીં પડે.

આ અરજી હાંસોલ ગામના એક સ્થાનિક રહેવાસી દ્વારા દાખલ કરવામાં આવી હતી, જેમાં દાવો કરાયો હતો કે આ પ્રોજેક્ટ માટે લગભગ ૪,૦૦૦ જેટલા જૂના અને પરિપક્વ વૃક્ષો કાપી નાખવામાં આવ્યા છે. અરજીમાં એવી દલીલ કરવામાં આવી હતી કે આ આખું જંગલ ૫૦-૬૦ વર્ષ પહેલાં તૈયાર કરવામાં આવ્યું હતું અને સત્તાવાળાઓએ વૃક્ષો કાપવા સિવાયનો કોઈ અન્ય વિકલ્પ શોધવાનો પ્રયાસ પણ કર્યો નથી. અરજદારે ચિંતા વ્યક્ત કરી હતી કે ૫૦-૬૦ વર્ષ જૂના વૃક્ષોનું સ્થાન નવું વાવેતર તાત્કાલિક લઈ શકે નહીં અને નિયમોનું પાલન કર્યા વિના આટલા મોટા પાયે કપાત કરવી અયોગ્ય છે.

જોકે, મુખ્ય ન્યાયાધીશની અધ્યક્ષતાવાળી બેન્ચે આ મામલાની ગંભીરતા અને વિકાસની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને વચગાળાની રોક લગાવવાની ના પાડી દીધી હતી. કોર્ટે સ્પષ્ટ કર્યું કે પરિયોજનાના અમલીકરણ માટે આ પગલું જરૂરી છે. આ નિર્ણય બાદ હવે હાંસોલ વિસ્તારમાં વિકાસ પરિયોજનાનો બીજો તબક્કો અવરોધ વિના આગળ વધી શકશે, પરંતુ પર્યાવરણ પ્રેમીઓમાં આ ચુકાદાને લઈને મિશ્ર પ્રતિસાદ જોવા મળી રહ્યો છે.

# નેપાળની જેલ તોડીને ભારત ભાગી આવેલો વોન્ટેડ આરોપી અમદાવાદમાંથી ઝડપાયો

## કેદી એકથી વધુ દેશમાં ગુનાખોરીમાં સંડોવાયેલો હોવાનું અનુમાન

અમદાવાદ

અમદાવાદ એસઓજી પોલીસે નેપાળની જેલ તોડીને ફરાર થઈ ગયા બાદ ભારતમાં લાંબા સમયથી રહેતા કુખ્યાત કેદીની ધરપકડ કરી હતી.ઝડપાયેલો આરોપી આંતરરાષ્ટ્રીય સ્તરે એક કરતાં વધુ દેશોમાં ગુનાખોરીમાં સંડોવાયેલો હોવાનું માનવામાં આવી રહ્યું છે.

અમદાવાદ એસઓજીને બાતમી મળી હતી કે નેપાળનો એક શખસ શહેરના ઠક્કરબાપાનગર વિસ્તારમાં પોતાની ઓળખ છુપાવીને રહી રહ્યો છે. આ બાતમીના આધારે પોલીસે તપાસ કરતા આ શખસ મળી આવ્યો હતો. તેની કડકાઈથી પૂછપરછ કરતાં સામે આવ્યું છે કે નેપાળમાં જ્યારે ચેહ ઢ આંદોલન ચાલી રહ્યું હતું, તે સમયે જેલ તોડીને ભાગેલો આ આરોપી પણ સામેલ હતો. જેલમાંથી ફરાર થયા બાદ તે નાસતો-ફરતો ભારત આવી પહોંચ્યો હતો.

પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે કે આ આરોપી અત્યંત રીઢો ગુનેગાર છે અને તેણે અન્ય દેશોમાં પણ ગુનાઓ આચર્યા છે. જોકે, અત્યાર સુધીની પૂછપરછમાં તેણે ગુજરાત કે ભારતમાં કોઈ ગુના આચર્યા હોવાનું સામે આવ્યું નથી. પોલીસ હાલ એ દિશામાં સઘન તપાસ કરી રહી છે કે તે કયા હેતુથી ભારત આવ્યો હતો, તેણે સરહદ ઓળંગીને ભારત પ્રવેશવામાં કોઈની મદદ લીધી હતી કે કેમ, અને તેનો મુખ્ય ઈરાદો શું હતો. આંતરરાષ્ટ્રીય ગુનેગાર હોવાથી આ ધરપકડ બાદ પોલીસને વધુ કેટલાક મોટા ઘટસ્ફોટ થવાની આશા છે.

# ઈફકોના અધ્યક્ષ દિલીપ સંઘાણીએ નવી દિલ્હી ખાતે કેન્દ્રીય આરોગ્ય, પરિવાર કલ્યાણ તેમજ ખાતર મંત્રી જે. પી. નડ્ડા સાથે શુભેચ્છા મુલાકાત કરી

**ખેડૂત હિતને પ્રાથમિકતા આપતાં જે. પી. નડ્ડાએ તાત્કાલિક નિર્ણય લઈ સંબંધિત વિભાગોને જરૂરી સૂચનાઓ આપી : દિલીપ સંઘાણી**





અમરેલી,

ઈફકોના માધ્યમથી દેશભરના ખેડૂતો સાથે સંકળાયેલા ખાતરોની ઉપલબ્ધતા, વિતરણ વ્યવસ્થા, ખર્ચ અને વ્યવહારુ સમસ્યાઓ કેન્દ્રીય મંત્રીના ધ્યાનમાં લાવવામાં આવી હતી. આ મુદ્દાઓ પર વિગતવાર સકારાત્મક ચર્ચા થઈ અને ઉકેલલક્ષી અભિગમ સાથે ઝડપી કાર્યવાહી કરવાનો વિશ્વાસ આપવામાં આવ્યો હતો.

આ મુલાકાત દરમિયાન ખેડૂતહિતોને સર્વોપરી રાખતાં જે. પી. નડ્ડાએ ખાતર ક્ષેત્ર સાથે સંકળાયેલા મુદ્દાઓ પર તાત્કાલિક નિર્ણયો લઈને સંબંધિત વિભાગોને સ્પષ્ટ અને અસરકારક સૂચનાઓ આપી હતી. આ નિર્ણય કેન્દ્ર સરકારની ખેડૂત-સમર્પિત નીતિ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ના "ખેડૂત પ્રથમ" સંકલ્પનું સશક્ત ઉદાહરણ છે તેમ મુલાકાતના અંતે દિલીપ સંઘાણીએ જણાવ્યું હતું.

ખેડૂત કલ્યાણ પ્રત્યે પ્રતિબદ્ધતા દર્શાવતા જે.પી. નડ્ડાની સંવેદનશીલતા, તત્પરતા અને નિર્ણાયક નેતૃત્વ પ્રશંસનીય છે. ભારતીય સહકારિતા આંદોલનની તરફથી ઈફકોના અધ્યક્ષ દિલીપ સંઘાણીએ ખેડૂતોના હિતમાં સતત સહયોગ, સ્પષ્ટ દિશા અને સકારાત્મક પહેલ માટે મંત્રી જે. પી. નડ્ડાનો હાર્દિક આભાર અને કૃતજ્ઞતા વ્યક્ત કર્યો. આ બેઠક માં ઈફકોના એમ.ડી. કે જે પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતાં.

# સુરત : કામરેજ ટોલ પ્લાઝા નજીક કારના સ્પેરપાર્ટસના ગોડાઉનમાં વિકરાળ આગ

## ગોડાઉનમાં રાખેલ ભંગાર ઉપરાંત ગોડાઉન બહાર રાખેલી ૧૫ જેટલી કાર પણ આગની લપેટામાં આવી ગઈ

સુરત,

સુરતના કામરેજ ટોલ પ્લાઝા પાસે નેશનલ હાઈવે પર આવેલા વાહનોના સ્પેરપાર્ટ્સના એક વિશાળ ભંગારના ગોડાઉનમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળી હતી. જોતજોતામાં આગના ગોટા આકાશમાં ઉંચે સુધી દેખાવા લાગ્યા હતા અને સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ છવાઈ ગયો હતો. રાત્રિનો સમય હોવાથી ગોડાઉનમાં કોઈ હાજર નહોતું, જેના કારણે મોટી જાનહાનિ ટળી છે.

આગ એટલી વિશાળ હતી કે તેણે ગોડાઉનની અંદર રહેલા વાહનોના પાર્ટ્સની સાથે બહારના ભાગમાં પાર્ક કરેલી ૧૫થી વધુ કારને પણ પોતાની લપેટમાં લઈ લીધી હતી. થોડા જ સમયમાં લાખો રૂપિયાની કિંમતની આ કારો બળી ને ખાખ થઈ ગઈ હતી. સ્થાનિકોના જણાવ્યા મુજબ, આગ લાગ્યા બાદ વારંવાર નાના બ્લાસ્ટ પણ સંભળાયા હતા, જે કદાચ વાહનોની ટાંકી કે ટાયરો ફાટવાને કારણે હોઈ શકે છે. આ દુર્ઘટનામાં ગોડાઉન માલિકને મોટું આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે.

ઘટનાની જાણ થતા જ કામરેજ, સુમિલોન અને આસપાસના વિસ્તારોમાંથી ફાયર ફાઈટરોની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. ફાયર બિગેડ દ્વારા પાણીનો સતત મારો ચલાવી ભારે મહેનત બાદ આગ પર અંકુશ મેળવી શકાયો હતો. બીજી તરફ, હાઈવે પર આગને કારણે ટ્રાફિક વ્યવસ્થા ન ખોરવાય તે માટે સુરત જિલ્લા ટ્રાફિક પોલીસે મોરચો સંભાળ્યો હતો અને વાહનોની અવરજવરને નિયંત્રિત કરી હતી. કલાકો સુધી ચાલેલા ઓપરેશન બાદ સ્થિતિ થાળે પડી હતી.

આ ભીષણ આગ પાછળનું સચોટ કારણ હજુ સુધી જાણી શકાયું નથી. પ્રાથમિક અનુમાન મુજબ શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોઈ શકે છે, પરંતુ પોલીસ અને એફએસએલની ટીમ દ્વારા ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરવામાં આવી છે. ગોડાઉનમાં ફાયર સેફ્ટીના સાધનો હતા કે નહીં તે દિશામાં પણ તંત્ર દ્વારા તપાસ કરવામાં આવશે. હાઈવે જેવા સંવેદનશીલ વિસ્તારમાં લાગેલી આ આગે સ્થાનિક ઉદ્યોગકારો અને રહેવાસીઓની સુરક્ષા સામે ફરી એકવાર ચિંતા જગાવી છે.

# ધ્રાંગધ્રાના ચુલી ગામ નજીક ૮૭ લાખનો દારૂ ભરેલ ટ્રક ઝડપાયો

## દારૂનો જથ્થો છુપાવવા માટે ટ્રકમાં ચોરખાનું બનાવ્યું હતું : એલસીબી પોલીસે એક કરોડ ઉપરાંતનો મુદ્દામાલ કબજે કર્યો

સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચે અમદાવાદ-કચ્છ હાઈવે પર ધ્રાંગધ્રા તાલુકાના ચુલી ગામ નજીક એક હોટલના કમ્પાઉન્ડમાં પાર્ક કરેલી ટ્રકમાંથી અંદાજે ૧.૦૭ કરોડ રૂપિયાથી વધુની કિંમતનો વિદેશી દારૂ અને ટ્રક સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

સુરેન્દ્રનગર એલસીબીપોલીસને મળેલી ચોક્કસ બાતમીના આધારે ચુલી ગામ પાસે આવેલી હોટલ પર દરોડો પાડવામાં આવ્યો હતો. ત્યાં શંકાસ્પદ હાલતમાં ઉભેલી ટ્રકની તપાસ કરતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી. બુટલેગરે પોલીસથી બચવા માટે ટ્રકમાં ચોરખાનું બનાવ્યું હતું. આ ગુપ્ત ખાનામાંથી પોલીસે ઈંગ્લીશ દારૂની કુલ ૨૫,૪૪૦ બોટલો કબજે કરી. જપ્ત કરાયેલા દારૂની કિંમત આશરે ૮૭.૫૬ લાખ રૂપિયા થાય છે. ટ્રક અને અન્ય સામાન મળી કુલ ૧.૦૭ કરોડ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરાયો છે. સુરેન્દ્રનગર એલસીબીએ આ મામલે ટ્રક ચાલક અને માલિક સામે ધ્રાંગધ્રા તાલુકા પોલીસ મથકે પ્રોહીબિશન એક્ટ હેઠળ ગુનો દાખલ કરાવ્યો છે. આ દારૂનો જથ્થો ક્યાંથી આવ્યો હતો અને ક્યાં પહોંચાડવાનો હતો, તે દિશામાં પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યાં છે.

# વડતાલના સેલ્સમેનનો મોબાઈલ અપડેટ કરી ગઠિયાએ રૂપિયા ટ્રાન્સફર કરી નાખ્યા

## અજાણ્યા શખ્સ વિરુદ્ધ રૂ.૯૮ હજારની છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ

નડિયાદ

વડતાલના સેલ્સમેનની નોકરી કરતા વ્યક્તિનો મોબાઈલ અપડેટ કરી કોઈ ગઠિયાએ રૂ.૯૮,૦૦૦ ઓનલાઈન ટ્રાન્સફર કરી છેતરપિંડી કરી હતી. આ બનાવ અંગે વડતાલ પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

નડિયાદ તાલુકાના વડતાલમાં હરેકૃષ્ણ નીલકંઠ સોસાયટીમાં રહેતા મુકેશભાઈ રમેશભાઈ રાવળ સેલ્સમેનની નોકરી કરે છે. તેઓ તા.૨૧ ના રોજ સેલ્સમેનની નોકરી પર હતા. ત્યારે તેઓ મોબાઈલ ફોનમાં બેટરી ચેક કરતા મોબાઈલ અપડેટ બતાવતો હતો. જેથી કંઈક અજુગતું થતું હોવાની શંકા જતા મોબાઈલમાંથી બેટરી કાઢી લીધી હતી. ત્યારબાદ બીજા દિવસે સવારે મોબાઈલમાં મેસેજ જોતા તેમના બેંક બરોડાના ખાતામાંથી રૂ.૯૮,૦૦૦ ઓનલાઈન ટ્રાન્સફર થઈ ગયા હતા. આમ કોઈ ગઠિયાએ મોબાઈલ અપડેટ કરી રૂ.૯૮,૦૦૦ની છેતરપિંડી કરી હતી. આ બનાવ અંગે મુકેશભાઈ રમેશભાઈ રાવળની ફરિયાદ આધારે વડતાલ પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

# ધોરણ-૧૨ સાયન્સની પ્રેકટિકલ પરીક્ષા ૫ ફેબ્રુઆરીથી યોજાશે

ગાંધીનગર,

રાજ્યના ૧૫ શહેરો અને જિલ્લાઓમાં આવેલા પોલીસ ટ્રેનિંગ સેન્ટર અને ગ્રાઉન્ડ પર શારીરિક કસોટી યોજાઈ રહી છે, જેમાં અમદાવાદ, ગાંધીનગર, રાજકોટ, જામનગર, મહેસાણા, વડોદરા, જુનાગઢ, ભુજ, હિમ્મતનગર (સાબરકાંઠા), બનાસકાંઠા, ગોધરા, નડિયાદ, ગોંડલ, વાવ અને સુરતનો સમાવેશ થાય છે. નાયબ પોલીસ મહાનિરીક્ષક અને પોલીસ અધિક્ષક કક્ષાના અધિકારીઓની સીધી દેખરેખ હેઠળ શારીરિક કસોટી લેવામાં આવી રહી છે. સમગ્ર પ્રક્રિયામાં પારદર્શિતા જળવાઈ રહે તે માટે બાયોમેટ્રિક સિસ્ટમ, ફોટોગ્રાફી અને RFID ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. સાથે જ તમામ કસોટી ઝઝૂફ કેમેરાની નજર હેઠળ યોજાઈ રહી છે. શારીરિક કસોટી બે તબક્કામાં લેવામાં આવે છે. પ્રથમ તબક્કામાં ઉમેદવારોની દોડની કસોટી લેવામાં આવે છે, જ્યારે દોડમાં પાસ થયેલા ઉમેદવારો માટે બીજા તબક્કામાં આરોગ્ય વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓની હાજરીમાં માપ કસોટી થાય છે. શારીરિક કસોટીમાં કોઈપણ પ્રકારની ગુણરાખવાની પદ્ધતિ લાગુ કરવામાં આવતી નથી. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ (GSEB) દ્વારા ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ(સાયન્સ)ની ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા-૨૦૨૬ની પ્રાયોગિક પરીક્ષાની તારીખ જાહેર કરવામાં આવી છે. બોર્ડના જાહેરનામા મુજબ પ્રાયોગિક પરીક્ષા ૫ ફેબ્રુઆરી, ૨૦૨૬થી શરૂ થશે. આ પરીક્ષા માટેની હોલ ટિકિટ ૨૭ જાન્યુઆરી, ૨૦૨૬થી બોર્ડની સત્તાવાર વેબસાઈટ sciprac.gsebht.in, gsebht.in અથવા gseb.org પરથી ડાઉનલોડ કરી શકાશે. બોર્ડે સ્પષ્ટતા કરી છે કે હોલ ટિકિટ સ્કૂલ દ્વારા સ્કૂલ ઈન્ડેક્સ નંબર અને નોંધાયેલા મોબાઈલ નંબર અથવા ઈમેઈલ IDના આધારે ડાઉનલોડ કરવાની રહેશે. હોલ ટિકિટની પ્રિન્ટ કૉપી પર પ્રિન્સિપાલની સહી અને સિક્કા સાથે વિદ્યાર્થીઓને પરીક્ષામાં હાજર રહેવાનું રહેશે. જો વિષય, માધ્યમ કે અન્ય વિગતોમાં કોઈ ભૂલ જણાય તો સમયમર્યાદામાં બોર્ડનો સંપર્ક કરવા સૂચના આપવામાં આવી છે.

# UGCના નવા નિયમો સામે સરદાર પટેલ સેવાદળનો વિરોધ

મહેસાણા,

યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન UGC દ્વારા જાન્યુઆરી ૨૦૨૬માં જાહેર કરવામાં આવેલા 'ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં સમાનતાનો પ્રચાર' નિયમો સામે સામાજિક સંગઠનોએ વાંધો ઉઠાવ્યો છે. શ્રી સરદાર પટેલ સેવાદળ દ્વારા આ મામલે ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને સંબોધીને એક આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે. જેમાં આ નવા નિયમોને બંધારણીય ભાવના વિરુદ્ધ ગણાવી તાત્કાલિક પાછા ખેંચવાની માંગણી કરવામાં આવી છે. સેવાદળ દ્વારા રજૂ કરવામાં આવેલા આવેદનપત્ર મુજબ, ૧૫ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ ગેઝેટમાં પ્રસિદ્ધ થયેલા આ નિયમો ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં જાતિ આધારિત ભેદભાવ રોકવાના હેતુથી બનાવવામાં આવ્યા છે. આ અંતર્ગત તમામ યુનિવર્સિટીઓમાં ૯૦ દિવસમાં 'સમાનતા સમિતિ'ની રચના કરવાની જોગવાઈ છે. જોકે, શ્રી સરદાર પટેલ સેવાદળ સંગઠનનો આરોપ છે કે, આ સૂચનામાં માત્ર અમુક ચોક્કસ વર્ગો SC, ST, OBC અને દિવ્યાંગના અધિકારો પર જ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.

# રાજ્યના ૧૪૫ નાયબ મામલતદાર અને ૨૦૭ મહેસૂલ તલાટીની બદલી

ગાંધીનગર

ગુજરાતના મહેસૂલ વિભાગમાં મોટા ફેરફાર કરવામાં આવ્યા છે. જેમાં ૨૦૭ મહેસૂલ તલાટી અને ૧૪૫ નાયબ મામલતદારની બદલી કરવામાં આવી છે.

મહેસૂલ વિભાગ મુજબ, રાજ્યના વિવિધ જિલ્લામાં ફરજ બજાવતા નાયબ મામલતદારોને સંબંધિત કલેકટરની અરજી આધીન બદલી કરવામાં આવી છે. તેમજ મહેસૂલ તલાટી વર્ગ-૩ના કર્મચારીની સ્વ-વિનંતી અને જિલ્લા ફેરબદલીની વિચારણ હેઠળ અલગ-અલગ જિલ્લામાં બદલીના હુકમ કરવામાં આવ્યા છે.

# કલોલના ટ્રાન્સપોર્ટર સાથે મુંબઈના એજન્ટોની ૪.૯૬ લાખની છેતરપિંડી

ગાંધીનગર,

કલોલ તાલુકાના છત્રાલમાં ટ્રાન્સપોર્ટનો વ્યવસાય કરતા એક વેપારીને વાહનોના વીમા અને ઓલ ઈન્ડિયા પરમિટ અપાવવાના નામે મુંબઈના બે ભેજાબાજ એજન્ટોએ અસલ જેવી જ દેખાતી નકલી પોલિસીઓ પધરાવી દઈ કુલ રૂ.૪,૯૬,૪૦૦ પડાવી લીધા હતા. આ સમગ્ર કૌભાંડનો પર્દાફાશ ત્યારે થયો જ્યારે ટ્રાન્સપોર્ટરની એક ગાડીને મહારાષ્ટ્રમાં અકસ્માત નડ્યો અને વીમા ક્લેમ વખતે પોલિસી બોગસ નીકળી હતી. આ અંગે કલોલ તાલુકા પોલીસ મથકે ગુનો નોંધવામાં આવ્યો છે. કલોલના છત્રાલમાં દિવ્યા ટ્રાન્સપોર્ટ સર્વિસ ચલાવતા યશવંતરામ યાદવ પાસે અશોક લેલેન્ડ અને આઈસર જેવી કુલ ૧૦ ગાડીઓ છે. વર્ષ ૨૦૧૬માં તેમનો સંપર્ક મુંબઈના ભીવંડી ખાતે ઓફિસ ધરાવતા શ્રીકાંત શંકર ગાજેગી સાથે થયો હતો. શ્રીકાંતે પોતે આરટીઓ અને વીમાના કામકાજનો એક્સપર્ટ હોવાનું જણાવી વિશ્વાસ જીત્યો હતો. શરૂઆતમાં બધું બરાબર ચાલ્યું હતું, પરંતુ છેલ્લા બે વર્ષમાં શ્રીકાંત અને તેના સાથીદાર શ્રીધરે મળીને ખતરનાક ખેલ ખેલ્યો હતો.

છેલ્લા બે વર્ષમાં શ્રીકાંત અને શ્રીધરે ટ્રાન્સપોર્ટરની પાંચ ગાડીઓના વીમા પ્રીમિયમ અને આરટીઓ ટેક્સના નામે કુલ રૂ.૪,૯૬,૪૦૦ ગૂગલ-પે અને ફોન-પે મારફતે મેળવી લીધા હતા.

# બેટરી ચોર ગેંગના બે સભ્ય ઝડપાયા, ત્રણ વોન્ટેડ

ગાંધીનગર,

ગાંધીનગરના વાવોલ ગોકુળપુરા અને ડભોડા વિસ્તારમાં છેલ્લા બે મહિનાથી સક્રિય થઈ ૧૭ જેટલા વાહનોમાંથી ૮૫ હજારની કિંમતની બેટરી ચોરીને અંજામ આપી ટ્રાન્સપોર્ટરોની ઊંઘ હરામ કરી દેનાર બેટરી ચોર ગેંગનો લોકલ ક્રાઈમ બ્રાન્ચે ગણતરીના કલાકોમાં પર્દાફાશ કરી પાંચ પૈકી બે આરોપીને ઝડપી લઈ સેક્ટર ૭ અને ડભોડા પોલીસના ચોપડે નોંધાયેલા ગુનાનો ભેદ ઉકેલી કાઢવામાં આવ્યો છે. ગાંધીનગરના વાવોલ ગોકુળપુરા અને ડભોડા વિસ્તારમાં વાહનચોર ગેંગે છેલ્લા બે મહિનાથી રીતસરનો આતંક મચાવ્યો હતો. ગાંધીનગરના સેક્ટર-૧૪ ગોકુળપુરા ખાતે રહેતા ટ્રાન્સપોર્ટર વિષ્ણુભાઈ ભરવાડ અને તેમના પરિવારની માલિકીની અંદાજે ૩૦ જેટલી ટ્રકો ગોકુળપુરા અને વાવોલ વિસ્તારમાં અલગ અલગ જગ્યાએ પાર્ક કરતા હોય છે. ગત ૧૧ નવેમ્બર, ૨૦૨૫થી ૧૪ જાન્યુઆરી, ૨૦૨૬ દરમ્યાન રાત્રિના સમયનો લાભ ઉઠાવી નિર્જન જગ્યાએ પાર્ક કરેલા ભારે વાહનોને ટાર્ગેટ બેટરી ચોર ગેંગ ૮૫ હજારની ૧૭ બેટરીઓ ચોરીને ફરાર થઈ ગઈ હતી. જોકે, આ બેટરી ચોર ગેંગને પકડવા માટે ટ્રાન્સપોર્ટરોએ પોતાની રીતે વોચ રાખી ચોરોને પકડવા પ્રયાસ કર્યો હતો, પરંતુ કોઈ સફળતા ન મળતા અને ચોરીની ઘટનાઓ અટકવાનું નામ ન લેતા આખરે મામલો પોલીસ સ્ટેશનના ચોપડે નોંધાયો હતો.

# જંગલેશ્વરમાં હવે ગમે ત્યારે ડિમોલીશન : દબાણકારોને સાત દિવસનું અલ્ટીમેટમ

## વર્ષોથી દબાણગ્રસ્ત અંદાજે રૂા.૪૦૦ કરોડની જમીન હવે ખુલ્લી કરાશે



રાજકોટ:રાજકોટ શહેરનાં સંવેદનશીલ ગણાતા જંગલેશ્વર વિસ્તારમાં આશરે ૩૯ વર્ષથી દબાણગ્રસ્ત થઇ ગયેલી રૂા.૪૦૦ કરોડથી વધુની કિંમતની ૧,૦૫,૮૦૦ ચો.મી. સરકારી જમીન ઉપર ગેરકાયદેસર ખડકાય ગયેલા રહેણાંક અને કોમર્શિયલ દબાણો ઉપર હવે ગમ્મે ત્યારે રેવન્યુ તંત્રનું બુલડોઝર ફરી વળવાનું છે.કારણ કે, જિલ્લા કલેક્ટર ડો. ઓમપ્રકાશની સુચના અનુસાર આજે સવારથી જ પૂર્વ મામલતદાર એન.પી. અજમેરા અને તેની ટીમો દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત હેઠળ જંગલેશ્વરમાં રૂબરૂ તમામ દબાણકર્તાઓને સ્વૈચ્છિક રીતે દબાણો દૂર કરવાની સાત દિવસની મુદતની આખરી કલમ-૨૦૨ની નોટીસો ફટકારવાનું શરુ કરી દીધું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં જ કલેક્ટરની સુચના અનુસાર મામલતદારે ૧૩૫૮ દબાણકર્તાઓને કલમ-૬૧ હેઠળની નોટીસો ફટાકીર સાંભળ્યા હતા અને આધાર-પુરાવા રજૂ કરવા જણાવેલ હતું.

છતાં એક પણ દબાણકર્તા આજ સુધીમાં અસલી દસ્તાવેજ કે અન્ય પૂરાવા રજૂ કરી શક્યા ન હતા આથી હવે આજથી આ ૧૩૫૮ દબાણો તોડી પાડવા માટે કાઉન્ટ-ડાઉન શરુ કરાયું છે.રાજકોટ શહેરમાં સરકારી જમીનો પર ખડકાયેલા દબાણો દૂર કરવા માટે જિલ્લા વહીવટી તંત્ર અને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સંયુક્ત રીતે ઈતિહાસની સૌથી મોટી મેગા ડિમોલિશન ડ્રાઈવની તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. તંત્ર દ્વારા મળતી વિગતો મુજબ, કરોડો રૂપિયાની કિંમત ધરાવતી આશરે ૧૫ લાખ ચોરસ મીટર સરકારી જમીન ખુલ્લી કરવા માટે આગામી દિવસોમાં મોટાપાયે કાર્યવાહી હાથ ધરાશે.

૭ દિવસમાં જમીન ખાલી કરવા આદેશ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કલમ ૬૧ મુજબ ૨૦૨ જેટલી નોટિસો ફટકારી દેવામાં આવી છે. તંત્રએ કડક શબ્દોમાં સૂચના આપી છે કે સરકારી જમીન પર જે દબાણો છે તે આગામી ૭ દિવસમાં સ્વેચ્છાએ ખાલી કરી દેવામાં આવે, અન્યથા તંત્ર દ્વારા દબાણ હટાવવાની કામગીરી કરવામાં આવશે. આ કાર્યવાહીમાં અંદાજે ૧૩૫૮ જેટલા મકાનો અને અન્ય દબાણોનો સફાયો બોલાવવામાં આવે તેવી શક્યતા છે.

બીજી તરફ, રાજકોટ મહાનગરપાલિકા એ પણ શહેરના અલગ-અલગ વિસ્તારોમાં ૧,૦૦૦થી વધુ દબાણો આઈડેન્ટીફાઈ કર્યા છે અને તેમને નોટિસ આપવાની તજવીજ શરૂ કરી દીધી છે.

આમ, કુલ મળીને ૧.૮૫ લાખ ચોરસ મીટર જેટલી વિશાળ અને બજાર કિંમતની દ્રષ્ટિએ કરોડો રૂપિયાની જમીન પર ગેરકાયદેસર દબાણ હોવાનું ચોપડે નોંધાયું છે. આગામી દિવસોમાં આ વિસ્તારમાં તંત્રના બુલડોઝર ગરજે તેવી પ્રબળ શક્યતાઓ સેવાઈ રહી છે.દરમ્યાન ઉપરોક્ત કાર્યવાહી બાબતે રાજકોટ શહેર (પૂર્વ) મામલતદાર એન.પી. અજમેરાનો સંપર્ક સાધતા તેઓએ જણાવેલ હતું કે, જંગલેશ્વર દબાણ મુદ્દે તાજેતરમાં અરજદારો દ્વારા કોર્ટમાં ત્રણ કેવિએટ દાખલ કરાઇ હતી જે પૈકી બે કેવિએટ નીકળી ગઇ છે અને હજુ એક પેન્ડીંગ છે. જો કે તંત્રએ પણ અગાઉથી જ હાઈકોર્ટમાં કેવિએટ દાખલ કરી છે.

આજરોજ તંત્રએ પાઠવેલી આખરી નોટીસમાં જણાવાયું છે કે, મામલતદાર, રાજકોટ શહેર (પૂર્વ) સને ૧૮૭૯ના મુંબઈના મહેસુલના કાયદાની કલમ-૨૦૨માં ઠરાવ્યા પ્રમાણે તેઓને આ નોટીસ આપું છું કે, આ નોટીસ મળ્યાથી દિન-૭માં સદરહું જમીન છોડી દેવા અન્યથા આપને આ જમીન પરથી ખસેડવામાં આવશે જેની તમામ જવાબદારી આપની રહેશે અને જંગલેશ્વરની સરકારી જમીનમાં થયેલા દબાણો તદન ગેરકાયદેસર સાબિત થયા છે.

# આમાં સીટી બસ સેવા કયાંથી સંતોષ આપે? અડધા ડ્રાઈવરો છુટા થઈ ગયા

## વધુ એક વખત ડ્રાઈવરો મનપાએ દોડી આવ્યા : મેનેજર સામે દાદાગીરીની ફરિયાદ

રાજકોટ:રાજકોટ મનપા હેઠળની સીટી બસ કંપનીના ડેપો મેનેજર સામે ડ્રાઈવરોએ આજે ફરી મ્યુનિ. કમિશ્નર અને મેયરને રજુઆત કરી હતી. અનેક ડ્રાઈવરોને છુટા કરીને ધમકીઓ અપાતી હોવાનો આક્ષેપ કરાયો છે.



રજુઆતમાં ડ્રાઈવરોએ જણાવ્યું હતું કે, વર્ષોથી તેઓ ફરજ બજાવે છે પરંતુ ડેપો મેનેજર હેરાન કરે છે. ખોટી રીતે ૨૦ ડ્રાઈવરોને સસ્પેન્ડ કરાયા છે અને તેમને કોઈ હુકમ પણ મળ્યા નથી. બોનસ સહિતનો લાભ અપાતો નથી.

કેન્ટીનમાં ઘરના કાયદા લાગુ કરવામાં આવ્યા છે. ડેપોમાં બાથરૂમ સહિતની સુવિધા બંધ કરી દેવામાં આવી છે. એક ડ્રાઈવરને પગાર નહીં આપીને જવાબ પણ અપાતા નથી. આ અંગે અગાઉ પણ મેયર અને કમિશ્નરને રજુઆત કરવામાં આવી છે.ડ્રાઈવરોએ એવો આક્ષેપ કર્યો હતો કે અડધાથી વધુ ડ્રાઈવરો હવે કામ પર નથી. આથી બસો મેન્ટેનન્સના બહાને સીટી બસ ડેપોમાં રાખી દેવામાં આવે છે. આ રીતે પુરતી બસો પણ દોડતી નથી.

# રાજકોટથી વીરપુરની પદયાત્રા માટે ભોજન અને ભજનની તૈયારીઓનો ધમધમાટ

## ૭ ફેબ્રુઆરીથી યાત્રાઓનો પ્રારંભ,મેડીકલ કેમ્પ, એમ્બ્યુલન્સ વાન સહિતની વ્યસ્થા

રાજકોટ:

સંત શીરોમણી ભકતશ્રી જલારામ બાપાની આગામી ૧૪૫ મી પુણ્યતિથિ નિમિતે રાજકોટથી વીરપુરની પાવનકારી પદયાત્રાનું આયોજન રઘુવીર યુવા સેના રાજકોટ શહેર દ્વારા તા.૭ ફેબ્રુઆરીને શનિવારના રોજ કરવામાં આવેલ છે. આ પાવનકારી પદ્યાત્રામાં પદયાત્રિકો માટે તમામ સુવિધાઓના સેવા પરબો દાતાઓના સહયોગથી સંસ્થા દ્વારા ઉભા કરવામાં આવેલ છે.

૫૫ કી.મી.ના આ રૂટ ઉપર યાત્રીકો માટે ક્રમશ ૨ થી ૩ કી.મી.ના અંતરે વિરામ સ્થાનો તેમજ ભોજન ઠંડાપીણા, ગરમ પીણા, મેડીકલ કેમ્પ, એમ્બ્યુલન્સ વાન, પગ માલીસ, દવાઓ, ડોકટરો તેમજ ગ્લુકોઝ પાણી, નારીયેળ પાણી, ગરમ જલેબી-ગાંઠીયા, સીરો, ફ્રુટ ડીશ, ગરમ કાવો, ગરમ ચા-કોફી, લીંબુ પાણી, લીંબુ સરબત, વગેરે વ્યવસ્થાઓની ગોઠવણ થઈ ચુકી છે.

તેમજ જામવાડીથી વિરપુર સુધી ઠંડીના માહોલને ધ્યાને લઈને તાપણાઓનું આયોજન પણ ગોઠવાઈ ગયું છે. રાજકોટ થી વીરપુર સુધીના સળંગ રૂટ ઉપર ઠેર ઠેર યાત્રીકોની જરૂરીયાત મુજબના સેવા પરબોનું કાર્ય દાતાઓના સહયોગથી સંપન્ન થવા જઈ રહ્યું છે. વધુ માહિતી માટે હિમાંશુભાઈ વસંત મો.નં.૯૮૯૮૮ ૪૬૪૫૬ નો સંપર્ક કરવાનો રહેશે.

# ફાઈવ-ડે વીકની માંગણી સાથે સરકારી બેંકોમાં હડતાલ : વ્યવહારો ઠપ્પ

## કરોડોના ચેકોના કલીયરીંગ અટકયા : લોંગ વીકએન્ડના કારણે ગત સપ્તાહમાં ભરાયેલ ચેકો હજુ પેન્ડીંગ

રાજકોટ:દેશની સરકારી બેંકોમાં શનિ-રવિ-સોમની રજા બાદ આજે ખુલતા સપ્તાહે મંગળવારે હડતાલનું એલાન આપવામાં આવતા રાજકોટ-ગુજરાત સહિત દેશભરમાં બેંકીગ કામકાજ ઠપ્પ થયું હતું. સૌરાષ્ટ્ર-કચ્છના ૫૫૦૦ સહિત ગુજરાતના ૧૫ હજાર અધિકારી અને કર્મચારીઓ આજે હડતાલમાં જોડાયા હતા.આજે સરકારી બેંકો બહાર યુનિયનના આગેવાનોએ સુત્રોચ્ચાર કર્યા હતા. ગ્રાહકોના વ્યવહારો બંધ થતા બેંક કચેરીઓ સુમસામ દેખાઈ હતી. જોકે ખાનગી અને સહકારી બેંકોમાં રાબેતા મુજબ વ્યવહાર ચાલુ રહેવા છતાં મોટા ભાગના બેંકીગ વ્યવહારો પ્રભાવિત થયા હતા.

દેશભરની જાહેરક્ષેત્ર તેમજ ખાનગી બેંકોના કર્મચારીઓના નવ યુનિયનોના બનેલા યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયન દ્વારા બેંકોમાં પાંચ દિવસના સપ્તાહના અમલીકરણની માંગણીના ટેકામાં આજે દેશવ્યાપી બેંક હડતાલનું એલાન અપાતા વિવિધ બેંકોના ૮ લાખ જેટલા કર્મચારીઓ અને અધિકારીઓ જોડાયા હતા. અગાઉ આઈબીએ સાથે થયેલી સમજુતીઓ અને કરાર હેઠળ બેંકોમાં પાંચ દિવસનું સપ્તાહ યુનિયને માંગ્યુ છે.




મહીનાના તમામ શનિવારે જાહેર રજા રાખવાનું નક્કી થયુ હતુ જેના બદલામાં બેંક કર્મચારીઓ સોમવારથી શુકવાર સુધી પ્રત્યેક દિવસ ૪૦ મીનીટ વધુ કામ કરશે તેવી પણ સહમતિ સાધવામાં આવી હતી. હાલ બીજા અને ચોથા શનિવારે રજા હોય છે.આ અંગે સરકારની સહમતીની રાહ જોવાય છે. પરંતુ સરકારે આ બાબતના અમલીકરણ માટે હજુ સુધી કોઈ જાહેરાત ન કરતા સરકારનું ધ્યાન ખેંચવા માટે બેંક કર્મચારીઓએ હડતાલનું એલાન આપ્યું હતું.અઠવાડીયામાં પાંચ દિવસના કામકાજથી કર્મચારીઓ પર કામનું ભારણ ઘટશે અને તેઓની કાર્યક્ષમતામાં વધારો થશે. કેન્દ્ર સરકાર અને કેટલીક રાજય સરકારો, એલ.આઈ.સી, રિઝર્વ બેન્ક, શેર બજાર,ફોરેક્સ માર્કેટમાં હાલ પાંચ દિવસનું સપ્તાહ અમલી છે.માત્ર બેંક કર્મચારીઓને જ બાકાત રાખવામાં આવેલ છે. દર શનિ રવિ બેંકોમાં રજા રાખવાથી ગ્રાહક સેવાને કોઈ અસર પડશે નહિ કારણકે આજે નાણાકીય વ્યવહાર માટેના અનેક વિકલ્પો મોજુદ છે તેમ જણાવ્યું હતું. સાથે જ મુશ્કેલી અંગે ખેદ પણ વ્યકત કર્યો હતો.

# યુજીસીના નવા કાયદા સામે વિરોધ, સવર્ણ છાત્રોને અન્યાય થશે

## વર્ગવિગ્રહ વકરવાની સંભાવના : કાયદાની પુનઃસમિક્ષા કરવાની માંગણી સાથે કલેકટરને આવેદન

રાજકોટ:

યુનિવર્સીટી ગ્રાંટ કમિશન (યુજીસી)ના નવા કાયદા સામે બ્રહ્મદેવ સમાજએ વિરોધ દર્શાવી આ મામલે આજે જિલ્લા કલેકટરને આવેદનપત્ર સુપ્રત કરી રજુઆત કરવામાં આવી હતી.આ અંગે બ્રહ્મદેવ સમાજ ગુજરાતના રાષ્ટ્રીય મહાસચિવ મિલનભાઈ શુકલએ જણાવેલ હતું કે કેન્દ્ર સરકાર દ્વારા જાતીગત સમાનતા લાવવા માટે યુનિ.ગ્રાટ કમિશનનો નવો કાયદો અમલમાં લાવી રહી છે. પરંતુ આ નવા કાયદાથી સવર્ણ વિદ્યાર્થીઓને અન્યાય થશે તેમજ આ નવા કાયદાથી વર્ગવિગ્રહ વકરવાની શકયતા રહેલી છે. આ નવા કાયદાની પુનઃસમિક્ષા કરી કાયદામાં બદલાવ લાવવો જરૂરી છે.



કારણ કે નવા કાયદાના અમલ માટેથી બનનાર કમીટીમાં કોઈ સ્વર્ણને સ્થાન નથી અપાયું. એસસી, એસટી સાથે ઓબીસીને પણ તેમાં જોડાવામાં આવેલ છે પણ ખરેખર તો ઓબીસી કોઈ જાતી જ નથી પણ સામાન્ય વર્ગ જ છે અને આમા મુસ્લિમથી લઈને અમુક ક્ષત્રિયોની પેટા જાતીઓ અને બ્રાહ્મણોની પણ અમુક પેટા જાતીઓનો સમાવેશ થાય છે. પણ ભુતકાળમાં પણ રાજકીય પક્ષો દ્વારા સતાની લાલચમાં અલગ અલગ જાતીઓનો ઓબીસીમાં સમાવેશ કરી પોતાનો રાજકીય લાભ પ્રાપ્ત મેળવ્યો છે.

વર્તમાન સરકાર પણ આજ પગલે ચાલવા માંગતી હોય એમ ફકત સ્વર્ણ વિદ્યાર્થીઓનું હીત જોયા વગર જેવી રીતે સમાજમાં અસમાનતા વધે એ પ્રકારથી કાયદો અમલ થઈ રહ્યો હોય ત્યારે આની સમીક્ષા કરી હાલમાં જે પ્રકારની નીતિઓથી વર્તમાન સરકાર સૌનો સાથ સૌનો વિકાસ અને જાતીવાદથી ઉપર રાષ્ટ્રવાદ અને સનાતન સંસ્કૃતીને ઉજાગર કરવાની નીતિ મુજબ ચાલી રહી છે.ત્યારે એક મોટા સામાજીક વર્ગના બાળકોને અન્યાય ન થાય એ માટેથી બદલાવ લાવી કોઈને અન્યાય ન થાય તેમ કરવું જોઈએ. દિલ્હી જેએનયુ જેવી પ્રતિષ્ઠિત યુનિ.માં પણ બ્રાહ્મણ વિરોધી સુત્રોચ્ચાર થયા હતા. આ બાબતે તત્કાલ પગલા લેવા તેઓએ માંગણી ઉઠાવી હતી. આ રજૂઆતમાં બ્રાહ્મણ સમાજ તેમજ ક્ષત્રિય સમાજના આગેવાનો યુવાનો જોડાયા હતા.

# રાજકોટ ડિવિઝનલ રેલવે હોસ્પિટલ ખાતે આરોગ્ય સેવાઓના સુદ્રઢીકરણની દિશામાં મહત્વપૂર્ણ પહેલ

## નવી તબીબી સુવિધાઓનું ઉદ્ઘાટન, દર્દીઓને મળશે આધુનિક સારવારનો લાભ

રાજકોટ:

રેલવે કર્મચારીઓ અને તેમના પરિવારોને અત્યાધુનિક સ્વાસ્થ્ય સેવાઓ પૂરી પાડવાના સંકલ્પ સાથે, રાજકોટ ડિવિઝનલ રેલવે હોસ્પિટલમાં હાલમાં જ અનેક મહત્વપૂર્ણ તબીબી સુવિધાઓનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. રાજકોટ ડિવિઝનલ રેલ પ્રબંધક શ્રી ગિરિરાજ કુમાર મીના દ્વારા આ નવી સુવિધાઓનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. જેની વિગતો નીચે મુજબ છે:



૧) આધુનિક ફિઝિયોથેરાપી ક્લિનિક: હોસ્પિટલમાં સુસજ્જ ફિઝિયોથેરાપી ક્લિનિક શરૂ કરવામાં આવ્યું છે, જેનાથી દર્દીઓને અસરકારક પુનર્વસન અને સારવારની સેવાઓ મળી શકશે.

૨) ઈલેક્ટ્રિકલ કોટરી ઉપકરણ: સર્જરી અને સારવારને વધુ સચોટ અને સરળ બનાવવા માટે અત્યાધુનિક 'ઈલેક્ટ્રિકલ કોટરી' મશીનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.


૩) દર્દીઓની સુવિધા માટે ભેટ: પશ્ચિમ રેલવે મહિલા કલ્યાણ સંગઠન રાજકોટ દ્વારા દર્દીઓની સુવિધા માટે હોસ્પિટલને ૨૦ વિઝિટિંગ ચેર અર્પણ કરવામાં આવી હતી.

આ પ્રસંગે રાજકોટ ડિવિઝનલ રેલ પ્રબંધક શ્રી ગિરિરાજ કુમાર મીનાએ જણાવ્યું હતું કે, આ નવી સુવિધાઓ શરૂ થવાથી રેલવે કર્મચારીઓ, તેમના પરિવારજનો અને અન્ય દર્દીઓને વધુ સારી, સુલભ અને ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવાઓ પ્રાપ્ત થશે. આ પહેલ રેલવે પ્રશાસનની "સેવા, સમર્પણ અને સંવેદનશીલતા" પ્રત્યેની પ્રતિબદ્ધતાને મજબૂત રીતે દર્શાવે છે.

આ ગરિમાપૂર્ણ કાર્યક્રમમાં એડિશનલ ડિવિઝનલ રેલ પ્રબંધક શ્રી કૌશલ કુમાર ચૌબે, પશ્ચિમ રેલવે મહિલા કલ્યાણ સંગઠન, રાજકોટ ડિવિઝનના પ્રમુખ શ્રીમતી મુકેશી મીના અને તેમની ટીમ, મુખ્ય તબીબી અધિક્ષક ડો. રાજકુમાર, વરિષ્ઠ અધિકારીઓ, તબીબો અને પેરામેડિકલ સ્ટાફ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# ક્રિકેટ મેચ પર સટ્ટો રમતો ઈલેક્ટ્રિસિયન ઝડપાયો

રાજકોટ:ઢેબર રોડ પર રેડી બુક આઈડીમાં ક્રિકેટ મેચ પર સટ્ટો રમતો આયુષ નામના ઈલેક્ટ્રિસિયને ક્રાઈમ બ્રાન્ચની ટીમે ઝડપી પાડી બુકીનું નામ ખોલાવવા તજવીજ આદરી હતી.દરોડાની વિગત મુજબ ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ એમ.આર. ગોંડલીયા, એમ.એલ.ડામોર અને ચિરાગ જાદવની રાહબરીમાં એએસઆઈ વિજયભાઈ સોઢા અને કોન્સ્ટેબલ અરવિંદકુમાર ફતેપરા સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો ત્યારે ઢેબર રોડ રાજધાની રોડવેજની બાજુના ક્રિષ્ના પાન કોલ્ડ્રીક્સ નામની દુકાનની બહાર બાકડા ઉપર એક શખ્સ મોબાઈલ ફોનમાં ક્રિકેટ મેચના આઈ.ડી. માં ઓનલાઇન ક્રિકેટ મેચમાં જુગાર રમે છે.તેવી મળેલ ચોકકસ બાતમીના આધારે સ્ટાફે દરોડો પાડી તે શખ્સને અટકમાં લઈ તેનું નામ પુછતા આયુષ



અરવિંદ કથીરીયા (ઉ.વ.૧૯, ધંધો-ઈલેક્ટ્રીશીયન, રહે.હરીઘવા રોડના છેડે કોઠારીયા મેઈન, રોડ પુરૂષાર્થ સોસા. શેરી નં.૦૬) હોવાનું જણાવ્યું હતું.ક્રાઈમ બ્રાન્ચની ટીમે તેના મોબાઈલમાં તપાસ કરતાં તેમાં રહેલા સફારી એપ્લીકેશન ખોલી જોતા તેમા રેડી બુક. કોમ આઈડીમાં ભારત-ન્યુઝીલેન્ડ વચ્ચે રમાયેલ ૨૦-૨૦ ની ક્રીકેટ મેચમાં જુગારમાં ઓનલાઇન સોદાઓ કરી જુગાર રમતો હોવાનું ખુલ્યું હતું. પોલીસે આરોપીની ધરપકડ કરી આઈડી આપનાર બુકીનું નામ ખોલાવવા તજવીજ આદરી હતી.

# શાળા સલામતી સપ્તાહ:૭૦ શાળાઓના વિદ્યાર્થીઓ શીખશે આપાતકાલીન સ્થિતિ સામે રક્ષણના પાઠ

## મુખ્યમંત્રીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં મહીકા પ્રાથમિક શાળા ખાતે યોજાયેલો મેગા ઈવેન્ટ

રાજકોટ:

શાળા સલામતી સપ્તાહ – ૨૦૨૬ અંતર્ગત રાજયના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમ રાજકોટ જિલ્લામાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલ તથા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની કચેરી દ્વારા મહીકા પ્રાથમિક શાળા ખાતે મેગા ઈવેન્ટ યોજાયો હતો.

જેમાં SDRF ટીમ દ્વારા શોધ અને બચાવ અંગે જીવંત નિદર્શન રજૂ કરાયું હતું. કાર્યક્રમ દરમિયાન ધરતીકંપ, પૂર, આગ સામે રક્ષણ, ઝૅઈ સહિતની સલામતી બાબતોની તાલીમનો શાળાના ૧૦૦ જેટલા બાળકોએ લાભ લીધો હતો. ગાંધીનગરથી પ્રસારિત થયેલા મુખ્યમંત્રીશ્રી ઓનલાઇન કાર્યક્રમને ઉપસ્થિત સૌએ નિહાળ્યો હતો.



આ કાર્યક્રમમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તાલુકા મામલતદારશ્રી, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, સરપંચશ્રી, સ્થાનિક આગેવાનો, મ્ઈઝ કો-ઓર્ડિનેટર, SDRF ટીમ તેમજ શાળાનો સમગ્ર સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.અત્રે ઉલ્લેખનીય છે કે, તા. ૨૭/૦૧/૨૦૨૬થી મુખ્યમંત્રીશ્રી દ્વારા રાજ્યમાં શાળા સલામતી સપ્તાહ – ૨૦૨૬ની શરૂઆત કરવામાં આવી છે. જે અંતર્ગત રાજકોટ જિલ્લામાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલ તથા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી દ્વારા કલેકટરશ્રીના માર્ગદર્શન હેઠળ કુલ ૭૦ શાળાઓમાં મેગા ઈવેન્ટનું આયોજન કરાયું છે. જે અન્વયે વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકોને સલામતીના પાઠ શીખવવામાં આવી રહ્યા છે.

# રેલ્વેના ખુલ્લા પટમાંથી ત્યજી દેવાયેલું નવજાત બાળક મળી આવ્યું

રાજકોટ:માધાપર ચોકડી નજીક રેલ્વેના ખુલ્લા પટમાંથી નવજાત બાળક મળી આવતા ચકચાર મચી જવા પામ્યો હતો. ત્યજી દેવાયેલા બાળકને જોઈ રાહદારીઓએ ૧૦૮ ને જાણ કરતાં તાત્કાલિક તબીબી ટીમ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને બાળકને સારવાર અર્થે ખસેડી કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. પ્રાપ્ત વિગત અનુસાર આજે સવારે જામનગર રોડ પર માધાપર ચોકડી નજીક એમઆરએફ ટાયર શો રૂમ નજીક રેલ્વેના પટમાં મેદાનમાંથી એક ત્યજી દેવાયેલ નવજાત બાળક મળી આવ્યું હતું. સ્થાનિકોએ બાળકને જોતાની સાથે જ તાત્કાલિક ૧૦૮ ને જાણ કરતાં તબીબી ટીમ દોડી ગઈ હતી અને બાળકને સારવાર અર્થે સરકારી હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો. તબીબી સૂત્રોમાંથી પ્રાપ્ત વિગત



અનુસાર હાલ બાળકની સ્થિતિ સ્વસ્થ હોય પરંતુ વજન ઓછો હોવાથી તેને ઓક્સિજન સપોર્ટ પર રાખવામાં આવ્યો છે.

જયારે બીજી બાજુ બનાવની જાણ થતા જ ગાંધીગ્રામ પોલીસની ટીમ પણ સરકારી હોસ્પિટલ ખાતે દોડી ગઈ હતી અને નવજાતને ત્યજી દેનાર નિષ્ઠુર જનેતાની શોધખોળ શરૂ કરી હતી. હાલ પોલીસ જમાદાર મયુરસિંહ તપાસ ચલાવી રહ્યાં છે અને ગુનો નોંધવા તજવીજ હાથ ધરાઈ છે.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

## રાષ્ટ્રના વિકાસનો મૂળ મંત્ર છે સર્વોત્તમ

કોઈપણ બાબત હોય મોટાભાગના માણસો એક શબ્દ વાપરે છે અને તે શબ્દ છે "ચાલશે". જે લોકો વિકાસના માર્ગે આગળ વધવા માંગે છે તેને માટે આ શબ્દ સૌથી વધુ નુકસાન કરતા અને ઘાતક છે. વ્યક્તિથી માંડીને રાષ્ટ્રના વિકાસ સુધીમાં આ શબ્દ સૌથી વધુ નુકસાનકારક સાબિત થયો છે.રવિવારે પ્રસારિત થયેલી 'મન કી બાત' માત્ર એક રેડિયો કાર્યક્રમ નથી; તે દેશના વર્તમાન અને ભવિષ્યને દિશા આપતું વિચારમંચ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 'ચાલે છે'ની માનસિકતાને સ્પષ્ટ શબ્દોમાં નકારી કાઢીને ક્વૉલિટી એટલે કે ગુણવત્તાને રાષ્ટ્રીય મંત્ર તરીકે સ્વીકારવાની અપીલ કરી છે. આ વિચાર માત્ર ઉદ્યોગ કે સ્ટાર્ટઅપ સુધી સીમિત નથી; આ એક સામાજિક અને માનસિક પરિવર્તનની માંગ છે.વર્ષો સુધી ભારતીય સમાજમાં "ચાલી જશે", "એવું જ હોય." જેવી વિચારસરણીએ જબરજસ્ત પકડ જમાવી છે. સરકારી કામથી માંડી ખાનગી સેવાઓ સુધી, ગુણવત્તા કરતા સહનશીલતા વધુ મહત્ત્વની બની ગઈ હતી. વડાપ્રધાનનું કહેવું છે કે આવી માનસિકતા સાથે વિકસિત ભારતનું સ્વપ્ન સાકાર થઈ શકતું નથી. આ વાતમાં ઊંડો સત્ય છુપાયેલો છે. વૈશ્વિક સ્પર્ધાના યુગમાં માત્ર ઉત્પાદન કરવું પૂરતું નથી; શ્રેષ્ઠ ઉત્પાદન કરવું એ સમયની માંગ છે.

ભારતની અર્થવ્યવસ્થા ઝડપી ગતિએ આગળ વધી રહી છે, એમાં શંકા નથી. પરંતુ આ વૃદ્ધિ ટકાઉ બનશે ત્યારે જ, જ્યારે ભારતના દરેક ઉત્પાદનમાં વિશ્વસ્તરીય ગુણવત્તા ઝળહળશે. ટેક્સટાઇલ હોય કે ટેક્નોલોજી, ઇલેક્ટ્રોનિક્સ હોય કે પેકેજિંગ — "મેડ ઇન ઇન્ડિયા" માત્ર ઓળખ નહીં, પરંતુ વિશ્વાસનું પ્રતીક બનવું જોઈએ. તંત્રી તરીકે અમારું માનવું છે કે ક્વૉલિટી હવે વૈકલ્પિક વિકલ્પ નથી; તે રાષ્ટ્રીય ફરજ છે.મન કી બાતના આ એપિસોડમાં સ્ટાર્ટઅપ ઇન્ડિયાના દસ વર્ષ પૂર્ણ થવાનો ઉલ્લેખ પણ નોંધપાત્ર છે. ૨૦૧૬માં જ્યારે આ પહેલ શરૂ થઈ ત્યારે ઘણા લોકો તેને સંશયની નજરે જોતા હતા. પરંતુ દેશના યુવાનોએ જોખમ લેવાનું પસંદ કર્યું, નવીનતા પર વિશ્વાસ મૂક્યો અને સ્ટાર્ટઅપને જનઆંદોલન બનાવી દીધું. આજે ભારત વિશ્વનું ત્રીજું સૌથી મોટું સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ છે અને બે લાખથી વધુ માન્યતા પ્રાપ્ત સ્ટાર્ટઅપ્સ દેશની નવી ઊર્જાનું પ્રતિબિંબ છે. આ સફળતા પાછળ યુવાનોની હિંમત, સરકારની સહાય અને બદલાતી માનસિકતા છે.સ્ટાર્ટઅપ્સ આજે એઆઇ, અવકાશ, સેમિકન્ડક્ટર, ગ્રીન હાઇડ્રોજન અને બાયોટેક્નોલોજી જેવા અદ્યતન ક્ષેત્રોમાં કામ કરી રહ્યા છે. પરંતુ અહીં પણ ક્વૉલિટીનું મહત્વ સર્વોપરી છે. માત્ર વિચાર નવીન હોય એ પૂરતું નથી; તેનું અમલીકરણ વિશ્વમાનકનું હોવું જરૂરી છે. 'ઝીરો ડિફેક્ટ, ઝીરો ઈફેક્ટ'નો સંદેશ આ સંદર્ભમાં અત્યંત પ્રાસંગિક છે. ઉત્પાદન એવું હોવું જોઈએ કે તેમાં ખામી ન હોય અને પર્યાવરણ પર નકારાત્મક અસર ન કરે. વિકસિત ભારતનું સ્વપ્ન ટકાઉ વિકાસ વિના અધૂરું છે.વડાપ્રધાન દ્વારા યુએઈની "યર ઓફ ધ ફેમિલી" પહેલની સરાહના અને તેને ભારતીય પરંપરાથી જોડવાનો પ્રયાસ પણ વિચારપ્રેરક છે. વિકાસ માત્ર આંકડાઓમાં માપી શકાય એવો વિષય નથી; સમાજની આંતરિક મજબૂતાઈ પણ એટલી જ જરૂરી છે. ગુજરાતના ચંદનકી ગામના સામૂહિક રસોઈ મોડલનો ઉલ્લેખ એ વાતનું જીવંત ઉદાહરણ છે કે પરિવાર અને સમુદાય કેવી રીતે સામાજિક એકતા અને સહકારનું મજબૂત પાયો બની શકે.

ગુણવત્તા અને સામૂહિકતા — આ બે સ્તંભો પર જ ભારતનો ભવિષ્યનો મકાન ઊભો રહી શકે. ક્વૉલિટીનો અર્થ માત્ર ઉત્પાદનની ઉત્તમતા નથી; તેમાં કાર્યશૈલી, વિચારશુદ્ધિ અને જવાબદારીનો સમાવેશ થાય છે. જ્યારે સમુદાય સાથે મળીને કામ કરે છે, ત્યારે શ્રેષ્ઠ પરિણામો સ્વયંભૂ જન્મે છે.

# શિયાળાની સંધ્યાએ પ્રકૃતિ અને આસ્થાનો સંગમ રચાયો...



**ક્લિક કોર્નર**
દિપક માળી

છેલ્લા બે દિવસથી હિમવર્ષા જેવી કાતિલ ઠંડીના પ્રકોપ વચ્ચે જનજીવન ઠુંઠવાયું છે, ત્યારે ભાવનગરના હૃદય સમાન બોરતળાવના કિનારે સૂર્યાસ્તના સમયે કુદરતની અનોખી કલા અને શ્રદ્ધાનો સંગમ દૃશ્યમાન થયો હતો. આકાશમાં સંધ્યાના કેસરી અને જાંબલી રંગોના મિશ્રણ વચ્ચે જળાશયના કાંઠે પ્રસ્થાપિત વિઘ્નહર્તા ગણપતિજીની પ્રતિમા સમીપ એક લઘુ ચકલી આવીને વિરાજ્યું હતું. આ દૃશ્ય જોતા એવું પ્રતીત થતું હતું કે જાણે તે નાનકડી ચકલી ગજાનન સાથે ગોષ્ઠી કરી રહી હોય અને જડ મૂર્તિને પોતાની વાચાથી જીવંત કરી રહી હોય.!

# ચોખાનો સ્ટોક વધતાં ઈથેનોલ તરફ ફાળવણીમાં વૃદ્ધિ

દેશમાં અનાજ બજારોમાં ચોખાના સમીકરણો તાજેતરમાં પલ્ટાતા જોવા મળ્યા છે. ચોખાનું ઉત્પાદન ઘરઆંગણે નવી ઉંચાઈઓને આંબી રહ્યાના વાવડ મળ્યા હતા. ત્યારે બીજી તરફ ઈરાનમાં તંગદીલી વધતાં ભારતના ચોખા બજારમાં ઈરાનની નવી માગને ફટકો પડતાં અનાજ બજારોમાં અજંપો વધ્યો હોવાનું બજારના સૂત્રો જણાવી રહ્યા હતા. રવિ પાકની મોસમમાં ચોખા (ડાંગર)ના વાવેતર હેઠળનો વિસ્તાર આ વર્ષે વધી ૨૫ લાખ ૫૦ હજાર હેકટર્સની સપાટી પાર કરી ગયાના સમાચાર મળ્યા હતા. પાછલા વર્ષે આ આંકડો ૨૦ લાખ ૯૮ હજાર હેકટર્સનો નોંધાયો હતો તે આ વર્ષે વધી ૨૫ લાખ ૫૮ હજાર હેકટર્સનો નોંધાતા રવિ વાવેતરમાં ડાંગર-ચોખાના વાવેતરમાં આશરે ૧૧થી ૧૨ ટકાની વૃદ્ધી થઈ હોવાનું બજારના જાણકારો જણાવી રહ્યા હતા.

દરમિયાન, કેન્દ્ર સરકાર હસ્તકના ગોદામોમાં ચોખાનો સ્ટોક વધ્યો છે. સરકાર પાસે ડાંગરનો એટલો સ્ટોક જમા થઈ ગયો છે કે તેમાંથી બધા ડાંગરને ચોખામાં કન્વર્ટ કરવામાં આવે તો સરકાર પાસે ચોખાનો સ્ટોક આશરે ૩૭૦ લાખ ટનનો થવાની શક્યતા બજારના જાણકારો બતાવી રહ્યા હતા. સરકાર હસ્તકના ચોખાનો કુલ સ્ટોક વધી આશરે ૬૭૯થી ૬૮૦ લાખ ટનનો થયો છે. જાહેર વિતરણ વ્યવસ્થામાં પબ્લીક ડિસ્ટ્રીબ્યુશન સિસ્ટમમાં વિતરણ કરવા માટે સરકારને વાર્ષિક આશરે ૪૧૦ લાખ ટન ચોખાની જરૂર પડે છે. આ જોતાં સરકારે ચોખાનો પોતાની હસ્તકનો સ્ટોક હળવો કરવા માટે હવે બીજા વિકલ્પો તરફ નજર દોડાવવી પડે એવી સ્થિતિ સર્જાઈ છે.

જાન્યુઆરીના આરંભનાં આંકડાઓ જોતાં ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા પાસે ચોખાનો સ્ટોક આશરે ૩૦૯થી ૩૧૦ લાખ ટનનો અંદાજાતો હતો. પાછલા વર્ષના આ ગાળાના આ આંકડાઓની સરખામણીએ આ વર્ષે આ આંકડો આશરે ૬થી ૭ ટકા ઊંચો રહ્યો છે. ફૂડ કોર્પોરેશન પાસે ડાંગરનો સિલ્લક સ્ટોક આશરે ૧૬ ટકા વધી ૫૫૨થી ૫૫૩ લાખ ટન નોંધાયો છે. જ્યારે ઘઉંનો સ્ટોક ૪૯થી ૫૦ ટકા વધી ૨૭૪થી ૨૭૫ લાખ ટનનો નોંધાયો છે. સરકાર પાસે ડાંગર તથા ચોખાનો કુલ સ્ટોક



જે સિલ્લક રહ્યો છે બફર સ્ટોકના ધારાધોરણો (૭૬થી ૭૭ લાખ ટન)ની સરખામણીએ આશરે નવ ગણો વધુ રહ્યો છે. ઘઉંનો આવો સ્ટોક બફર સ્ટોકના ધારાધોરણોની સરખામણીએ આશરે બમણો રહ્યો છે. સરકારે ઈથેનોલ બનાવવા આશરે બાવન લાખ ટન ચોખાની ફાળવણી કરી દીધી છે. સરકાર દ્વારા આ ફાળવણી નીચા ભાવોએ કરવામાં આવી હોવાના

**કરંટ ટોપિક**

વાવડ પણ તાજેતરમાં મળ્યા હતા. ઈથેનોલના ઉત્પાદન માટે ચોખાનો વપરાશ વધુ કરવા માટે સરકારે ગ્રેઈન બેઝ્ડ ઈથેનોલ ઉત્પાદક એકમોને હાકલ કરી છે. આવા ઉત્પાદન માટે ઓછામાં ઓછા ૪૦ ટકા ચોખાનો વપરાશ કરવા માટે સરકારે હાકલ કરી છે. ૨૦૨૪-૨૫માં સરકારે ઓપન માર્કેટ સેલ યોજનામાં આશરે ૩૩ લાખ ટન ચોખાનું વેંચાણ કર્યું હતું. ૨૦૨૫માં એપ્રિલથી ડિસેમ્બરના ગાળામાં આવું વેંચાણ જો કે ઘટી ૧૩થી ૧૪ લાખ ટન આસપાસ નોંધાયું હતું. દરમિયાન, આ પૂર્વે ભારતના બાસમતી ચોખાની ઈરાન તરફ વ્યાપક પ્રમાણમાં નિકાસ થતી હતી પરંતુ હવે ઈરાનમાં તંગદીલી વધતાં આવી નિકાસને ફટકો પડયો છે. ભારતથી ઈરાન તરફ દર વર્ષે જે વિવિધ ચીજોની કુલ નિકાસ થાય છે એ પૈકી આશરે બે-તૃતીયાંશ નિકાસ ચોખાની થતી હોય છે.

# મુક્ત વેપાર કરાર એટલે રાષ્ટ્રના વિકાસનો રાજમાર્ગ

મુક્ત વેપાર કરાર એ બે અથવા વધુ દેશો વચ્ચેનો એક સહમતિપત્ર છે. આ કરારમાં તેઓ એકબીજા સાથે વેપાર કરતી વખતે લાગુ પડતી અવરોધોને

**કલ્પના કરો કે તમારા ઘરની બહારની સડક પર એક ચેકપોસ્ટ છે. દરેક વખતે તમે કોઈ સામાન ઘરમાં લાવો છો અથવા બહાર મોકલો છો, ત્યારે તમારે તે ચેકપોસ્ટ પર કર (ટેક્સ) ભરવો પડે છે. આનાથી સામાનની કિંમત વધે છે અને વેપાર કરવો મુશ્કેલ બને છે. હવે ધારો કે આ ચેકપોસ્ટ દૂર કરવામાં આવે છે. હવે તમે સરળતાથી, વધારાનો ખર્ચ ઉચાપત કર્યા વિના, સામાનની આવ-જા કરી શકો છો. દેશો વચ્ચેનો મુક્ત વેપાર કરાર (હ્ીી ્હિદ્ઘી છ્ક્ષીીદ્બીહં - હ્ુછ) પણ આ જ રીતે કામ કરે છે.**

ઘટાડવા અથવા ખતમ કરવા માટે સહમત થાય છે. આ અવરોધોમાં મુખ્યત્વે આયાત શુલ્ક (ઁર્ઙ્ઘ્રિ ઙ્ઘેંઅ/ ્ટૈંકિક) હોય છે, જે એક પ્રકારનો કર હોય છે અને બીજા દેશમાંથી આવતા માલ પર લગાડવામાં આવે છે. આ ઉપરાંત, કેટલીક વખત ક્વોટા (ઊઁક્ર) પણ હોય છે, એટલે કે એક ચોક્કસ મર્યાદા સુધી જ માલની આયાત કરવાની મંજૂરી હોય છે. હ્ુછ આ બધા અવરોધોને દૂર કરવા માંડે છે.

આ કરારનો મૂળ હેતુ એ છે કે બંને દેશો એકબીજાના માલનો વધુ પ્રમાણમાં વેપાર કરી શકે. જ્યારે શુલ્ક દૂર થાય છે, ત્યારે બીજા દેશનો માલ સસ્તો બને છે. આના લીધે તે દેશના ઉપભોક્તાઓને વધુ સસ્તો અને વધુ પસંદગીવાળો માલ મળે છે. વેપારી કંપનીઓ માટે નવા અને મોટા બજારો ખુલ્લાં થાય છે. આખરે, એવી આશા રહે છે કે આ વધેલો વેપાર બંને દેશોની અર્થવ્યવસ્થાઓને વધુ મજબૂત બનાવશે, નવા રોજગાર સર્જાશે અને નવીનતા અને કાર્યક્ષમતા વધશે.

ભારતને હ્ુછ થી શું ફાયદા થઈ શકે?

ભારત વિશ્વની એક મોટી અને ઝડપથી વધતી અર્થવ્યવસ્થા છે. અન્ય દેશો સાથે હ્ુછ કરવાથી ભારતને અનેક રીતે લાભ થઈ શકે છે:

૧. ભારતીય માલની નિકાસ વધશે: હ્ુછ નો સૌથી મોટો ફાયદો ભારતના નિકાસકારોને થશે. ઉદાહરણ તરીકે, યુરોપિયન યુનિયન સાથેનો કરાર થયો છે તેમ ધારો. અત્યારે ભારતીય કપડાં, હીરાના દાગીના, ચા, મસાલા અથવા ઈજનેરીના સામાનને યુરોપમાં વેચતી વખતે ઊંચો આયાત શુલ્ક ભરવો પડે છે. આ શુલ્ક દૂર થયા બાદ, ભારતીય માલ ત્યાંના બજારમાં વધુ સસ્તો પડશે. ગ્રાહકોને ભારતીય માલ ખરીદવામાં વધુ રસ પડશે, જેથી ભારતની નિકાસમાં વધારો થશે. સુરતના હીરા ઉદ્યોગ અને ટિરચીના કપડાં ઉદ્યોગ જેવા ક્ષેત્રોમાં આથી ભારે તેજી આવી શકે છે.

૨. નવીનતા અને ગુણવત્તા વધશે: જ્યારે ભારતીય કંપનીઓને વિશ્વના મોટા બજારોમાં સીધી સ્પર્ધા કરવાની તક મળશે, ત્યારે તેમણે પોતાની ગુણવત્તા સુધારવી પડશે અને નવા ઉત્પાદનો બનાવવા પડશે. વિદેશી કંપનીઓ સાથે સ્પર્ધા કરવા માટે તેમણે વધુ કાર્યક્ષમ, ટેકનોલોજી-આધારિત અને સ્પર્ધાત્મક બનવું પડશે. આ લાંબા ગાળે સમગ્ર ઉદ્યોગને મજબૂત બનાવશે.

૩. ઉપભોક્તાઓને ફાયદો: હ્ુછ નો ફાયદો માત્ર નિકાસકારોને જ નહીં, પણ આપણા જેવા સામાન્ય ગ્રાહકોને પણ થશે. વિદેશી કંપનીઓના ઉત્પાદનો,

**આસપાસ ચોપાસ**
સુરેશ ભટ્ટ

જેમ કે ઈલેક્ટ્રોનિક્સ, ફળો, ખાદ્યપદાર્થો અથવા ફેન્સી ગિફ્ટ આઈટમ્સ, શુલ્ક દૂર થવાથી ભારતમાં સસ્તા દરે મળવા શરૂ થશે. ગ્રાહકોને ઓછી કિંમતે વધુ પસંદગી મળશે.

૪. રોજગારીમાં વૃદ્ધિ: જ્યારે નિકાસ વધશે, ત્યારે ફેક્ટરીઓને વધુ ઉત્પાદન કરવું પડશે. વધુ ઉત્પાદન માટે વધુ મજૂરો અને કર્મચારીઓની જરૂર પડશે. આમ, ટેક્સટાઈલ, ઍગ્રિકલ્ચર, ઑટોમોબાઈલ, હસ્તશિલ્પ જેવા ક્ષેત્રોમાં રોજગારીના નવા અવસરો સર્જાઈ શકે છે.

૫. ભારત નિવેશ (ઁહ્ીજંદ્બીહં) માટે આકર્ષક બનશે: ઘણા હ્ુછ માં રોકાણ (ઁહ્ીજંદ્બીહં) ના નિયમો પણ સરળ બનાવવામાં આવે છે. આનો અર્થ એ થયો કે વિદેશી કંપનીઓને ભારતમાં પૈસા રોકવા, ફેક્ટરીઓ બનાવવી અને અહીં ઉત્પાદન શરૂ કરવું સરળ થશે. આથી ભારતમાં 'મેક ઈન ઈન્ડિયા' ને ગતિ મળશે, જેથી અર્થતંત્રને મજબૂતી મળશે અને રોજગારી પણ વધશે.

પરંતુ, શું કોઈ ચિંતા નથી?




હા, હ્ુછ માત્ર ફાયદા જ નથી આપતા. કેટલાક પડકારો પણ છે. જો ભારતીય બજારમાં વિદેશી માલ ખૂબ જ સસ્તો આવી જાય, તો ભારતની કેટલીક નાની અથવા ઓછી કાર્યક્ષમ કંપનીઓ માટે સ્પર્ધા કરવી મુશ્કેલ થઈ પડી શકે છે. આથી, હ્ુછ બનાવતી વખતે સમજદારી અને ભવિષ્યની દૃષ્ટિ જરૂરી છે. ભારતીય ઉદ્યોગોને સ્પર્ધા માટે તૈયાર કરવા અને કમજોર વિસ્તારોને સહારો આપવાની જરૂર પડી શકે છે. વળી, હ્ુછ હેઠળ ભારતને પણ બીજા દેશોના માલ પરના શુલ્ક ઘટાડવા પડે છે, જેથી સરકારની આવકમાં ઘટાડો થઈ શકે છે.

નિષ્કર્ષમાં, મુક્ત વેપાર કરાર એ ભારત જેવી ઉભરતી અર્થવ્યવસ્થા માટે વિશ્વના મંચ પર જોડાવાનો, પોતાની તાકાત બતાવવાનો અને ઝડપથી વધવાનો એક મહત્વપૂર્ણ રસ્તો છે. તે એક બે-માર્ગી રસ્તો છે, જેમાં થોડા જોખમો છે, પરંતુ સંભાળપૂર્વક અને યોજનાબદ્ધ રીતે આગળ વધતા, તે ભારતના ઉદ્યોગો, કામદારો અને ગ્રાહકો સહિત સમગ્ર દેશને લાંબા ગાળે મજબૂત અને સમૃદ્ધ બનાવવામાં મદદ કરી શકે છે. તે વધુ નિકાસ, વધુ રોજગાર, વધુ નવીનતા અને ગ્રાહકો માટે વધુ પસંદગીનું વાહન બની શકે છે.

# કેપ્ટન સ્મૃતિ મંધાના છેલ્લી બે મેચમાં પોતાની ટીમના પ્રદર્શનથી નાખુશ




મુંબઈ,
રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે ડબ્લ્યુપીએલ ૨૦૨૬ ની ધમાકેદાર શરૂઆત કરી. તેઓએ આ સિઝનમાં સતત પાંચ મેચ જીતીને ફાઈનલમાં પોતાનું સ્થાન સુરક્ષિત કર્યું. જો કે, આરસીબીએ છેલ્લી બે મેચમાં પોતાનો વિજય ક્રમ ગુમાવ્યો છે. તેમની ટીમ હાલમાં પોઈન્ટ ટેબલમાં ટોચ પર છે. પરંતુ કેપ્ટન સ્મૃતિ મંધાના છેલ્લી બે મેચમાં પોતાની ટીમના પ્રદર્શનથી ખુશ નથી.

મુંબઈ ઈન્ડિયન્સ સામેની હાર બાદ, સ્મૃતિ મંધાનાએ સમજાવ્યું કે છેલ્લી બે મેચમાં તેમને સતત હારનો સામનો કેમ કરવો પડ્યો. તેણીએ ટીમની વિકેટકીપર-બેટ્સમેન રિચા ઘોષની પ્રશંસા કરી, જેમણે ઈઝ્મ માટે ૯૦ રનની ધમાકેદાર ઈનિંગ રમી હતી, પરંતુ તેણીની ઈનિંગ ટીમને જીત તરફ દોરી શકી ન હતી. અગાઉ, મુંબઈના બેટ્સમેન નેટ સેવર્ડ બ્રન્ટે એક શક્તિશાળી સદી ફટકારી હતી, જે ડબ્લ્યુપીએલ ઈતિહાસમાં સદી ફટકારનાર પ્રથમ ખેલાડી બની હતી.

મેચ પછીના પ્રેઝન્ટેશન સમારોહમાં, સ્મૃતિ મંધાનાએ કહ્યું કે રિચા ઘોષે શાનદાર ઈનિંગ રમી હતી. તેણીની ઈનિંગ જોવાની ખરેખર મજા આવી. નદીનાએ પણ સારું યોગદાન આપ્યું, પરંતુ હા, મને લાગે છે કે, અલબત્ત, જ્યારે તમે હારશો, ત્યારે આવી ઈનિંગ ધ્યાન ખેંચતી નથી, પરંતુ મને લાગે છે કે આ મેં જોયેલી શ્રેષ્ઠ ઈનિંગ્સમાંની એક હતી. નેટ સીવર બ્રન્ટ ચોક્કસપણે એક વિશ્વ કક્ષાની ખેલાડી છે. તે એક જ બોલને ત્રણ અલગ અલગ ક્ષેત્રોમાં ફટકારી શકે છે, જેના કારણે બોલરો માટે તે ખૂબ મુશ્કેલ બને છે.

તેણીએ આગળ કહ્યું કે તેણીએ તેની ટીમ માટે મોટાભાગના રન બનાવ્યા. વધુમાં, ૨૫-૩૦ રન પછી તેણીએ જે રીતે ગતિ પકડી તે દરેક યુવા ખેલાડીએ જોવું જોઈએ અને શીખવું જોઈએ. પ્રથમ પાંચ મેચમાં બોલિંગ ઉત્તમ રહી છે, તે ચોક્કસ છે. પરંતુ આજે એવો દિવસ હતો જ્યારે આપણા કેટલાક બોલરોએ યોગ્ય લાઇન બોલિંગ કરી ન હતી. ટી ૨૦ ક્રિકેટમાં, જ્યારે કોઈ બેટ્સમેન સેટ હોય છે, ત્યારે તમે ચોક્કસ વસ્તુઓનો પ્રયાસ કરો છો, અને ક્યારેક તે કામ કરતી નથી. લોરેન બેલ નવા બોલ સાથે ઉત્તમ હતી અને જ્યારે તે પાછી આવી ત્યારે. પરંતુ અન્ય ખેલાડીઓએ આજે સારું પ્રદર્શન કર્યું ન હતું.નાડિને પણ તે બે મુશ્કેલ ઓવર ટૂંકા છેડાથી ફેંકી હતી, તેથી તે શ્રેયને પાત્ર છે. અમે અમારી વ્યૂહરચના વિશે વિચારીશું અને પાછા આવીશું.

# પાકિસ્તાને ટી ૨૦ વર્લ્ડ કપમાં ભાગ લેવાનો અંતિમ નિર્ણય ઓછામાં ઓછા શુક્રવાર સુધી મુલતવી રાખ્યો

નવીદિલ્હી,
૨૦૨૬ ટી ૨૦ વર્લ્ડ કપ ૭ ફેબ્રુઆરીથી શરૂ થવાનો છે. પરંતુ ટુર્નામેન્ટ શરૂ થાય તે પહેલાં પાકિસ્તાની ક્રિકેટને લગતું નાટક સતત ચાલુ છે. પાકિસ્તાન વર્લ્ડ કપમાં રમશે કે નહીં તે અંગે હજુ સુધી કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. પાકિસ્તાને ૨૦૨૬ ટી ૨૦ વર્લ્ડ કપમાં ભાગ લેવાનો અંતિમ નિર્ણય આગામી સોમવાર સુધી મુલતવી રાખ્યો છે. પાકિસ્તાન હાલમાં બાંગ્લાદેશ સાથે એકતા વ્યક્ત કરી રહ્યું છે, જે ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગયું હતું. વધુમાં, પાકિસ્તાન ભારત સામેની તેની મહત્વપૂર્ણ વર્લ્ડ કપ મેચનો બહિષ્કાર કરવાનું પણ વિચારી રહ્યું છે.પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના ચેરમેન મોહસીન નકવીએ ૨૬ જાન્યુઆરીએ વડા પ્રધાન શાહબાઝ શરીફને મળ્યા. બેઠક બાદ, તેમણે જણાવ્યું હતું કે બોર્ડ શુક્રવાર (૩૦ જાન્યુઆરી) અથવા આગામી સોમવારે (૨ ફેબ્રુઆરી) ટી ૨૦ વર્લ્ડ કપમાં ભાગ લેવા અંગે અંતિમ નિર્ણય લેશે. નકવીએ સોશિયલ મીડિયા પર પુષ્ટિ આપી હતી કે સોમવારે વડા પ્રધાન સાથેની તેમની મુલાકાત દરમિયાન આ મુદ્દા પર વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી.સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર એક પોસ્ટમાં, મોહસીન નકવીએ લખ્યું, "મારી વડા પ્રધાન સાથે લાંબી મુલાકાત થઈ અને તેમને આઈસીસી મામલા વિશે માહિતી આપી. તેમણે નિર્દેશ આપ્યો કે આપણે બધા વિકલ્પો પર વિચાર કરીએ અને તેનું નિરાકરણ લાવીએ. આ બેઠકમાં નક્કી થયું કે શુક્રવારે અથવા આગામી સોમવારે અંતિમ નિર્ણય લેવામાં આવશે." સૂત્રોના જણાવ્યા અનુસાર, વડા પ્રધાને નકવીને કહ્યું હતું કે પાકિસ્તાને બાંગ્લાદેશને તમામ શક્ય ટેકો આપવો જોઈએ, જે તાજેતરમાં ૭ ફેબ્રુઆરીથી શરૂ થઈ રહેલી ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગયું છે.પીસીબીના નજીકના સૂત્રોએ જણાવ્યું હતું કે વડા પ્રધાનને અનેક વિકલ્પો વિશે માહિતી આપવામાં આવી હતી, જેમાં પાકિસ્તાન વર્લ્ડ કપમાં ટીમ ન મોકલે કે ટુર્નામેન્ટમાં ભાગ ન લે પરંતુ ૧૫ ફેબ્રુઆરીએ ભારત સામેની મેચનો બહિષ્કાર કરે.

# ૨૧ ટેસ્ટ મેચ રમનાર બેટ્સમેન પાસેથી કેપ્ટનશીપ છીનવાઈ ગઈ : ૨૫ વર્ષીય રાહુલ ટીમમાં પરત




મુંબઈ,
૨૦૨૫-૨૬ રણજી ટ્રોફીના લીગ તબક્કાના અંતિમ મેચ પહેલા કર્ણાટક ક્રિકેટમાં મોટો ફેરફાર જોવા મળ્યો છે. પંજાબ સામેની મહત્વપૂર્ણ મેચ પહેલા, દેવદત્ત પડિકલને કર્ણાટક ટીમના નવા કેપ્ટન તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે, જ્યારે મયંક અગ્રવાલને કેપ્ટનશીપ પરથી દૂર કરવામાં આવ્યા છે. કેપ્ટનશીપ છીનવાઈ ગઈ હોવા છતાં, મયંક અગ્રવાલને ટીમમાંથી બહાર કરવામાં આવ્યા નથી. પંજાબ સામેની મેચ માટે કર્ણાટક ટીમમાં છ નિષ્ણાત બેટ્સમેનોમાં તેનો સમાવેશ કરવામાં આવ્યો છે. મયંક અગ્રવાલ લાંબા સમયથી ભારતીય ટીમની બહાર છે અને તેને ૨૧ ટેસ્ટ મેચ રમવાનો અનુભવ છે.

કેએલ રાહુલનું નામ પણ આ ટીમમાં સામેલ છે. કેએલ રાહુલે ૨૦૧૮ થી માત્ર બે રણજી ટ્રોફી મેચ રમી છે, જે તેની છેલ્લી મેચ જાન્યુઆરી ૨૦૨૫ માં હરિયાણા સામે હતી. આ સિઝનમાં મયંક અગ્રવાલનું પ્રદર્શન સરેરાશ રહ્યું છે. તેણે નવ ઈનિંગ્સમાં ૨૯૮ રન બનાવ્યા છે, જેમાં એક સદી અને બે અડધી સદીનો સમાવેશ થાય છે. દરમિયાન, દેવદત્ત પડિકલે સિઝનની પ્રથમ મેચમાં ૯૬ અને ૧૫ રન બનાવ્યા હતા, પરંતુ રણજી ટ્રોફીના પ્રથમ તબક્કામાં અન્ય કોઈ મેચમાં રમ્યો ન હતો. ત્યારબાદ તેણે વિજય હજારે ટ્રોફીમાં શાનદાર પ્રદર્શન કર્યું, કર્ણાટકને સેમિફાઈનલમાં પહોંચાડ્યું અને નવ ઈનિંગ્સમાં ૭૨૫ રન બનાવીને બીજા ક્રમે રહ્યો. જોકે, મધ્યપ્રદેશ સામેની અંતિમ રણજી ટ્રોફી મેચમાં, પડિકલ બંને ઈનિંગ્સમાં રન બનાવી શક્યો નહીં.રવિચંદ્રન સ્મૃતિના પુનરાગમનથી કર્ણાટકની બેટિંગ મજબૂત બની છે, જે ઈજાને કારણે પાછલી મેચ ચૂકી ગયો હતો. કરુણ નાયર ઈજાને કારણે રમતમાંથી બહાર રહેશે. મધ્યપ્રદેશ સામેની મેચમાં તેને આંગળીમાં ગંભીર ઈજા થઈ હતી અને તે હજુ પણ સંપૂર્ણ રીતે ફિટ નથી. ફાસ્ટ બોલિંગ આક્રમણનું નેતૃત્વ પ્રખ્યાત કૃષ્ણ કરશે, જે સિઝનની પોતાની પહેલી મેચ રમવા માટે તૈયાર છે. તેણે ગયા સિઝનમાં ફક્ત બે મેચ રમી હતી. મધ્યપ્રદેશ સામેની હાર બાદ, કર્ણાટકનો પંજાબ સામેનો મુકાબલો કરો યા મરો બની ગયો છે. કર્ણાટક ૨૧ પોઈન્ટ સાથે ગ્રુપ મ્માં ત્રીજા સ્થાને છે, જ્યારે મહારાષ્ટ્ર (૨૪ પોઈન્ટ) અને મધ્યપ્રદેશ (૨૨ પોઈન્ટ) તેમનાથી આગળ છે.

# સૂર્યકુમાર યાદવ પાસે શાનદાર તક : ૪૧ રન બનાવી રોહિત અને વિરાટના ખાસ કલબમાં જોડાશે



વિશાખાપટ્ટનમ,
ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચેની ટી ૨૦ શ્રેણી ચાલી રહી છે, ત્રણ મેચના પરિણામો પહેલાથી જ જાહેર થઈ ગયા છે. ભારતીય ટીમે પ્રથમ ત્રણ મેચ જીતીને ટી ૨૦ શ્રેણીમાં ૩-૦ની અજેય લીડ મેળવી છે. ભારત હવે ન્યુઝીલેન્ડ સામે શ્રેણી જીતવા પર નજર રાખી રહ્યું છે. ચોથી મેચમાં ભારતીય ટીમ કેવું પ્રદર્શન કરે છે તે જોવું રસપ્રદ રહેશે. પાંચ મેચની ટી ૨૦ શ્રેણીનો ચોથો મેચ ૨૮ જાન્યુઆરીએ વિશાખાપટ્ટનમમાં રમાશે, જ્યાં ભારતીય ચાહકો કેપ્ટન સૂર્યકુમાર યાદવ પાસેથી બીજી મોટી ઈનિંગની અપેક્ષા રાખશે.

વર્તમાન ટી ૨૦ શ્રેણીમાં, સૂર્યકુમાર પ્રથમ મેચમાં બેટથી નોંધપાત્ર પ્રભાવ પાડવામાં નિષ્ફળ ગયો, તેણે ફક્ત ૩૨ રન બનાવ્યા. જોકે, સૂર્યાએ બીજી અને ત્રીજી મેચમાં શાનદાર વાપસી કરી, ઉત્તમ અડધી સદી ફટકારી. તેણે બીજી મેચમાં અણનમ ૮૨ અને ત્રીજી મેચમાં અણનમ ૫૭ રન બનાવ્યા. ચોથી મેચમાં પણ તેની પાસેથી આવી જ ઈનિંગની અપેક્ષા છે, જેનાથી તેને મહાન સિદ્ધિઓ પ્રાપ્ત કરવાની તક મળશે.

જો સૂર્યકુમાર યાદવ આગામી મેચમાં ૪૧ રન બનાવશે, તો તે ૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૩,૦૦૦ રન પૂર્ણ કરશે. હાલમાં, તેણે ૧૦૨ ટી ૨૦ મેચોમાં ૧૯૬ ઈનિંગ્સમાં ૨,૯૫૯ રન બનાવ્યા છે, જેમાં ચાર સદી અને ૨૩ અડધી સદીનો સમાવેશ થાય છે. અત્યાર સુધી, ફક્ત બે ભારતીય બેટ્સમેન ટી ૨૦ ક્રિકેટમાં ૩,૦૦૦ કે તેથી વધુ રન બનાવવામાં સફળ રહ્યા છે. આ બે ખેલાડીઓ રોહિત શર્મા અને વિરાટ કોહલી સિવાય બીજું કોઈ નહીં. વિરાટ અને રોહિત બંનેએ ૨૦ ઓવરના ફોર્મેટમાં ભારત માટે ૪,૦૦૦ થી વધુ રન બનાવ્યા છે.ટી ૨૦ ક્રિકેટ ઈતિહાસમાં સૌથી વધુ રન બનાવનારા બેટ્સમેન

રોહિત શર્મા - ૪૨૩૧,વિરાટ કોહલી - ૪૧૮૮,સૂર્યકુમાર યાદવ - ૨૯૫૯,કેએલ રાહુલ - ૨૨૬૫,હાર્દિક પંડ્યા - ૨૦૨૭

સૂર્યકુમાર યાદવની આગેવાની હેઠળની ટીમ ઈન્ડિયા ૭ ફેબ્રુઆરીએ ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં પોતાનું અભિયાન શરૂ કરશે.

# સસ્પેન્સ થ્રિલર ફિલ્મ ‘પાતકી’ ૩૦ જાન્યુઆરીએ રિલીઝ થશે



મુંબઈ,
ગુજરાતી સિનેમા જયારે નવી ઊંચાઈઓ સર કરી રહ્યું છે, ત્યારે વર્ષ ૨૦૨૬ની સૌથી વધુ રાહ જોવાતી સસ્પેન્સ થ્રિલર ’પાતકી’ હવે મોટા પડદા પર દસ્તક દેવા માટે તૈયાર છે. આજે અમદાવાદ ખાતે આયોજિત એક પ્રેસ વાર્તાલાપ માં ફિલ્મની સ્ટારકાસ્ટ હિતેન તેજવાણી, શ્રદ્ધા ડાંગર અને ગૌરવ પાસવાલા તથા ડિરેક્ટર અને રાઈટર અભિનય દેશમુખ, પ્રોડ્યુસર આલાપ કિકાણી અને પ્રોડ્યુસર ચૌલા દોશી એ ફિલ્મ અંગે ખાસ માહિતી આપી હતી. આ ફિલ્મ આગામી ૩૦ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ વિશ્વભરના સિનેમાઘરોમાં રિલીઝ થશે.અભિનય દેશમુખ દ્વારા નિર્દેશિત અને લિખિત અને ’એએમપી સ્ટુડિયો પ્રોડક્શન્સ’ના બેનર હેઠળ બનેલ આ ફિલ્મ અવિરત પિક્ચર્સ, કાલાંશ ક્રિએટીવ્સ, પામ સ્ટુડિયો, કનક પિક્ચર્સ અને વિઝન મુવી મેકર્સના એસોશિએશન સાથે નિર્માણ થયેલ છે. આ ફિલ્મમાં પ્રતિભાશાળી અભિનેત્રી શ્રદ્ધા ડાંગર અને જાણીતા અભિનેતા ગૌરવ પાસવાલા મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. દિવ્યેશ દોશી, આલાપ કિકાણી, નૂપલ પટેલ, આનંદ ખમર અને રાજુ રાયસિંઘાની આ ફિલ્મના પ્રોડ્યુસર્સ છે. મુખ્ય કલાકારો ઉપરાંત સુચિતા ત્રિવેદી, હિતેન તેજવાણી, ઉજ્જવલ દવે, કરણ જોશી અને આકાશ ઝાલા જેવા દિગ્ગજ કલાકારો મહત્વના રોલમાં છે.

# અભિનેત્રી મીમી ચક્રવર્તીએ સ્ટેજ પરફોર્મન્સ દરમિયાન હેરાનગતિનો આરોપ લગાવ્યો, પોલીસ ફરિયાદ નોંધાવી



મુંબઈ,
મિમી ચક્રવર્તીએ લાઈવ સ્ટેજ શો દરમિયાન હેરાનગતિ અને અપમાનનો આરોપ લગાવ્યો છે. આ ઘટના રવિવારે બોનગાંવ શહેરના નયાગ્રામ વિસ્તારમાં એક સાંસ્કૃતિક કાર્યક્રમમાં બની હતી.મિમીની ફરિયાદ મુજબ, આયોજકોમાંથી એક તન્મય શાસ્ત્રી સ્ટેજ પર ચઢી ગયો. તેણે મીમીના પ્રદર્શનમાં વિક્ષેપ પાડ્યો અને તેને મધ્યરાત્રિએ સ્ટેજ છોડી દેવા કહ્યું. મીમીએ કહ્યું કે તેણીને આ ઘટનાથી ખૂબ અપમાન અને નારાજગી અનુભવાઈ છે. તેણીએ ઈમેઈલ દ્વારા બાણગાંવ પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ નોંધાવી.બીજી બાજુ, આયોજક યુવક સંઘ ક્લબે આ આરોપોને નકારી કાઢ્યા. તેઓએ કહ્યું કે મીમી લગભગ એક કલાક મોડી આવી. તન્મય શાસ્ત્રીએ કહ્યું, "કાર્યક્રમને ફક્ત મધ્યરાત્રિ સુધી જ મંજૂરી આપવામાં આવી હતી. વિસ્તારના વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષાઓ લઈ રહ્યા છે, તેથી કાર્યક્રમ વહેલો બંધ કરવો પડ્યો. અમે મીમીનું અપમાન કે હેરાનગતિ કરી નથી. તેના આરોપો સંપૂર્ણપણે ખોટા છે." તેમણે એવો પણ આરોપ લગાવ્યો કે મીમીના બોડીગાર્ડ્સે ક્લબની મહિલા સભ્યો સાથે ગેરવર્તણૂક કરી, જેઓ રાત્રે ૧૧:૪૫ વાગ્યે તેમનું સન્માન કરવા સ્ટેજ પર આવી હતી.તન્મય શાસ્ત્રીએ આગળ કહ્યું, "અમે જાણીએ છીએ કે મીમી એક મોટી સ્ટાર છે, પરંતુ જો અમે મધ્યરાત્રિ ૧૨ વાગ્યા પછી કાર્યક્રમ ચાલુ રાખ્યો હોત, તો પોલીસે આવીને તેને અટકાવ્યો હોત અને અમારી સામે કેસ દાખલ કર્યો હોત." જો મીમીને ગેરસમજ થઈ હોય અથવા નારાજગી થઈ હોય, તો અમે તેના માટે માફી માંગીએ છીએ.’ પોલીસ આ મામલાની તપાસ કરી રહી છે.મિમી ચક્રવર્તી એક ભારતીય બંગાળી અભિનેત્રી, ગાયિકા અને ભૂતપૂર્વ રાજકારણી છે. તે મુખ્યત્વે ટોલીવુડ (બંગાળી ફિલ્મ ઉદ્યોગ) માં તેના કામ માટે જાણીતી છે. ૨૦૧૯ માં, તેણીએ રાજકારણમાં પ્રવેશ કર્યો અને ્ક્ઞ્ઝ (તૃણમૂલ કોંગ્રેસ) ની ટિકિટ પર જાદવપુરથી લોકસભા સાંસદ તરીકે ચૂંટાઈ આવી, પરંતુ સ્થાનિક નેતાઓ સાથેના મતભેદોને કારણે ૨૦૨૪ માં રાજીનામું આપ્યું.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ક્ષ | ડી | બં | ભ | ણા | ફ | અ: | કા | ક | સ | ળ | બા |
| ન | લ | તુ | મ | જી | ર | ઊ | ગ | ર | લ | પ્રા | દ |
| ભો | ર | લ | રો | ફ | જ | ભો | ળ | પ્ર | ત | ન | બા |
| ન | શ | ક | ઉ | બ | ક | મો | ણ | ણ | સા | ગી | કી |
| મ | હિ | મા | રા | પ્ર | મા | દ | કા | સ | ર | દ | ચા |
| અ | સ | બ | કા | તી | લા | અં | સા | ન | પ્રા | ઔ | ગં |
| ક્ષ | ર | દ | બં | ઇ | દા | જી | અ | મા | ડી | ક | લ |
| અ | ક્રો | બ | ર | ભા | કા | ક | ણિ | ન | સા | દ | કુ |
| કા | શ | ર | મો | તી | બૂ | ક | ચી | તુ | ભા | હિ | ઇ |
| એ | ળો | અ | મા | ગ | ઊ | ખ | બૂ | ક | બૂ | મો | સ |
| સ | ભો | રા | ઔ | ળ | જી | બ | ર | અ | ગ | પ્રા | ઇ |
| બ | મા | બા | ન | વા | ક | શ | અ | આ | ણા | મા | સ |

શબ્દ શોધો

**પ્રમાદ, પ્રસાદ, પ્રામાણિક, ફરજ, બરાબર, બાદબાકી, ભમરો, ભાતીગળ, ભોરલ, મહિમા**

# અહીં કોઈ કાસ્ટિંગ કાઉચ સંસ્કૃતિ નથી તે વ્યક્તિ પર આધાર રાખે છે,ચિરંજીવી



મુંબઈ,
મેગાસ્ટાર ચિરંજીવી, જે હાલમાં તેમની ફિલ્મ "મન શંકર વારા પ્રસાદ ગારુ" ની સફળતાની ઉજવણી કરી રહ્યા છે, તે હવે તેમણે આપેલા નિવેદન માટે સમાચારમાં છે. તાજેતરમાં જ આ સુપરસ્ટારે કાસ્ટિંગ કાઉચ પર વાત કરી હતી, જેનાથી સોશિયલ મીડિયા પર ચર્ચા શરૂ થઈ ગઈ હતી. બોલિવૂડ અને દક્ષિણ ભારતીય સિનેમાની ઘણી અભિનેત્રીઓએ કાસ્ટિંગ કાઉચના મુદ્દા પર પોતાના અનુભવો શેર કર્યા છે. ફાતિમા સના શેખ અને સૈયામી ખેરથી લઈને ટીવી અભિનેત્રી ચાહત ખન્ના સુધી, ઘણી સુંદરીઓએ દક્ષિણ ભારતીય ફિલ્મ ઉદ્યોગમાં કાસ્ટિંગ કાઉચનો પર્દાફાશ કર્યો છે. આ દરમિયાન, મેગાસ્ટાર ચિરંજીવીએ પણ દક્ષિણ ભારતીય ફિલ્મ ઉદ્યોગમાં કાસ્ટિંગ કાઉચના આરોપોનો જવાબ આપ્યો છે. ઉદ્યોગમાં કાસ્ટિંગ કાઉચના મુદ્દા પર વાત કરતી વખતે, તેમણે કંઈક એવું કહ્યું જેણે સોશિયલ મીડિયા પર એક નવી ચર્ચા જગાવી છે.

ચિરંજીવીએ હૈદરાબાદમાં આયોજિત તેમની નવીનતમ ફિલ્મ "મન શંકરા વારા પ્રસાદ ગારુ" ના એક કાર્યક્રમમાં હાજરી આપી હતી, જ્યાં તેમણે ટોલીવુડમાં કાસ્ટિંગ કાઉચ વિશે વાત કરી હતી. સુપરસ્ટારે ખુલ્લેઆમ તેલુગુ ફિલ્મ ઉદ્યોગની પ્રશંસા કરી અને ઉદ્યોગમાં કોઈપણ કાસ્ટિંગ કાઉચ સંસ્કૃતિનો સ્પષ્ટ ઈનકાર કર્યો. તેમણે કહ્યું, "ઉદ્યોગ એક અરીસા જેવું છે; તમે જે છો તે પ્રતિબિંબિત કરો છો." તેમણે ઉમેર્યું, "અહીં કોઈ કાસ્ટિંગ કાઉચ સંસ્કૃતિ નથી. તે વ્યક્તિ પર આધાર રાખે છે. સિનેમા, અન્ય કોઈપણ વ્યવસાયની જેમ, વ્યક્તિગત વર્તન દ્વારા બનાવવામાં આવે છે."વાતચીત દરમિયાન, ચિરંજીવીએ ઉદ્યોગ વિશે પ્રવર્તમાન રૂઢિપ્રયોગોને પણ સંબોધિત કર્યા અને તેમની પુત્રીનું ઉદાહરણ આપ્યું. તેમણે દાવો કર્યો કે જે કલાકારો પોતાના નિયમોનું પાલન કરે છે.

# વી.વી.પી. પરિવાર દ્વારા ૭૭માં પ્રજાસત્તાક દિવસની ભવ્ય ઉજવણી



રાજકોટ

"રાષ્ટ્રાય સ્વાહા ઈદં ન મમ" ને વરેલી સૌરાષ્ટ્ર-કચ્છની ખ્યાતનામ વી.વી.પી. એન્જીનીયરીગ કોલેજના કેમ્પસ માં વીવીપી એન્જીનીયરીગ કોલેજ , ઈન્દુભાઈ પારેખ સ્કૂલ ઓફ આર્કિટેક્ચર અને કીચ સ્કૂલ ઓફ ડિઝાઈન એમ ત્રણે કોલેજ ના સંયુક્ત ઉપક્રમે

૨૬ મી જાન્યુઆરી, ૭૭ માં પ્રજાસત્તાક દિવસની ભવ્ય ઉજવણી થઈ હતી. આ તબક્કે જાણીતા ઉદ્યોગપતિ શ્રી ઘનશ્યામભાઈ ઢોલરીયા, લઘુઉદ્યોગ ભારતીના જનરલ સેક્રેટરી શ્રી હંસરાજભાઈ ગજેરા, વીવીપી એન્જીનીયરીગ કોલેજના પ્રિન્સીપાલશ્રી ડો. પિયુષભાઈ વણઝારા, આર્કીટેકચર કોલેજના પ્રિન્સીપાલશ્રી દેવાંગભાઈ પારેખ, કીચ સ્કૂલ ઓફ ડીઝાઈનના પ્રિન્સીપાલ પ્રો. શૈલીબેન ત્રિવેદીસ ત્રણે કોલેજના વિદ્યાર્થીઓ તથા શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં મહેમાનો દ્વારા ભારત માતાનું પૂજન અને બાદમાં ધ્વજારોહણ કરવામાં આવેલ.

આ પ્રસંગે શ્રી ઘનશ્યામભાઈ ઢોલરીયાએ જણાવ્યું હતું કે, આવનારો સમય એ રીસર્ચ અને ઈનોવેશનનો છે અને તેથી જ તમારા જેવા ભાવિ ઈજનેરોએ આ કાર્યમાં વધુ તાકાત લગાવવાની જરૂર છે. ભારત સરકારના સરાહનીય પ્રયાસોના ભાગરૂપે આત્મનિર્ભર ભારતની મુવમેન્ટ જે ચાલી રહી છે તેના લીધે જ આજે

## આત્મનિર્ભર ભારતની દિશામાં ડગલું માંડવું એ પ્રજાસત્તાક દિનની વિશેષ ઉજવણી છે- ઘનશ્યામભાઈ ઢોલરીયા

## રીસર્ચ અને ઈનોવેશનની દિશામાં થઈ રહેલા પ્રયાસો ભારતને આગળ લઈ જશે- હંસરાજભાઈ ગજેરા


વૈશ્વિક અસ્થીરતાઓની વચ્ચે પણ ભારતની જીડીપી વધી રહી છે. આ દિશામાં વધુમાં વધુ પ્રયાસ કરવાનું કામ તમારા જેવા ભાવિ ઈજનેરોનું છે અને મને વિશ્વાસ છે કે વીવીપીના વિદ્યાર્થીઓને આ સંસ્થામાં જે રીતે શિક્ષણ અપાઈ રહ્યું છે તેવા વિદ્યાર્થીઓ આ દિશામાં ચોક્કસ વિચારશે અને ભારતને આગળ લઈ જશે.શ્રી હંસરાજભાઈ ગજેરાએ જણાવ્યું હતું કે, લઘુઉદ્યોગ ભારતી અને વીવીપીના સંયુક્ત પ્રયાસોને લઈને અમે રાજકોટના ઉદ્યોગ જગતને સાથે રાખીને એ દિશામાં પ્રયત્નો કરી રહ્યાં છીએ કે, ભારતમાં ચીન જેવા દેશોમાંથી થતું આયાત ઘટે અને અહીયાના ઉદ્યોગો માટે જરૂરી એવા ઉપકરણો અહિયાં એટલે કે, રાજકોટમાં જ બને. આવનારા દિવસોમાં અમે હજુ પણ અમારા આ પ્રયત્નોમાં વીવીપીના શૈક્ષણિક કર્મચારીઓ અને વિદ્યાર્થીઓને સાથે રાખીને આગળ વધશું જેનો પ્રત્યક્ષ લાભ ભારતને થશે.

વીવીપીના પ્રિન્સિપાલ શ્રી ડો.પિયુષભાઈ વણઝારાએ જણાવ્યું હતું કે, લઘુઉદ્યોગ ભારતીના સુંદર સહકારથી અમારા પ્રોફેસર શ્રી ભાર્ગવભાઈ ગોકાણી અને ડો. દિપેશભાઈ કુંડલીયાને રૂપિયા ૭૦ લાખની ગ્રાન્ટ મળી છે જેના અંતર્ગત ઈમ્પોર્ટ સબસ્ટીટયુટ ડીવાઈસ બનશે અને આવનારા દિવસોમાં આ સંશોધનનો રાજકોટ, ગુજરાત અને ભારતના ઉદ્યોગ જગતને મળશે.

વીવીપીની અને જીટીયુની કલ્ચરલ સ્પર્ધાઓમાં વિજેતા થયેલા વિદ્યાર્થીઓને આ તબક્કે ઈનામો પણ આપવામાં આવ્યા હતા.વીવીપીના પ્રિન્સિપાલ શ્રી ડો.પિયુષભાઈ વણઝારાના માર્ગદર્શન હેઠળ કલ્ચરલ કમિટીના કન્વીનર ડૉ. ચાર્મીબેન પટેલ, વીવીપી-એન.એસ.એસ.ના ઈન્ચાર્જ પ્રો. ગૌરવભાઈ પરમાર, વીવીપી- એન.સી.સી.ના ઈન્ચાર્જ પ્રો. વિશાલભાઈ નિમાવત, થીયેટરમાં અમિતભાઈ પાઠક, ડાન્સમાં હાર્દિકભાઈ પંડ્યા, લીટરેચરમાં પૂજાબેન, ફાઈન આર્ટસ કમિટીના સ્વીટુબેન, ઈવેન્ટ મેનેજમેન્ટમાં સ્નેહાબેન પંડ્યા તથા વિદ્યાર્થીઓ દ્વારા રાષ્ટ્ર ભક્તિ પ્રગટ થાય તે થીમ પર સુંદર સુશોભન કરેલ. પ્રજાસત્તાક પર્વની ઉજવણી અન્વયે તમામ ઉપસ્થિત વિદ્યાર્થીઓ તથા કર્મચારીઓએ ભારત માતાનું પૂજન કરેલ હતું. આ તકે એન.સી.સી.ના કેડેટસ દ્વારા ભવ્ય પરેડ કરવામાં આવી હતી.વીવીપીના ટ્રસ્ટીઓ શ્રી વિદ્યાર્થીની પસંદગી બદલ સંસ્થાના ટ્રસ્ટીઓશ્રી કૌશિકભાઈ શુકલ, ડો.સંજીવભાઈ ઓઝા, શ્રી હર્ષલભાઈ મણીઆર, ડો. નરેન્દ્રભાઈ દવે તથા ડો. નવિનભાઈ શેઠે ૭૭માં પ્રજાસત્તાક પર્વની બધાને શુભેચ્છા પાઠવેલ છે.

# રાજકોટ માર્કેટિંગ યાર્ડમાં નવા લસણની આવકના શ્રીગણેશ

## મુહુર્તના સોદાનો ભાવ પ્રતિ મણ રૂ.૩,૩૫૨ બોલાયા



રાજકોટ,

રાજકોટ માર્કેટિંગ યાર્ડમાં આજે નવા લસણની આવકના શ્રીગણેશ થયો હતો. આજુબાજુના ગામડાઓમાંથી આવેલ તાજા લસણની પ્રથમ આવકથી યાર્ડમાં વેપારી વર્ગમાં ઉત્સાહ જોવા મળ્યો હતો.

નવા પાકની આવક શરૂ થતાં બજારમાં ભાવ અને ગુણવત્તા અંગે ચર્ચા જોવા મળી હતી. મળતી માહિતી મુજબ, કમિશન એજન્ટ તરીકે ભાગ્યોદય ટ્રેડિંગ કંપની દ્વારા લસણની હરાજી કરવામાં આવી હતી. આ લસણ કોટેશ્વર ગાર્લિક એન્ડ ઓનિયન એન્ટરપ્રાઈઝ (એમ.પી.) દ્વારા મોકલવામાં આવ્યું હતું. નવા લસણનો પ્રતિ મણ રૂ. ૩,૩૫૨ ભાવ બોલાયો હતો.

# રાજકોટના વોર્ડ નં.૧૮માં પેવીંગ બ્લોક નાખવાના કામનો શુભારંભ



રાજકોટ,રાજકોટ મહાનગર પાલિકા દ્વારા વોર્ડ નં.૧૮માં વૃંદાવન બંગલો અને શ્યામ રેસી.માં જન ભાગીદારી યોજના હેઠળ પેવીંગ બ્લોક નાખવાના કામનો શુભારંભ વોર્ડના કોર્પોરેટરઓ દ્વારા કરવામાં આવેલ. આ ખાતમુહૂર્ત કાર્યક્રમમાં કોર્પોરેટર સંજયસિંહ રાણા, દક્ષાબેન વાઘેલા,પ્રમુખ અનિલભાઈ દોંગા,મહામંત્રી મુન્નાભાઈ જોગરાણા,ધર્મેશભાઈ કિહોર, હિમાંશુભાઈ રાજયગુરૂ, નિલેશભાઈ મુંગરા,કાળુભાઈ સરપંચ, રામભાઈ ડાંગર, મહેશભાઈ આસોદરીયા, દિનેશભાઈ કિડીયા, મુકેશભાઈ ગઢવી, તેમજ વિસ્તારવાસીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા .

# ખોડલધામમાં ખોડલ જયંતિ અને પ્રજાસત્તાક દિવસની ઉજવણી

## ટ્રસ્ટી શ્રી વિમલભાઈ પાદરીયા દ્વારા કેન્સર હોસ્પિટલના ભૂમિદાનમાં ૧,૧૧,૧૧,૧૧૧ નું દાન જાહેર કર્યું, અન્નકૂટ પણ ધરવામાં આવ્યો



કાગવડ (રાજકોટ): તારીખ ૨૬ જાન્યુઆરી ને મહા સુદ આઠમના પાવન દિવસે શ્રી ખોડલધામ મંદિરે આઈશ્રી ખોડીયાર જયંતીની ઉજવણી કરવામાં આવી હતી. આઈશ્રી ખોડીયાર જયંતી નિમિત્તે ટ્રસ્ટીશ્રી વિમલભાઈ પાદરિયા દ્વારા મા ખોડલને વિવિધ મિઠાઈ, ફરસાણ, કેક, મિષ્ટાન સહિતની વાનગીઓનો ૫૬ ભોગનો અન્નકૂટ ધરવામાં આવ્યો હતો. મા ખોડલને આ દિવસે વિશિષ્ટ આભૂષણો અને ફૂલોથી શણગાર કરવામાં આવ્યો હતો. આ પાવન દિવસે વહેલી સવારથી જ શ્રદ્ધાળુઓ મા ખોડલના પાવન દર્શન અને અન્નકૂટ દર્શનનો અમૂલ્ય લ્હાવો લેવા પહોંચ્યા હતા.

આઈ શ્રી ખોડિયાર જયંતીના પાવન દિવસે ટ્રસ્ટીશ્રી વિમલભાઈ પાદરીયા અને તેમના પરિવાર દ્વારા શ્રી ખોડલધામ ટ્રસ્ટ- કાગવડ દ્વારા નિર્માણ પામી રહેલા કેન્સર હોસ્પિટલ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટમાં ૧,૧૧,૧૧,૧૧૧ (એક કરોડ ૧૧ લાખ ૧૧ હજાર ૧૧૧ રૂપિયા)નું ભૂમિદાન જાહેર કરવામાં આવ્યું હતું. તેઓએ પરિવાર સાથે શ્રી ખોડલધામ મંદિરે મા ખોડલના દર્શન કરી આશીર્વાદ મેળવ્યા હતા અને આ ભૂમિદાનની જાહેરાત કરી હતી. વિમલભાઈ પાદરીયા અને તેઓના પરિવારના આ નિર્ણયની સમગ્ર ટ્રસ્ટી મંડળે સરાહના કરી હતી. ૨૬મી જાન્યુઆરીના રોજ શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ હર્ષોલ્લાસ સાથે ૭૭મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શ્રી ખોડલધામ મંદિરે સ્ટાફગણ, શ્રદ્ધાળુઓ અને ટ્રસ્ટીશ્રીઓની હાજરીમાં રાષ્ટ્રધ્વજ ફરકાવીને ઉજવણી કરવામાં આવી હતી. જ્યારે રાજકોટ શહેરના શ્રી સરદાર પટેલ ભવન ખાતે પણ શ્રી સરદાર પટેલ કલ્ચરલ ફાઉન્ડેશન- રાજકોટ દ્વારા પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરાઈ હતી. આ ઉપરાંત સોમનાથ સ્થિત શ્રી લેઉવા પટેલ સમાજ અતિથિ ભવન ખાતે પણ રાષ્ટ્રધ્વજ ફરકાવીને હર્ષભેર ૭૭મો પ્રજાસત્તાક દિવસ ઉજવાયો હતો.

# ૧૪મી ઓપન ગુજરાત ફૂટબોલ ડે એન્ડ નાઈટ ટુર્નામેન્ટ

## આ ટુર્નામેન્ટમાં સમગ્ર ગુજરાતમાંથી ૨૪ ટીમો ભાગ લેશે




રાજકોટ:

ભારતમાં ફૂટબોલ રમત પ્રત્યે સતત વધતી લોકપ્રિયતા વચ્ચે ફીફા (FIFA), ઓલ ઈન્ડિયા ફૂટબોલ એસોસિએશન (AIFF) તથા ગુજરાત ફૂટબોલ એસોસિએશનના સંયુક્ત પ્રયાસોથી ખાસ કરીને યુવાનોમાં ફૂટબોલના વિકાસ પર વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. આ સંદર્ભમાં ગુજરાતમાં ફૂટબોલનું ભવિષ્ય અત્યંત ઉજ્જવળ જણાય છે. આ પરિપ્રેક્ષ્યમાં રાજ્યમાં તથા પોલીસ વિભાગમાં ફૂટબોલ સહિત વિવિધ રમતોના ઉત્થાન અને પ્રોત્સાહનના ઉદ્દેશ્ય સાથે રાજકોટ સીટી પોલીસ અને એહસાસ ટ્રસ્ટ દ્વારા રાજકોટની પ્રતિષ્ઠિત કંપની જ્યોતિ સી.એન.સી.ના સહયોગથી ૧૪મી ઓપન ગુજરાત ફૂટબોલ ડે એન્ડ નાઈટ ટુર્નામેન્ટનું આયોજન તા. ૨૨ ફેબ્રુઆરીથી ૦૧ માર્ચ ૨૦૨૬ દરમ્યાન રેસકોર્સ રીંગ રોડ સ્થિત આર.એમ.સી. ફૂટબોલ ગ્રાઉન્ડ ખાતે કરવામાં આવી રહ્યું છે. છેલ્લા ૧૪ વર્ષથી નિયમિતપણે યોજાતી રાજકોટ સીટી પોલીસ અને જ્યોતિ સી.એન.સી. ચેલેન્જ કપ ૨૦૨૬ ફૂટબોલ ટુર્નામેન્ટ ગુજરાત ફૂટબોલ એસોસિએશન તથા રાજકોટ ફૂટબોલ એસોસિએશનની માન્યતા પ્રાપ્ત ટુર્નામેન્ટ છે. આ ડે એન્ડ નાઈટ ટુર્નામેન્ટમાં ગુજરાતભરમાંથી કુલ ૨૪ ટીમો ભાગ લેશે. ભાગ લેનાર તમામ ખેલાડીઓ માટે આયોજકો દ્વારા નિઃશુલ્ક રહેવાની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. ઉપરાંત દર્શકો માટે રેસકોર્સ ફૂટબોલ ગ્રાઉન્ડ ખાતે લાઈટિંગ અને બેઠક વ્યવસ્થા પણ સુચારુ રીતે કરવામાં આવી છે. ટુર્નામેન્ટમાં ગુજરાત ફૂટબોલ એસોસિએશન દ્વારા માન્યતા પ્રાપ્ત રેફરીઓ ફરજ નિભાવશે તેમજ અનુભવી અને પૂર્વ રમતવીરો દ્વારા મેચનું સંચાલન કરવામાં આવશે.

આ સમગ્ર ફૂટબોલ ટુર્નામેન્ટના સફળ આયોજન માટે ક્રાઈમ બ્રાન્ચના ડી.સી.પી. શ્રી જગદિશ બાંગરવા સાહેબ, જ્યોતિ સી.એન.સી.ના શ્રી વિક્રમસિંહ રાણા, શ્રી કૌશિકભાઈ સોલંકી, રાજકોટ ફૂટબોલ એસોસિએશનના શ્રી બી. કે. જાડેજા તથા શ્રી રોહિતભાઈ બુંદેલા, અહેસાસ ટ્રસ્ટના શ્રી નિશ્ચલભાઈ સંઘવી, કૂ. કિન્નરીબેન પટેલ તેમજ શ્રી ડિસોઝા શ્રી રાજુભાઈ અને શ્રી જયેશભાઈ કનોજીયાના માર્ગદર્શન હેઠળ પોલીસ વિભાગ, એહસાસ ટ્રસ્ટની ટીમ જહેમત ઉઠાવી રહી છે.

# રાજકોટના ઈન્ટરનેશનલ એરપોર્ટમાં પ્રજાસત્તાક પર્વની ભવ્ય ઉજવણી: રાષ્ટ્રધ્વજને સલામી



રાજકોટ :રાજકોટના હીરાસર ગ્રીનફીલ્ડ ઈન્ટરનેશનલ એરપોર્ટમાં ૭૭માં પ્રજાસતાક પર્વની ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. સમુહ રાષ્ટ્રગાન સાથે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું.

ઈન્ટરનેશનલ એરપોર્ટના ડીરેક્ટર દિગંત બોહરાના હસ્તે રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી .

આ તકે ઉપસ્થિત મુખ્ય મહેમાન સ્વામી અપૂર્વમુનિએ રાષ્ટ્ર ભાવનાને ઉજાગર કરતો સંદેશો આપ્યો હતો. સ્વામી અપૂર્વમુનિની ઉપસ્થિતિમાં સીઆઈએસએફ, ડોગસ્કવોર્ડનું શિસ્ત, હિંમત અને સમર્પણથી ભરપૂર પ્રદર્શન સાથે સીઆઈએસએફ કયુઆરટી ટીમે યોગ પ્રદર્શન રજૂ કર્યું હતું. આ પ્રસંગે એરપોર્ટમાં ફરજ બજાવતા અધિકારીઓ - કર્મચારીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

# રાજકોટની ગાર્ડી વિદ્યાપીઠમા ટ્રાફિક જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો



રાજકોટ,

રાજકોટમાં માર્ગ સલામતી, ટ્રાફિક નિયમો વિશેની જાણકારી, જાગૃકતા અને હેલ્મેટ પહેરવાના મહત્વ અંગે લોક જાગૃતિ અભિયાન બી.એચ.ગાર્ડી કોલેજ ઓફ એન્જીનીયરીંગ એન્ડ ટેકનોલોજી દ્વારા ચલાવવામાં આવ્યું હતું. ટ્રાફિક નિયમોનું યોગ્ય પાલન કરી અકસ્માત નિવારવા અને ટુ વ્હીલર ચાલકોએ હેલ્મેટ ખાસ પહેરવા અંગે લોકોને જાગૃત કર્યા હતા. સામાજિક જવાબદારીના ભાગરૂપે આ કાર્યક્રમ ગાર્ડી વિદ્યાપીઠના મેનેજીંગ ડિરેકટર જય મહેતાના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો.

# રાજકોટ શહેરમાં એક સપ્તાહમાં શરદી- તાવ- ઉધરસ- ઝાડા- ઉલ્ટીના ૨૦૩૦ કેસ નોંધાયા

## મનપા દ્વારા ૬૦૯ રહેણાંકોમાં ફોગીંગ કરાયાનો દાવો: મચ્છર ઉત્પતિ સબબ ૧૬૨ને નોટીસ

રાજકોટ,

રાજકોટ શહેરમાં ઠંડી ઋતુ વચ્ચે રોગચાળાનો પગપેસારો વધુ થવા પામ્યો છે. મનપાના આરોગ્ય વિભાગમાં આ સપ્તામહે શરદી, તાવ, ઝાડા, ઉલ્ટીના ૨૦૩૦ થી વધુ દર્દી નોંધાયા છે. મચ્છરજન્યં રોગના ૨ કેસ નોંધાયા છે. આ અંગે મ્યુ. કોર્પોરેશનની સતાવાર માહિતી મુજબ તા.૧૯ થી ૨૫ જાન્યુ. સુધીમાં નોંધાયેલ રોગચાળાના કેસની વિગત મુજબ શરદી તાવના ૨૦૩૦ થી વધુ કેસ

શહેરમાં શરદી-ઉધરસના કેસ ૧૦૪૯ તેમજ સામાન્ય તાવના ૭૮૩ અને ઝાડા ઉલ્ટીના કેસ ૧૯૮ સહિત કુલ ૨૦૩૦ થી વધુ દર્દીઓ નોંધાયા હતા. જયારે સીઝનમાં શરદી-ઉધરસના કેસ ૪૨૧૦ તેમજ સામાન્ય તાવના ૨૯૨૬ અને ઝાડા ઉલ્ટીના કેસ ૮૩૧ તથા ટાઈફોઈડના ૧ તેમજ કમળાના ૫ કેસ નોંધાયા છે.

રોગચાળા દ્વારા ઉભા થતા જાહેર આરોગ્ય પડકારને પહોંચી વળવા માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તમામ સ્તરે ઘનીષ્ટ પ્રયાસો કરી રહ્યા છે. પોરાનાશક કામગીરી હેઠળ ૧૭૫૫૫ ઘરોમાં પોરાનાશક કામગીરી કરેલ છે તથા ૬૦૯ ઘરોમાં ફોગીંગ કામગીરી કર્યાનો દાવો કર્યો છે. આ કામગીરી હેઠળ રહેણાંક સિવાય અન્ય ૨૭૧થી વધુ સ્થળોએ મચ્છર ઉત્પતિ સબબ તપાસ કરવામાં આવતા રહેણાંક સહિત મચ્છર ઉત્પતિ દેખાતા ૧૬૨ લોકોને નોટીસ આપવામાં આવી હતી.

# શુક્રવારે રાજકોટના શહેરના તમામ કતલખાના બંધ રાખવા આદેશ

## મહાત્મા ગાંધી નિર્વાણ દિન નિમિત્તે મનપા દ્વારા જાહેરનામું પ્રસિધ્ધ

રાજકોટ,

રાજકોટ મહાનગર પાલિકા દ્વારા આગામી તા.૩૦ને શુક્રવારના રોજ મહાત્મા ગાંધી નિર્વાણદિન નિમિત્તે મનપાના વિસ્તારમાં આવેલ તમામ પ્રકારના કતલખાના બંધ રાખવા તેમજ માસ, મટન, મચ્છી અને ચીકનનુ વેંચાણ કરવા પર પ્રતિબંધ ફરમાવતુ જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે.

આગામી તા.૩૦/૦૧/૨૦૨૬ ના રોજ મહાત્મા ગાંધી નિર્વાણ દિન નિમિતે રાજકોટ મહાનગર પાલિકાના વિસ્તારમાં આવેલ તમામ પ્રકારના કતલખાનાઓ બંધ રાખવા તેમજ માંસ, મટન, મચ્છી અને ચીકનનું વેંચાણ કરવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે. સંબંધકર્તા સર્વેએ આ જાહેરનામાની અમલવારી ચુસ્તપણે કરવી અને જાહેરનામાનો ભંગ કરનાર સામે ધી જી.પી.એમ.સી. એકટ- ૧૯૪૯ની કલમ ૩૨૯ અને ૩૩૬ તથા રાજકોટ મહાનગરપાલિકાના બાયલોઝ અન્વયે ધોરણસરની કાર્યવાહી કરવામાં આવશે. જેની સંબંધકર્તા સર્વેએ ગંભીર નોંધ લેવી.

# ભારત અને ઈયુ વચ્ચે વાર્ષિક ૧૮૦ બિલિયન યુરોથી વધુનો વેપાર

## ભારત-ઈયુ સોદાથી બંને અર્થતંત્રો માટે વરદાન :સોદાથી યુરોપિયન અને ભારતીય ગ્રાહકો બંનેને નોંધપાત્ર ફાયદો થશે

નવીદિલ્હી,

નવી દિલ્હીમાં હૈદરાબાદ હાઉસ ખાતે તેમની મુલાકાત દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદી, યુરોપિયન કાઉન્સિલના પ્રમુખ એન્ટોનિયો કોસ્ટા અને યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેન.

ભારત અને યુરોપિયન યુનિયનએ મંગળવારે ઐતિહાસિક, મહત્વાકાંક્ષી અને વ્યાપારી રીતે મહત્વપૂર્ણ મુક્ત વેપાર કરાર પર વાટાઘાટો પૂર્ણ કરી. આ બંને પક્ષો દ્વારા અત્યાર સુધીનો સૌથી મોટો વેપાર કરાર છે. એવા સમયે જ્યારે વૈશ્વિક અર્થતંત્ર અસંખ્ય પડકારો અને વધતા ભૌગોલિક રાજકીય તણાવનો સામનો કરી રહ્યું છે, આ સોદો ભારત અને ઈયુ ની આર્થિક ખુલ્લાપણું અને નિયમો-આધારિત વૈશ્વિક વેપાર પ્રત્યેની સહિયારી પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

વડાપ્રધાન મોદીએ ઈયુ-ભારત સોદાને ઐતિહાસિક ગણાવ્યો, કહ્યું કે તે વેપાર અને વૈશ્વિક સપ્લાય ચેઈનને મજબૂત બનાવશે.આ સોદાથી રસાયણોઃ મોટાભાગના કિસ્સાઓમાં ઈયુ માંથી આયાત કરાયેલા રાસાયણિક ઉત્પાદનો પર ૨૨% સુધીની આયાત જકાત નાબૂદ કરવામાં આવશે, જેનાથી વિવિધ ઉત્પાદનો સસ્તા બનશે.

મશીનરીઃ યુરોપિયન મશીનરી પર ૪૪% સુધીની ઊંચી જકાત મોટાભાગે નાબૂદ કરવામાં આવશે. આનાથી મૂડી માલ અને ઔદ્યોગિક ઈનપુટ્સનો ખર્ચ ઘટશે.

ફાર્માસ્યુટિકલ્સઃ ઈયુ ફાર્માસ્યુટિકલ ઉત્પાદનો પર ૧૧% સુધીની જકાત લગભગ સંપૂર્ણપણે નાબૂદ કરવામાં આવશે.

તબીબી અને સર્જિકલ સાધનોઃ ઓપ્ટિકલ, તબીબી અને સર્જિકલ સાધનોના લગભગ ૯૦% ડ્યુટી-મુક્ત થઈ જશે, જેનાથી આરોગ્ય સંભાળ ખર્ચમાં ઘટાડો થવાની અપેક્ષા છે.

વિમાન અને અવકાશયાનઃ આ શ્રેણીના લગભગ તમામ ઉત્પાદનો પર ટેરિફ નાબૂદ કરવામાં આવશે, જેનાથી ઉડ્ડયન અને અવકાશ ક્ષેત્રોને નોંધપાત્ર ફાયદો થશે.

યુરોપિયન કારઃ ઈયુ માંથી આયાત કરાયેલા કાર પર ટેરિફ ધીમે ધીમે ઘટાડીને ૧૦% કરવામાં આવશે. આ લાભ વાર્ષિક ૨.૫ લાખ વાહનોના ક્વોટામાં આપવામાં આવશે, જે પ્રીમિયમ આયાતી કારને પહેલા કરતાં વધુ સસ્તું બનાવશે.

ખાદ્ય અને પીણાં પર અસર

ઓલિવ તેલ, માર્જરિન અને પસંદગીના વનસ્પતિ તેલ પરના ટેરિફ ઘટાડવામાં આવશે અથવા દૂર કરવામાં આવશે.

ફળોના રસ અને પ્રોસેસ્ડ ફૂડ ઉત્પાદનો પરની આયાત ડ્યુટી નાબૂદ કરવામાં આવશે.બીયર પરના ટેરિફ ઘટાડીને ૫૦% કરવામાં આવશે. વાઈન પર ડ્યુટી ઘટાડીને ૨૦-૩૦% કરવામાં આવશે. આ કરાર હેઠળ, ભારતમાં ઈયુ નિકાસના ૯૦% થી વધુ પર ઘટાડો અથવા શૂન્ય ટેરિફ લાગુ કરવામાં આવશે. એવો અંદાજ છે કે આના પરિણામે યુરોપિયન નિકાસકારો માટે વાર્ષિક આશરે •4 બિલિયનની બચત થશે, જેનો સીધો લાભ ભારતીય ગ્રાહકો અને સ્થાનિક ઉદ્યોગોને સસ્તા ભાવ અને સુધારેલા ઈનપુટ ખર્ચના સ્વરૂપમાં થશે.

હાલમાં, ભારત અને ઈયુ વેપાર વાર્ષિક ૧૮૦ બિલિયનથી વધુ છે, જે લગભગ ૮૦૦,૦૦૦ ઈયુ નોકરીઓને ટેકો આપે છે. આ કરાર હેઠળ, ભારતમાં ૯૬.૬% ઈયુ ઉત્પાદનો પરના ટેરિફ ઘટાડવામાં આવશે અથવા દૂર કરવામાં આવશે, જેનાથી ૨૦૩૨ સુધીમાં ભારતમાં ઈયુ નિકાસ બમણી થવાનો અંદાજ છે. ટેરિફ ઘટાડાથી યુરોપિયન ઉત્પાદનો પર વાર્ષિક આશરે ૪ અબજ યુરોની ડ્યુટી બચત થવાની ધારણા છે.

# દેહરાદૂનમાં ભારે વરસાદ, કેદારનાથ ધામ સહિત ઊંચા શિખરો પર બરફવર્ષા, ભારે ઠંડી

## જિલ્લા વહીવટીતંત્રે તાત્કાલિક અસરથી શાળાઓ બંધ રાખવાનો આદેશ આપ્યો

દહેરાદુન,

ઉત્તરાખંડ માં હવામાન બદલાતાની સાથે, રાજધાની દેહરાદૂન માં ભારે વરસાદ પડ્યો, જ્યારે કેદારનાથ ધામ સહિત ઊંચાઈવાળા વિસ્તારોમાં બરફવર્ષા તીવ્ર ઠંડીનું કારણ બની રહી છે. હવામાન વિભાગે આજે રાજ્ય માટે ઓરેન્જ એલર્ટ જારી કર્યું છે. ગઈકાલે મોડી રાતથી કેદારનાથ ધામની આસપાસના પર્વતોમાં હળવી હિમવર્ષા થઈ રહી છે. જ્યોતિર્મઠ વિસ્તારમાં પણ હવામાન બદલાયું છે. ઊંચાઈવાળા વિસ્તારોમાં હિમવર્ષાને કારણે ભારે ઠંડી પડી છે. મંગળવારે ફરી એકવાર હવામાને પલટો લીધો. આકાશ વાદળોથી ઢંકાયેલું હતું અને ઊંચા શિખરો પર હિમવર્ષા શરૂ થઈ હતી. રૂપકુંડ, નંદા ઘુઘુટી અને ત્રિશૂલમાં સતત હિમવર્ષા ચાલુ રહી.



હવામાન વિભાગે આજે, ૨૭ જાન્યુઆરીએ દહેરાદૂનમાં ગંભીર હવામાનની આગાહી કરી છે. જારી કરાયેલા ઓરેન્જ એલર્ટ મુજબ, વિસ્તારમાં ભારે વરસાદ અને હિમવર્ષા સાથે ભારે પવન ફૂંકાઈ શકે છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, જિલ્લા વહીવટીતંત્રે તાત્કાલિક અસરથી શાળાઓ બંધ રાખવાનો આદેશ આપ્યો છે.

આ આદેશ ફક્ત દહેરાદૂન જિલ્લામાં લાગુ પડે છે અને અન્ય જિલ્લાઓમાં શાળા સંચાલનને અસર કરશે નહીં. વહીવટીતંત્રે માતાપિતાને અપીલ કરી છે કે તેઓ તેમના બાળકોને ઘરે સુરક્ષિત રાખે અને ભવિષ્યમાં હવામાન ચેતવણીઓ પર ધ્યાન આપે.

# મક્કા મદીનામાં પણ નિયમો છે તો ભારતના ધર્મસ્થાનો નિયમ ઘડે તેમાં વાંધો શું

**ઓલ ઈન્ડિયા ઈમામ ઓર્ગેનાઈઝેશનના ચીફ ઈમામ ડો. ઉમર અહેમદ ઈલિયાસીએ ચારધામ અંગેના નિર્ણયને આસ્થાનો વિષય ગણાવી તેનું સમર્થન કર્યું**

નવી દિલ્હી,

ઉત્તરાખંડના વિશ્વપ્રસિદ્ધ તીર્થધામો બદ્રીનાથ, કેદારેશ્વર અને ગંગોત્રીમાં હવે બિન-હિંદુઓના પ્રવેશ પર પ્રતિબંધ મૂકવાની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. બદ્રીનાથ-કેદારનાથ મંદિર સમિતિએ તમામ હિતધારકો સાથે આ મુદ્દે પરામર્શ કરીને સૈદ્ધાંતિક સંમતિ સાધી લીધી છે, જેને આગામી બોર્ડ મીટિંગમાં સત્તાવાર મંજૂરી આપવામાં આવશે. બીજી તરફ, ગંગોત્રી મંદિર સમિતિએ આ અંગે પહેલેથી જ નિર્ણય લઈ લીધો છે. જોકે, સમિતિએ સ્પષ્ટ કર્યું છે કે સનાતન ધર્મમાં અતૂટ આસ્થા ધરાવતા તમામ લોકોનુંસ્વાગત ચાલુ રહેશે.

આ સંવેદનશીલ મુદ્દે મુસ્લિમ ધર્મગુરુઓ તરફથી પણ મહત્વની પ્રતિક્રિયાઓ સામે આવી છે. ઓલ ઈન્ડિયા ઈમામ ઓર્ગેનાઈઝેશનના ચીફ ઈમામ ડો. ઉમર અહેમદ ઈલિયાસીએ આ નિર્ણયને આસ્થાનો વિષય ગણાવતા તેનું સમર્થન કર્યુંછે. તેમણે કહ્યું કે, દરેક ધાર્મિક સ્થળના પોતાના આગવા નિયમો હોય છે અને જો મંદિર સમિતિ આવો નિર્ણય લે તો તેમાં કોઈને વાંધો ન હોવો જોઈએ. તેમણે વધુમાં ઉમેર્યું કે, જે રીતે મક્કા અને મદીનામાં બિન-મુસ્લિમોનો પ્રવેશ વર્જિત છે, તેવી જ રીતે હિંદુ આસ્થાના કેન્દ્રો પર પણ આવા નિયમો હોઈ શકે છે. મુસ્લિમોએ અન્ય ધર્મોની પવિત્ર જગ્યાઓ પર જવાનું ટાળવું જોઈએ જેથી કોઈપણ પ્રકારનો ટકરાવ ન થાય.

મંદિર સમિતિઓના આ વલણની સાથે જ હરિદ્વારની ગંગા સભાએ પણ 'હર કી પૌડી' ખાતે બિન-હિંદુઓના પ્રવેશ પર પ્રતિબંધની માંગ દોહરાવી છે. અત્યાર સુધી ગંગોત્રી અને બદ્રી-કેદારમાં આ મુદ્દે સહમતી સધાઈ છે, જ્યારે યમુનોત્રી મંદિર સમિતિએ હજુ સુધી પોતાનો અંતિમ નિર્ણય જાહેર કર્યો નથી. ઉત્તરાખંડ સરકાર આ મામલે મંદિર સમિતિઓના અભિપ્રાય સાંભળ્યા બાદ પોતાનો આખરી નિર્ણય લેશે તેમ જણાવાયું છે.

જોકે, આ મામલે રાજકીય ગરમાવો પણ તેજ થયો છે. કોંગ્રેસે આ હિલચાલનો સખત વિરોધ કરતા આરોપ લગાવ્યો છે કે ભાજપ સરકાર જનતાના મૂળભૂત પ્રશ્નો પરથી ધ્યાન હટાવવા માટે આવા મુદ્દાઓ ઉછાળી રહી છે. કોંગ્રેસના સાંસદ ઈમરાન મસૂદે પ્રતિક્રિયા આપતા જણાવ્યું કે, ગંગોત્રી ધામ હિંદુઓનું પવિત્ર સ્થળ છે અને ત્યાં પહેલેથી જ કોઈ મુસ્લિમ જતું નથી, પરંતુ ઓળખ સાબિત કરવાની શરતો લાદીને સમાજમાં વૈમનસ્ય ફેલાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

# મહાકાલ મંદિરમાં વીઆઈપી દર્શન સામેની અરજી સુપ્રીમ કોર્ટે ફગાવી, હાઈકોર્ટનો નિર્ણય માન્ય

## બેન્ચે અરજદાર દર્પણ અવસ્થીને મંદિર સત્તાવાળા સમક્ષ પોતાનો કેસ રજૂ કરવાનો નિર્દેશ આપ્યો

નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટે મધ્યપ્રદેશના ઉજ્જૈનમાં શ્રી મહાકાલેશ્વર મંદિરના ગર્ભગૃહમાં વીઆઈપી દર્શન સામેની અરજી ફગાવી દીધી. અરજી ફગાવી દેતા, સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે ધાર્મિક બાબતોનું નિયમન તેના અધિકારક્ષેત્રમાં નથી અને મંદિર મેનેજમેન્ટે આવા મુદ્દાઓ પર નિર્ણય લેવો જોઈએ. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ આર. મહાદેવન અને જસ્ટિસ જોયમલ્યા બાગચીની બનેલી બેન્ચે અરજદાર દર્પણ અવસ્થીને મંદિર સત્તાવાળા સમક્ષ પોતાનો કેસ રજૂ કરવાનો નિર્દેશ આપ્યો.

કોર્ટે અરજી ફગાવી દીધા પછી, અરજદાર દર્પણ અવસ્થીનું પ્રતિનિધિત્વ કરતા વરિષ્ઠ વકીલ વિષ્ણુ શંકર જૈને અરજી પાછી ખેંચવાની પરવાનગી માંગી અને સંબંધિત અધિકારીઓ સમક્ષ પોતાનો કેસ રજૂ કરવાની ઈચ્છા વ્યક્ત કરી.

વકીલ વિષ્ણુ શંકર જૈને દલીલ કરી કે નાગરિકો સાથે તેમના વીઆઈપી દરજ્જાના આધારે ભેદભાવ કરી શકાતો નથી. જૈને કહ્યું, "જો કોઈ ગર્ભગૃહમાં પ્રવેશ કરી રહ્યું છે, તો તે ઘણીવાર કલેક્ટરની ભલામણને કારણે થાય છે. નિયમિત ભક્તને દેવતાને પાણી ચઢાવવાનો સમાન અધિકાર હોવો જોઈએ." તેમણે દલીલ કરી કે કાં તો દરેક માટે પ્રવેશ પર સંપૂર્ણપણે પ્રતિબંધ મૂકવો જોઈએ અથવા દરેકને સમાન પરવાનગી આપવી જોઈએ.

આ અરજીમાં મધ્યપ્રદેશ હાઈકોર્ટના પવિત્ર શિવલિંગને પાણી ચઢાવવા બદલ વીઆઈપી દર્શન સામેની અરજીને ફગાવી દેવાના આદેશને પડકારવામાં આવ્યો હતો.

સુનાવણી દરમિયાન, મુખ્ય ન્યાયાધીશે કહ્યું કે મંદિર વ્યવસ્થાપનમાં ન્યાયિક દખલગીરીની પોતાની મર્યાદાઓ હોય છે અને આવા મુદ્દાઓનો નિર્ણય ટોચ પરના લોકો પર છે. તેમણે કહ્યું, વીઆઈપી પ્રવેશને મંજૂરી આપવી જોઈએ કે નહીં તે કોર્ટ નક્કી કરી શકતી નથી." મુખ્ય ન્યાયાધીશે ઉમેર્યું કે ગર્ભગૃહની અંદર મૂળભૂત અધિકારોનો કડક અમલ અનિચ્છનીય પરિણામો તરફ દોરી શકે છે.

# અમેરિકામાં સદીની સૌથી ખતરનાક ઠંડી! બર્ફીલા તોફાનથી અત્યાર સુધીમાં સુધીમાં ૩૦ના મોત

## ૨૦ ઈંચ સુધીની હિમવર્ષાને કારણે તાપમાન માઈનસ ૩૧ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું

વોશિંગ્ટન,

અમેરિકામાં આવેલા ભયંકર વિન્ટર સ્ટોર્મની અસરથી આખો દેશ ઠંડી અને બરફવર્ષાની ચપેટમાં આવી ગયો છે. બરફનું આ તોફાન અમેરિકા માટે એક મોટી કુદરતી આફત બની ગયું છે, જેના કારણે ભારે બરફ જામી ગયો છે, ભારે ઠંડી પડી રહી છે, વીજળી ગુલ થઈ ગઈ છે અને જાનમાલનું ભારે નુકસાન થયું છે. ઉત્તરપૂર્વમાં ભારે હિમવર્ષાની સાથે દક્ષિણ રાજ્યોમાં ફ્રિઝિંગ વરસાદને કારણે લાખો લોકો વીજળી વિના ઠંડીમાં ધ્રુજી ગયા.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ૨૦ ઈંચ સુધીની હિમવર્ષાને કારણે તાપમાન માઈનસ ૩૧ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું છે. અહેવાલો અનુસાર, વાવાઝોડાથી મૃત્યુઆંક ઓછામાં ઓછો ૩૦ સુધી પહોંચી ગયો છે. અમેરિકામાં ઉત્તરપૂર્વ ભાગમાં આવેલું આ તોફાન સદીનું સૌથી મોટું અને ભયંકર તોફાન માનવામાં આવી રહ્યું છે. આ તોફાનને કારણે ભારે હિમવર્ષા, ઠંડી અને વરસાદે અનેક રાજ્યોમાં કહેર વરસાવ્યો છે.

વાવાઝોડાને કારણે અમેરિકાના અરકાનસાસથી ન્યૂ ઈંગ્લેન્ડ સુધીના ૨,૧૦૦ કિલોમીટરના વિસ્તારમાં એક ફૂટથી વધુ બરફ જામી ગયો છે. વાહનો રસ્તાઓ પર ફસાયા છે, હજારો ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે અને શાળાઓ બંધ કરી દેવામાં આવી છે. ન્યૂ યોર્ક શહેરમાં તાજેતરના વર્ષોમાં સૌથી વધુ બરફવર્ષા થઈ. સેન્ટ્રલ પાર્કમાં ૧૧ ઈંચ બરફ જામ્યો. મુખ્ય રસ્તાઓ સાફ કરવામાં આવ્યા, પરંતુ ફૂટપાથ પર લોકો ઘૂંટણ સુધીના બરફમાં ચાલવા મજબૂર થયા. ઘણી સબવે લાઈનો મોડી પડી.

દક્ષિણના રાજ્યોમાં પરિસ્થિતિ વધુ ખરાબ થઈ, જ્યાં બરફ સાથે ફ્રિઝિંગ વરસાદ થયો. તેના કારણે વૃક્ષો અને વીજળીના થાંભલા પડી ગયા. ૭૫૦,૦૦૦થી વધુ ઘરોમાં વીજળી ગુલ થઈ ગઈ. ખાસ કરીને મિસિસિપી અને ટેનેસીમાં, વીજળી ગુલ થઈ ગઈ. મિસિસિપીમાં, આને ૧૯૯૪ પછીનું સૌથી ખરાબ બરફનું તોફાન કહેવામાં આવી રહ્યું છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં વોર્મિંગ સ્ટેશનો પર ખાટલા, ધાબળા, પાણી અને જનરેટર પહોંચાડવામાં આવી રહ્યા છે.

અમેરિકાના ઘણા રાજ્યોમાં બર્ફીલા હવામાનને કારણે જાનહાનિ પણ થઈ છે. ન્યુ યોર્ક સિટીમાં ઠંડીને કારણે લગભગ આઠ લોકોના મોત થયા. મેસેચ્યુસેટ્સ અને ઓહિયોમાં, સ્નોપ્લો (બરફ હટાવનાર વાહન) સાથે અથડાઈને બે લોકોના મોત થયા. અરકાનસાસ અને ટેક્સાસમાં પણ સ્લેડિંગ દરમિયાન બે કિશોરના મોત થયા હોવાના અહેવાલ છે. કેન્સાસમાં ૨૮ વર્ષીય મહિલાનો મૃતદેહ બરફમાં દટાયેલો મળી આવ્યો. મિસિસિપી, ટેનેસી, લ્યુઈસિયાના, પેન્સિલવેનિયા અને અન્ય રાજ્યોમાંથી પણ મૃત્યુના અહેવાલો મળ્યા છે.

ઠંડી એટલી વધારે છે કે અમેરિકાના ૪૮ રાજ્યોમાં સરેરાશ લઘુત્તમ તાપમાન માઈનસ ૧૨.૩ઞ સુધી ઘટવાની ધારણા છે, જે ૨૦૧૪ પછી સૌથી ઠંડુ છે. સોમવારે દેશભરમાં ૮,૦૦૦થી વધુ ફ્લાઈટ્સને અસર થઈ. રવિવારે અમેરિકાની ૪૫ ટકા ફ્લાઈટ્સ કેન્સલ થઈ જે કોરોના કાળ પછીનો સૌથી મોટો આંકડો છે.

# ગંગોત્રી ધામમાં બિન-હિન્દુઓના પ્રવેશ પર પ્રતિબંધ

## માતા ગંગાના શિયાળુ નિવાસસ્થાન મુખબામાં અમલ

શિમલાહા,

ઉત્તરાખંડમાં સ્થિત ચાર ધામ હિન્દુ ધર્મમાં સૌથી પવિત્ર સ્થાન માનવામાં આવે છે. આ ચાર ધામ યમુનાત્રી, ગંગોત્રી, કેદારનાથ અને બદ્રીનાથ છે. હવે, ગંગોત્રી ધામથી મોટા સમાચાર આવી રહ્યા છે. ઉત્તરાખંડના ગંગોત્રી ધામમાં બિન-હિન્દુઓના પ્રવેશ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ગંગોત્રી મંદિર સમિતિના અધ્યક્ષે આ નિર્ણય અંગે માહિતી આપી છે.

માહિતી અનુસાર, ઉત્તરાખંડના ગંગોત્રી ધામમાં બિન-હિન્દુઓના પ્રવેશ પર પ્રતિબંધ મૂકવાનો નિર્ણય રવિવારે યોજાયેલી શ્રી ગંગોત્રી મંદિર સમિતિની બેઠકમાં સર્વાનુમતે લેવામાં આવ્યો હતો. મંદિર સમિતિએ માહિતી આપી છે કે આ પ્રતિબંધ ફક્ત ગંગોત્રી ધામ પર જ નહીં પરંતુ માતા ગંગાના શિયાળુ નિવાસસ્થાન મુખબા પર પણ લાગુ પડશે. ગંગોત્રી મંદિર સમિતિના અધ્યક્ષ સુરેશ સેમવાલે ગંગોત્રી ધામમાં બિન-હિન્દુઓના પ્રવેશ પર પ્રતિબંધ મૂકવાના આ નિર્ણય અંગે માહિતી આપી છે. તેમણે જણાવ્યું છે કે નિર્ણય મુજબ, ધામમાં બિન-હિન્દુઓના પ્રવેશ પર સંપૂર્ણપણે પ્રતિબંધ રહેશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે આ પ્રતિબંધ દેવીના શિયાળુ નિવાસસ્થાન મુખબા પર પણ લાગુ પડશે.

# યુએઈ ઈરાન સામે હુમલા માટે કોઈને પણ પોતાનું હવાઈ ક્ષેત્ર કે પ્રદેશ આપશે નહીં

## વાતચીત, તણાવ ઓછો કરવો, આંતરરાષ્ટ્રીય કાયદાનું પાલન અને રાજ્ય સાર્વભૌમત્વનો આદર એ વર્તમાન કટોકટીનો સામનો કરવા માટે સૌથી અસરકારક આધારઃ યુએઈ

વોશિંગ્ટન,

અમેરિકા અને ઈરાન વચ્ચે તણાવ ચરમસીમાએ છે. તાજેતરમાં ઈરાનમાં મોટા પાયે વિરોધ પ્રદર્શનો ફાટી નીકળ્યા છે, અને તેમને દબાવવા માટે કરવામાં આવેલા હિંસક કાર્યવાહીમાં ૫,૦૦૦ થી વધુ લોકો માર્યા ગયા છે. ઈરાન આ વિરોધ પ્રદર્શનો માટે અમેરિકા અને ઈઝરાયલને દોષી ઠેરવે છે. દરમિયાન, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વારંવાર ઈરાન સામે કાર્યવાહીની ચેતવણી આપી છે. આ સમયે, આ ક્ષેત્રના એક મહત્વપૂર્ણ દેશ, સંયુક્ત આરબ અમીરાતએ અમેરિકાને મોટો ફટકો આપ્યો છે.યુએઈ એ જણાવ્યું છે કે તે ઈરાન સામે હુમલા માટે કોઈને પણ પોતાનું હવાઈ ક્ષેત્ર કે પ્રદેશ આપશે નહીં.

યુએઈ એ ઈરાન સામે કોઈપણ પ્રતિકૂળ લશ્કરી કાર્યવાહી માટે પોતાના હવાઈ ક્ષેત્ર, પ્રદેશ કે પાણીનો ઉપયોગ કરવાની મંજૂરી નહીં આપવાની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ કરી છે, અને આ સંદર્ભમાં કોઈ લોજિસ્ટિકલ સપોર્ટ પણ આપશે નહીં.યુએઈ માને છે કે વાતચીત, તણાવ ઓછો કરવો, આંતરરાષ્ટ્રીય કાયદાનું પાલન અને રાજ્ય સાર્વભૌમત્વનો આદર એ વર્તમાન કટોકટીનો સામનો કરવા માટે સૌથી અસરકારક આધાર છે.

યુએઈ એ આ નિવેદન એવા સમયે જારી કર્યું છે જ્યારે ગલ્ફમાં તણાવ વધી રહ્યો છે. અમેરિકા આ ક્ષેત્રમાં પોતાની નૌકાદળની હાજરી વધારી રહ્યું છે અને એવું માનવામાં આવે છે કે તે ટૂંક સમયમાં ઈરાન પર હુમલો કરશે. અમેરિકાનું ઘાતક વિમાનવાહક જહાજ,યુએસએસ અબ્રાહમ લિંકન, ત્રણ વિનાશક જહાજો સાથે મધ્ય પૂર્વમાં પહોંચી ગયું છે. આ વિમાનવાહક જહાજ એફ-૩૫ લાઈટનિંગ -૨ ફાઈટર જેટ અને એફ/એ-૧૮ સુપર હોર્નેટ ફાઈટર જેટ જેવા ફાઈટર જેટથી સજ્જ છે. ડિસ્ટ્રોયર્સ ઘટક મિસાઈલ પણ વહન કરે છે.

# અમેરિકાને પરમાણુ ડેટા લીક કરવાના આરોપસર ચીનના ટોચના જનરલ સામે તપાસ

## રાજકીય જૂથો બનાવવા, સેન્ટ્રલ મિલિટરી કમિશનમાં સત્તાનો દુરુપયોગ અને લશ્કરી ખરીદીમાં ભ્રષ્ટ પ્રથાઓનો ઉપયોગ સહિતના અનેક આરોપો

બીજીંગ,

ચીને તેના સૌથી શક્તિશાળી લશ્કરી નેતાઓમાંના એક સામે તપાસ શરૂ કરી છે.દેશની અંદર અને બહાર બંને જગ્યાએ તપાસ શરૂ કરવામાં આવી છે, કારણ કે આરોપો ભ્રષ્ટાચારથી લઈને સંવેદનશીલ પરમાણુ શસ્ત્રોનો ડેટા અમેરિકાને લીક કરવા સુધીના છે. ચીનના સેન્ટ્રલ મિલિટરી કમિશનના વાઈસ ચેરમેન અને પીપલ્સ લિબરેશન આર્મીમાં સર્વોચ્ચ ક્રમાંકિત ગણવેશધારી અધિકારી જનરલ ઝાંગ યુક્સિયા સામે તપાસ શરૂ કરવામાં આવી છે.



ચીનના રાષ્ટ્રીય સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે "શિસ્ત અને કાયદાના ગંભીર ઉલ્લંઘન" માટે તપાસ શરૂ કરવામાં આવી હતી. મંત્રાલયે વધુ વિગતો આપી નથી.

ધ વોલ સ્ટ્રીટ જર્નલ દ્વારા આ આરોપો સૌપ્રથમ અહેવાલ આપવામાં આવ્યા હતા, જેમાં વરિષ્ઠ ચીની લશ્કરી અધિકારીઓ માટે બંધ બારણે, ઉચ્ચ સ્તરીય આંતરિક બ્રીફિંગથી પરિચિત લોકોનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. અહેવાલ મુજબ, ઝાંગ પર ચીનના પરમાણુ શસ્ત્રો કાર્યક્રમ સંબંધિત "મુખ્ય તકનીકી ડેટા" યુએસને લીક કરવાનો અને પ્રમોશનના બદલામાં મોટી લાંચ સ્વીકારવાનો આરોપ છે.

ધ વોલ સ્ટ્રીટ જર્નલ અનુસાર, આ આંતરિક બ્રીફિંગ સંરક્ષણ મંત્રાલયે જાહેરમાં તપાસની જાહેરાત કરી તે પહેલાં થોડા સમય પહેલા થઈ હતી. સમાચાર અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે બ્રીફિંગમાં રાજકીય જૂથો બનાવવા, સેન્ટ્રલ મિલિટરી કમિશનમાં સત્તાનો દુરુપયોગ અને લશ્કરી ખરીદીમાં ભ્રષ્ટ પ્રથાઓનો ઉપયોગ સહિતના અનેક આરોપોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

# નિવૃત શિક્ષક દંપતીને ડિજિટલ અરેસ્ટ કરી ૧.૧૪ કરોડ પડાવ્યા:યશ બેંકના સેલ્સ ઓફીસર સહિત બે શખ્સો ઝડપાયા

રાજકોટ:રાજકોટના નિવૃત શિક્ષક દંપતીને ડિજિટલ અરેસ્ટ કરી રૂ. ૧.૧૪ કરોડ પડાવનાર મુખ્ય સૂત્રધાર સુધી પહોંચવામાં રાજકોટ સાયબર ક્રાઈમ પોલીસને સફળતા મળી છે. હરિયાણાથી યશ બેંકના સેલ્સ ઓફીસર સહિત બે શખ્સોને ઝડપી પાડી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.પોલીસ તપાસમાં આરોપી બેંક કર્મીએ શંકર રાજપુતના નામે બેન્ક એકાઉન્ટ ખોલી ફ્રોડના રૂપિયા ૧ કરોડ મેળવ્યા હોવાનું સામે આવ્યું છે. ઉલ્લેખનીય છે કે આ કેસમાં પોલીસે અત્યાર સુધી કુલ ૧૬ આરોપીઓની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



## બેંક કર્મીએ ફ્રોડના રૂ. ૧ કરોડ મેળવ્યા; કુલ ૧૬ની ધરપકડ

રાજકોટના નિવૃત શિક્ષક દંપતીને ડિજિટલ અરેસ્ટ કરી સાયબર માફિયાઓએ રૂ.૧.૧૪ કરોડ પડાવી લેતાં ચકચાર મચી જવા હતી. બનાવ અંગે સાયબર ક્રાઈમ પોલીસે ફરિયાદ નોંધાવી હતી જેમાં કુરબાનભાઈ બદામી (ઉ.વ.૭૬)ને તમારો ફોનનો ઉપયોગ ચાઈલ્ડ પોર્નો ગ્રાફી, ઓનલાઈન ગેંમીંગ, સાયબર આંતકવાદમાં થયેલ છે કહીં ફસાવી સાયબર ગઠિયાઓએ રૂપીયા પડાવ્યાં હતા.

આ કેસમાં પોલીસે અગાઉ ૧૪ આરોપીઓની ધરપકડ કર્યા બાદ વધુ બે આરોપી શંકર સોહનલાલ રાજપુત (ઉં.વ.૨૭) અને શુભમ રઘુવીરસિંઘ (ઉં.વ.૩૦)ને હરીયાણાથી પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આરોપી શુભમ યસ બેંકમા સેલ્સ ઓફીસર તરીકે ફરજ બજાવતો હતો. જેણે સહ આરોપી શંકર રાજપુતના નામે બેન્ક એકાઉન્ટ ખોલાવ્યું હતું. જે બેંક એકાઉન્ટમા ફરીયાદી સાથે થયેલ સાયબર ફ્રોડના કૂલ રૂ.૧ કરોડ ટ્રાન્સફર કરાવી સાયબર ફ્રોડ આચર્યું હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે.

રાજકોટના એરપોર્ટ રોડ પર એકજા નગરમાં રહેતાં ૭૬ વર્ષીય કુરબાનભાઈ બદામીને 'હું જીઓ ટેલીકોમ કંપનીમાંથી બોલુ છુ, તમારો ફોનનો ઉપયોગ ચાઈલ્ડ પોર્નો ગ્રાફી, ઓનલાઇન ગેંમીંગ, સાયબર આંતકવાદમાં થયેલ છે કહી ફસાવ્યાં હતાં. બાદમાં મુંબઈ ક્રાઈમ બ્રાન્ચની ઓળખ આપી તમારા આધાર કાર્ડ પરથી અલગ અલગ રાજ્યમાં ખાતા ખુલેલ છે, મનીલોડરીંગ, સાયબર આંતકવાદમાં તમારૂ આધાર કાર્ડ વપરાયેલ છે.

તમને ૧૦ વર્ષથી આજીવન કેદની શિક્ષા થશે કહીં ડિજિટલ એરેસ્ટ કરી લીધાં હતાં. ઉપરાંત સુપ્રીમ કોર્ટ ઓફ ઈન્ડીયા અને રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયાના સહી-સિક્કા સાથેના દસ્તાવેજ મોકલી કુલ રૂ.૧.૧૪ કરોડ ટ્રાન્સફર કરાવી લીધાં હતાં. જે અંગે તેઓની કેનેડા સ્થિત પુત્રીને જાણ થતાં ભાંડો ફૂટ્યો હતો અને પોલીસને જાણ કરી હતી.રાજકોટ સાયબર ક્રાઇમ પોલીસમાં ફરજ બજાવતા કિશોરકુમાર કરશનભાઈ રંગાણી નામના પોલીસે સાઈબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું હતું કે, ઓપરેશન મ્યુલ હન્ટ અંર્તગત અલગ અલગ રાજ્યોમાં સાયબર ક્રાઈમની ફરીયાદોમાં મ્યુલ બેંક એકાઉન્ટ રાજકોટ શહેરમાથી છુટ તથા ચેકથી ઉપડેલ સાયબર ફ્રોડના નાણાની હેર ફેર તેમજ નાણા એકાઉન્ટમાંથી વિથડ્રો કરતા શખ્સો સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે.દરમિયાન એક અરજીની તપાસમાં શંકાસ્પદ બેંક એકાઉન્ટ બેંક ઓફ બરોડાના એકાઉન્ટ તથા એક્સિસ બેન્કના એકાઉન્ટ અને એચડીએફસી બેંકના એકાઉન્ટ સમન્વય પોર્ટલ પર ચેક કરતા ૨૩૯ સાયબર ફ્રોડની રકમ ત્રણેય બેંક એકાઉન્ટમા ટ્રાન્સફર થઈ હતી જેથી ત્રણેય બેંક એકાઉન્ટની માહીતી મેળવી તપાસ કરતા બેન્ક એકાઉન્ટ જોગી કૃપા એન્ટરપ્રાઈઝ નામથી પેઢીના પ્રોપરાઈટર મૈશરૂ હીરાભાઈ ધ્રાંગીયાના નામે હોવાની માહિતી મળી હતી.

આરોપી મૈસુર હીરાભાઈ ધ્રાંગીયા જોગી કૃપા એન્ટરપ્રાઈઝનો પ્રોપરાઈટર હોવાનું અને તેના બેન્ક એકાઉન્ટમાં ફ્રોડના કુલ ૧.૧૭ કરોડ ટ્રાન્સફર થયા હતા અને તે ફ્રોડના નાણા હોવા છતાં મૈસુર ધ્રાંગીયાએ ATM અને ચેકથી વીડ્રો કર્યાનું સામે આવતા સાયબર ક્રાઈમ પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# પુત્રીએ પ્રેમલગ્ન કરતા પિતાએ જમાઈને તેની બહેનનું અપહરણ કરવાની ધમકી દીધી

રાજકોટ:રાજકોટના કાલાવડ રોડ રઘુવીર પાર્ક-૨ મોટામવા ખાતે રહેતાં આશિષ અલ્પાબેન વૈષ્ણવ(ઉ.વ.૨૨) દ્વારા તાલુકા પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે જામનગરના મિતેશભાઇ કિશોરભાઇ ભટ્ટ અને તપાસમાં ખૂલે તેનું નામ આપ્યું છે.આશિષે ફરિયાદમાં જણાવ્યું છે કે, તે તેના પત્ની અંકિતા, ભાઇ સુનિલ, બહેન હેતલ અને માતા અલ્પાબેન સાથે રહે છે. તેના મમ્મીના પંદર વર્ષ પહેલાં પિતા સાથે છૂટાછેડા થઇ ગયા છે. પોતે માધાપર ચોકડી ખાતે બ્લુડાર્ટ કુરિયર કંપનીમાં ડિલિવરી બોય તરીકે નોકરી કરે છે. છેલ્લા પાંચ વર્ષથી તેને અંકિતા સાથે રિલેશનશિપ હોઇ બંને તા.૧૫/૦૧/૨૦૨૬ના રોજ નાગપુર ગ્રામપંચાયત તા.કાલાવડ ખાતે રજિસ્ટર મેરેજ કર્યા છે. લગ્ન બાદ સાતેક દિવસ પોતે પત્ની અંકિતાને લઈને સાપુતારા જતો રહ્યો હતો. બાદમાં પત્નીને લઈને રાજકોટ પરત આવી ગયો હતો.અગાઉ પોતે તા.૨૦/૧૨ના રોજ અંકિતાના ઘરે જામનગર તેના પિતા મિતેશભાઇ કિશોરભાઇ ભટ્ટને મળવા પણ ગયો હતો અને અંકિતા સાથેના તેના પ્રેમસંબંધની વાત કરી પણ તેણીના પિતા માન્યા નહોતા અને ગાળો ભાંડવા લાગ્યા હતા. એ પછી તે અવારનવાર તેને ફોન કરી તેની બહેન હેતલને ઘરેથી ઉપાડી અપહરણ કરી જવાની ધમકી આપતાં હતાં અને અંકિતાનો ફોન પણ તેણે લઇ લીધો હતો. બાદ પોતે અંકિતાને જામનગર જઈ લઇ આવ્યો અને નાગપુરમાં રજિસ્ટર મેરેજ કરી લીધા હતા. જેનો ખાર રાખી સસરા મિતેશભાઇ ઘરે આવી પરિવારને મારી નાખવાની ધમકી આપતા હતા. યુવકની માતા અને ભાઇને ફોન કરી વારંવાર ધમકી આપી હતી કે અંકિતાને પાછી જામનગર મોકલી દો નહીતર આશિષને મારી નાખશું અને તેની બહેનનું અપહરણ કરી જઇશુંની ધમકી દેતા મામલો પોલીસ મથકે પહોંચ્યો છે.

**દીકરીના લગ્ન માટે નાણા વ્યાજે લીધા, ગિરવે મૂકેલી કાર છોડાવા ગયા તો મિત્રે ધમકી દીધી**

રાજકોટના ભગવતીપરામાં રહેતા સંધી-મુસ્લિમ યુવાને દીકરીના લગ્ન ખર્ચ માટે એક વર્ષ પહેલાં અયોધ્યા ચોકમાં ઓફિસ ધરાવતાં મિત્ર મારફત સુરેન્દ્રનગર રહેતા મિત્રના મિત્ર પાસે પોતાની ૮ લાખની કાર ગીરવે મૂકી ૪ ટકા વ્યાજે ૨.૪૦ લાખ લઇ તેનું ૧.૧૫ લાખ જેટલું વ્યાજ નિયમિત ભરપાઇ કરી બાદમાં પૈસાની વ્યવસ્થા થઇ જતાં પોતાની કાર પાછી માગતા બંનેએ હવે કાર ભૂલી જવાની છે. વધુ ૩ લાખ વ્યાજના આપવા પડશે તેમ કહી વારંવાર પઠાણી ઉઘરાણી કરી ગાળો દઇ ટાંટિયા ભાંગી નાખવાની, ઉપાડી જવાની ધમકી આપતા ફરિયાદ થઇ છે.અંબિકા પાર્ક બ્લોક નં.૨ ફાતિમા મસ્જિદની સામે રહેતા અબ્દુલભાઇ અલીભાઇ સંધી (ઉ.વ.૪૧) દ્વારા ગાંધીગ્રામ પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે મિત્ર પંકજ કિશોરભાઇ વાયા અને સુરેન્દ્રનગરનો તરૂણ ઉર્ફે શિવમ રાવલનું નામ આપ્યું છે.અબ્દુલભાઈએ ઘણા સમય સુધી નિયમિત વ્યાજની ચૂકવણી કર્યા બાદ નાણાંની વ્યવસ્થા થઇ જતા પોતે પંકજ અને તરુણ ઉર્ફે શિવમને નાણાં લઇ ગાડી પરત આપવાનું કહેતા બંનેએ, હવે આ ગાડી ભૂલી જજો તમારે વ્યાજે લીધેલા રૂપિયાની સામે હજુ રૂ.૩ લાખ આપવા પડશે કહી બંનેએ પઠાણી ઉઘરાણી શરૂ કરી દઈ ફોનમાં ગાળો ભાંડી ટાંટિયા ભાંગી નાખવાની ધમકી આપી હતી. પોલીસે અબ્દુલભાઈની ફરિયાદ પરથી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# NDPS કેસમાં નાસ્તા ફરતા અસલમ સમાને SOGએ ઝડપી પાડ્યો

રાજકોટ:

રાજકોટ શહેર SOGપોલીસ ટિમ પેટ્રોલિંગમાં હતી દરમિયાન ચોક્કસ બાતમી મળી હતી કે, તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ NDPS કેસમાં સંકળાયેલ આરોપી અસલમ ભીખુ સમા (ઉ.વ.૩૨) ભીસ્તીવાડ વિસ્તારમાં હોવાથી સ્થળ પર પહોંચી આરોપીને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. થોડા મહિના અગાઉ SOG દ્વારા આરોપી શાહરુખ ને ગાંજાના જથ્થા સાથે ઝડપી પાડ્યો હતો જેની પુછપરછમાં શાહરૂખને ગાંજો આરોપી અસલમએ આપ્યો હોવાનું સામે આવતા આજ રોજ આરોપી અસલમને ઝડપી પાડી વધુ તપાસ




હાથ ધરી છે.ઉલ્લેખનીય છે કે આરોપી વિરુધ્ધ અગાઉ મારામારી તેમજ જાનથી મારી નાખવા ધમકી સહીત કલમ હેઠળ અલગ અલગ બે ગુના નોંધાઈ ચુક્યા હોવાનું સામે આવ્યું છે. આરોપી દ્રહજીનો મુદામાલ ક્યાંથી લાવ્યો હતો તેમજ પોતે અન્ય કોઈને વેચતો હતો કે કેમ સહિતની દિશામાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## ૨૦૧૯ના ચકચારી હત્યા કેસમાં ગોંડલ કોર્ટનો મહત્વનો ચુકાદો

# મુખ્ય આરોપીને આજીવન કેદ, બે આરોપીઓને ૩ મહિનાની સજા

ગોંડલ:

ગોંડલની એડિશનલ સેશન્સ કોર્ટે વર્ષ ૨૦૧૯ના ચકચારી હત્યા કેસમાં આજે મહત્વનો ચુકાદો સંભળાવ્યો છે. કોર્ટે મુખ્ય આરોપીને આજીવન કેદની સજા ફટકારી છે. સરકારી વકીલ ઘનશ્યામ ડોબરીયા અને સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર બીપિન ખંઢેરિયાની દલીલોને ગ્રાહ્ય રાખી એડિશનલ સેશન્સ જજ એમ. એ. ભટ્ટીએ આ આદેશ આપ્યો હતો.

કોર્ટે આરોપી હુસેનભાઈ મકસૂદભાઈ શેખા મેમણને ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૨ હેઠળ દોષિત ઠેરવી આજીવન



કેદની સજા અને ૫,૦૦૦ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. જો દંડ ન ભરે તો વધુ એક માસની જેલની સજાનો આદેશ કરવામાં આવ્યો છે.

કેસના અન્ય બે આરોપીઓ, મોઈનભાઈ મકસૂદભાઈ શેખા મેમણ અને સલીમભાઈ હુસેનભાઈ ખીરાણી મતવાને ઁ ઞ ની કલમ ૩૨૩ (સ્વેચ્છાએ ઈજા પહોંચાડવી) હેઠળ દોષિત જાહેર કરવામાં આવ્યા છે. તેઓને ૩ મહિનાની સાદી કેદ અને ૧,૦૦૦ રૂપિયાના દંડની સજા સંભળાવવામાં આવી હતી.જોકે, આ બંને આરોપીઓ અગાઉ ટ્રાયલ દરમિયાન ૫ મહિના જેટલો સમય જેલમાં વિતાવી ચૂક્યા હોવાથી, કોર્ટે તેમને હવે વધુ જેલ ભોગવવી નહી પડે તેવો આદેશ આપી મુક્ત કર્યા છે.કોર્ટે ડિસ્ટ્રિક્ટ લીગલ સર્વિસ ઓથોરિટી , રાજકોટને ભલામણ કરી છે કે મૃતકના પિતાને વળતર આપવા અંગે વિચારણા કરવામાં આવે. આ ચુકાદો આજે તારીખ ૨૭ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ ખુલ્લી કોર્ટમાં જાહેર કરવામાં આવ્યો છે. આ સાથે જ કોર્ટે મુદ્દામાલના નિકાલ અને કોર્ટની કાર્યવાહીના દસ્તાવેજો દફતરે કરવાના આદેશો પણ આપ્યા છે.

# પશ્ચિમ બંગાળના સૂરજ રાયને ગાંજા સાથે SOGએ ઝડપી પાડ્યો

રાજકોટ:



રાજકોટ શહેર SOG પોલીસ ટિમ પેટ્રોલિંગમાં હતી દરમિયાન ચોક્કસ બાતમી મળી હતી કે, કેનાલ રોડ પર નવા કુંભારવાડા શેરી નંબર ૧૨/૯ના ખૂણે જાહેરમાં એક શખ્સ ઉભો છે જેમની પાસે ગાંજાનો જથ્થો છે જેથી સ્થળ પર પહોંચી પોલીસે તલાસી લેતા તેની પાસેથી કુલ ૨.૦૭૭ કિલોગ્રામ ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો. જેથી તેનું નામ પૂછતાં પોતે પોતાનું નામ સૂરજ રાય (ઉ.વ.૨૬) હોવાનું જણાવ્યું હતું. જેથી પોલીસે તેની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પોલીસ તપાસમાં આરોપી મૂળ પશ્ચિમ બંગાળનો વતની હોવાનું અને રાજકોટમાં મજૂરીકામ કરતો હોવાનું સામે આવ્યું છે પોલીસે આરોપી પાસેથ ગાંજો સહીત કુલ ૧.૧૪ લાખનો મુદામાલ કબ્જે કરી ગાંજાનો જથ્થો ક્યાંથી લાવી કોને વેચવાનો હતો ત દિશામાં વધુ તપાસ હાથ ધરી છે.

# ડબલ મર્ડરના આરોપીએ ફરિયાદીને ધમકી આપી 'ત્રીજું કરતાં વાર નહીં લાગે'

રાજકોટ:

રાજકોટની ઢોલરા ચોકડીએ વર્ષ ૨૦૧૮માં થયેલી બેવડી હત્યાના આરોપીએ હત્યા કેસના આરોપી યુવકને સમાધાન કેમ કરતો નથી કહી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. પોલીસે ગુનો નોંધી આરોપીની શોધખોળ શરૂ કરી હતી. રસૂલપરા પાછળની બજરંગ સોસાયટીમાં રહેતા અને ઢોલરા ચોકડી પાસે મોમાઇ કાર નામે ગેરેજ ચલાવતાં લક્ષ્મણ જેસીંગભાઇ શિયાળિયા (ઉ.વ.૨૭)એ તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં તેના કૌટુંબિક શખ્સ ભરત મેલા શિયાળિયાનું નામ આપ્યું હતું.આ બેવડી હત્યા જેની નજર સામે થઇ હતી તે લક્ષ્મણ શિયાળિયાએ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી, પોલીસે મેલા સહિતનાઓની ધરપકડ કરી હતી, વર્ષ ૨૦૨૨માં નવઘણ પેરોલ પર છૂટીને ફરાર થઇ ગયો હતો, અન્ય આરોપીઓ જામીન પર મુક્ત થયા હતા અને છાશવારે ધમકી આપતા હતા, ગત તા.૧ના લક્ષ્મણ પોતાના ગેરેજે હતો ત્યારે ભરત મેલા શિયાળિયા બાઇક લઇને ધસી ગયો હતો અને લક્ષ્મણને ધમકી આપતા કહ્યું હતું કે, તને બહું પાણી ચડી ગયું છે, તું સમાધાન નથી કરતો આથી તને પતાવી દેવો છે, બે મર્ડર કર્યા છે, તારું ત્રીજું કરતાં વાર નહીં લાગે, ઘટનાને પગલે લોકો એકઠા થઇ જતાં ભરત નાસી ગયો હતો, પોલીસે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# હરીપર પાળ ગામમાં ગોડાઉનમાંથી રૂ.૧.૭૫ લાખના સામાનની ચોરી

રાજકોટ:

રાજકોટમાં રહેતાં રવિભાઈ પરશોતમભાઈ રાદડીયા (ઉ.વ.૩૫)એ અજાણ્યા શખસો વિરુદ્ધ ચોરીની ફરિયાદ નોંધાવી છે. જેમાં તેમણે જણાવ્યું હતું કે, તેઓ રોયલ કન્સ્ટ્રક્શન નામે ધંધો કરે છે. હાલ તેઓની સાઇટ માધાપર ચોકડી અને સાધુ વાસવાણી રોડ ઉપર ચાલુ છે. બાંધકામનો સામાન રાખવા માટેનું ગોડાઉન હરીપર પાળ સર્વે નં.૩૨, પ્લોટ નં.૧, જુના બંગડીના કારખાના પાસે આવેલું છે.

૨૧ જાન્યુઆરી, ૨૦૨૬ના સાંજના ૬ વાગ્યે તેઓ ગોડાઉને ગયા હતા, ત્યારબાદ ૨૪ જાન્યુઆરી, ૨૦૨૬ના સાધુવાસવાણી રોડ પર સાઇટ ખાતે ટેકાની જરૂર હોય જેથી ગોડાઉને ટેકાના માપ લેવા માટે ગયા હતાં. જ્યાં તાળાને ખોલવાનો પ્રયાસ કરતા તાળુ ખુલતું ન હતું જેથી કોઇએ બીજુ તાળુ મારી દીધું હોવાનું જાણવા મળ્યું હતું.

ગોડાઉન ચેક કરતા અંદરની સાઈડ પતરાનો દરવાજો કપાયેલો હતો જેથી અંદર જઇ જોતા તેમાં રાખેલ બાંધકામનો સામાન લીફ્ટના કોલમ, સેફ્ટી નેટના પાઈપ સહિતનો લગભગ રૂ.૧.૭૫ લાખનો સમાન ચોરી થઈ ગયો હોવાનું જાણવા મળ્યું હતું. બનાવ અંગે ફરીયાદ પરથી મેટોડા પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફુટેજના આધારે તસ્કરોને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# રાજકોટમાં ચાલુ ફરજે હાર્ટએટેક આવતા સફાઈ કામદારનું મોત

રાજકોટ: રાજકોટના ભગવતીપરા મેઇન રોડ પર આવેલા અયોધ્યા પાર્ક શેરી નં.૨માં રહેતો અને મહાનગરપાલિકામાં સફાઇ કામદાર તરીકે નોકરી કરતો સુનિલ લાખાભાઇ રાઠોડ (ઉ.વ.૪૫) નામનો યુવાન આજે સવારે ૮ વાગે કોઠારીયા રોડ પર નંદાહોલ પાસે સફાઇ કામદાર તરીકેની પોતાની ફરજ પર હતો ત્યારે અચાનક બેભાન થઇ ઢળી પડતા તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જયા ફરજ પરના તબીબે જોઇ તપાસી પ્રાથમિક તારણમાં હાર્ટએટેક આવતા મોત થયાનું જાહેર કર્યુ હતું.આ અંગે ભક્તિનગર પોલીસને જાણ કરતા પોલીસે મૃતદેહ પોસમોર્ટમ અર્થ ખસેડી મોતનું ચોક્કસ કારણ જાણવા જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતક ચાર ભાઇ એક બહેનમાં નાનો અને વોર્ડ નંબર ૧૬માં સફાઇ કામદાર તરીકે નોકરી કરતો હોવાનું સામે આવ્યું છે. તેને સંતાનમાં બે પુત્ર હતા તેને પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં શોકનો માહોલ છવાઈ જવા પામ્યો છે.

# ઘર કંકાસમાં શ્રમિકે ગુપ્તાંગ કાપી ગળા પર છરીના ઘા માર્યા

## પત્ની રિસામણે જતાં દારૂના નશામાં આત્મહત્યાનો પ્રયાસ, ઉપલેટાનો બનાવ

રાજકોટ:

રાજકોટ જિલ્લાના ઉપલેટામાં એક શ્રમિકે આત્મહત્યાનો પ્રયાસ કર્યો છે. શ્રમિકે પોતાના ગુપ્તાંગ કાપી નાખવાની સાથે ગળા, છાતી અને હાથ પર છરીના ઘા માર્યા હતા.આ શ્રમિક છેલ્લા બે વર્ષથી મજૂરી કરતો હતો. પ્રાથમિક વિગતો અનુસાર, પત્ની રિસામણે જતાં તે એકલો રહેતો હતો અને ગૃહકંકાસથી કંટાળી ગયો હતો. ઘટના સમયે તે દારૂના નશામાં હોવાનું પણ જાણવા મળ્યું છે.આ શ્રમિકે ૨૩મી તારીખની રાત્રે આત્મઘાતી પગલું ભર્યું હતું. આ ઘટના બાદ તે લગભગ ૨૪ કલાક સુધી પોતાની ઓરડીમાં લોહીલુહાણ હાલતમાં પડ્યો રહ્યો હતો. બીજા દિવસે સાંજે ૬ વાગ્યાની આસપાસ અન્ય શ્રમિકોનું ધ્યાન જતાં તેને ગંભીર હાલતમાં શોધી કાઢવામાં આવ્યો. સહકર્મીઓએ તાત્કાલિક તેને સારવાર માટે ઉપલેટાની સરકારી હોસ્પિટલમાં ખસેડ્યો. ગુપ્તાંગ કપાયેલું હોવાથી અને ગળાના ભાગે ગંભીર ઈજા હોવાથી તેને વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે રિફર કરવામાં આવ્યો છે.યુવકને સંતાનમાં બે દીકરી અને એક દીકરો છે. હોસ્પિટલથી તેણે "હું જિંદગીથી કંટાળી ગયો છું" તેમ જણાવ્યું હતું. આ બનાવ અંગે રાજકોટ સિવિલ હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતા ઉપલેટા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# ટ્રેન અડફેટે ચડી જતા યુવાનનું મોત, આપઘાતની શંકા

રાજકોટ:રાજકોટના મોરબી રોડ પર રાજલક્ષ્મી સોસાયટી ફાટક પાસે અજાણયો યુવાન ટ્રેન હેઠળ કપાઇ જતા ૧૦૮ના સ્ટાફે મૃત જાહેર કરી બી ડિવિઝન પોલીસને જાણ કરતા જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી તેની ઓળખ મેળવવા તજવીજ હાથ ધરી હતી. દરમિયાન તેની ઓળખ મળતા તે મુળ ધ્રાંગધ્રાનો વતની અને હાલ રાજકોટમાં ગોંડલ ચોકડી પાસે આવેલી રિધ્ધી સિધ્ધી સોસાયટીમાં એકલો રહેતો ગૌતમ મગનભાઈ પરમાર (ઉ.વ.૩૮) હોવાનુ જાણવા મળ્યું હતું. પ્રાથમિક તપાસમાં મૃતક બે ભાઈ એક બહેનમાં નાનો અને મજૂરી કામ કરતો હોવાનું સામે આવ્યું છે. તેને સંતાનમાં બે પુત્રો હોવાનુ જાણવા મળ્યુ છે. મૃતકે ટ્રેન હેઠળ ઝંપવાલી આપઘાત કરી લીધાની શંકાના આધારે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

**યુવતીએ ઘરે ગળાફાંસો ખાઇ આપઘાત કર્યો**

રાજકોટના રૈયાધાર ઈન્દિરાનગરમાં રહેતી પાયલ બચુભાઇ બાંભવા (ઉ.વ.૨૦) નામની યુવતીએ ગઈકાલે સાંજે પોતાના ઘરે ગળાફાંસો ખાઇ લેતા તેને બેભાન હાલતમાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી, પરંતુ સારવાર મળે તે પહેલા તેનુ મોત નિપજ્યુ હતું. બનાવ અંગે યુનિવર્સિટી પોલીસે જરૂરી કાર્યવાહી કરી મૃતદેહ પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી જરૂરી કાર્યવાહી હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં મૃતક પાયલ એક ભાઇ ત્રણ બહેનમાં નાની હોવાનું અને તેના છૂટાછેડા થઇ ગયા હોવાનું સામે આવ્યું છે. બે વર્ષ પહેલા હનુમાન મઢી ચોક પાસે આવેલા બિલ્ડિંગ ઉપરથી કૂદકો મારી આપઘાતનો પ્રયાસ કર્યો હતો જેમાં તેને ગંભીર ઈજા થઇ હોય જેનો દુઃખાવો સહન થતો ન હોવાથી તેણીએ આ પગલુ ભરી લીધાનુ પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે.

# BSNLના હેલ્પરનો ગૃહકલેશથી કંટાળી આપઘાત

રાજકોટ:રાજકોટના પારેવડી ચોક પાસે આવેલા મહાત્મા ગાંધી પ્લોટ શેરી નં.૩માં રહેતા મહેન્દ્રભાઇ મનસુખભાઇ મકવાણા (ઉ.વ.૪૪) નામના યુવાને આજે સવારે પોતાના ઘરે લોખંડના એગલમાં ચુંદડી બાંધી ગળાફાંસો ખાઇ આપઘાત કરી લીધો હતો. બનાવની જાણ થતા બી-ડિવિઝન પોલીસે ઘટનાસ્થળે પહોંચી જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી વધુ તપાસ હાથ ધરી છે. મૃતક મનસુખભાઇ એક ભાઇ એક બહેનમાં નાના અને મ્જીદ્રન્માં હેલ્પર તરીકે નોકરી કરતા હોવાનું અને તેમને સંતાનમાં એક દીકરો અને એક દીકરી હોવાનુ સામે આવ્યું છે. પોલીસની પ્રાથમિક તપાસમાં ગૃહકલેશથી કંટાળી જીવન ટૂંકાવી લીધાનું સામે આવ્યું છે.

# યુવાને ગળાફાંસો ખાઈ લેતાં મોત

રાજકોટ:

રાજકોટના જગન્નાથ પ્લોટમાં રહેતાં યશ લાખાભાઈ વાળા (ઉ.વ.૨૮) નામના યુવાને ગળાફાંસો ખાઇ લેતાં મોત નિપજ્યું હતું. બનાવની જાણ તાલુકા પોલીસને કરવામાં આવતા પોલીસે જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસ તપાસમાં યશ મુળ પોરબંદરનો વતની હોવાનું અને રાજકોટમાં પોતે ચાર વર્ષથી રહી બ્યુટી પાર્લરમાં નોકરી કરતો હતો. યશ ગઈકાલે સાંજે રૂમ પર હતો ત્યારે સાથેના બીજા છોકરાઓને ટીફીન લેવા મોકલ્યા હતાં. આ છોકરા ટીફીન લઈને આવ?યા ત્યારે તે ગળાફાંસો ખાધેલી હાલતમાં મળ્યો હતો. યશ બે ભાઈ બહેનમાં નાનો અને અપરણિત હતો. પરિવાર જયારે લગ્નનું કહે ત્યારે તે કહેતો કે પહેલા મારે કારકિર્દી બનાવવી છે પછી લગ્ન કરીશ. જો કે આપઘાત ક્યાં કારણોસર કર્યું તે જાણવા ન મળતા પોલીસ મૃતદેહ પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી મોતનું ચોક્કસ કારણ જાણવા જરૂરી કાર્યવાહી હાથ ધરી છે.